

બલ્ગેરિયામાં ડિવાઈડર સાથે અથડાતા બસમાં આગ ભભૂકી, 45 લોકો ભડથું

PAGE NO. 18

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING , SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
For Sellers: Free Home Staging Consultation, Professional Photography & Virtual Tour, Attractive Advertising, Social Media Marketing, Customized Feature Sheet, Weekly Open House, Assist in Mortgage & Legal Services
For Buyers: Team of Strong Mortgage Brokers, Team of Lawyers, Professional Home Inspectors, Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH Sales Representative Dr: 647-995-5640
KOMAL SHAH Sales Representative Dr: 647-624-5640
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 26 NOVEMBER, 2021 Vol. 18, No. 48 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

# 53 દેશમાં ત્રીજી લહેરના સંકેત, નવો વેરિઅન્ટ મળ્યો

## સાઉથ આફ્રિકાના વૈજ્ઞાનિકોને વેરિઅન્ટ બી 1.1.529ના 22 કેસ મળ્યા, 7 લાખથી વધુ લોકો સંક્રમિત થવાની દહેશત

**નવી દિલ્હી**

કોવિડની ત્રીજી લહેરની આશંકા વચ્ચે કોરોનાનો નવો વેરિઅન્ટ મળ્યો છે. દક્ષિણ આફ્રીકાના વૈજ્ઞાનિકોનો દાવો છે કે, કોરોના સંક્રમણના વધતા જતા કેસ વચ્ચે મલ્ટીપલ મ્યુટેશન સાથે નવો કોરોના વેરિઅન્ટ મળ્યો છે. આ પહેલાં ડબ્લ્યૂએચઓ (WHO)ની યૂરોપ ઓફિસ દ્વારા આગામી થોડા દિવસોમાં કોવિડ 19થી હજારો લોકોના મોત થવાની આશંકા વ્યક્ત કરાઈ હતી. નેશનલ ઈંસ્ટીટ્યૂટ ફોર કોમ્યુનિકેબલ ડિજીજ દ્વારા આપવામાં આવેલી જાણકારી અનુસાર વૈજ્ઞાનિક આ નવા કોરોના વેરિઅન્ટના સંભવિત પ્રભાવોને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જીનોમિક સીકેંસિંગ બાદ ખબર પડે છે કે વેરિઅન્ટ બી 1.1.529 અત્યાર સુધી 22 કેસ આવી ચૂક્યા છે. આ પહેલાં પણ દક્ષિણ આફ્રિકામાં કોરોના વેરિઅન્ટ મળી આવ્યા છે. ગત વર્ષે દક્ષિણ આફ્રીકામાં સૌથી પહેલાં કોરોનાના બીટા વેરિઅન્ટની ખબર પડી હતી. આ વર્ષની શરૂઆતમાં દક્ષિણ આફ્રીકામાં કોરોના વેરિઅન્ટ સી.1.2 શોધી કાઢવામાં આવ્યો હતો.

બીજી તરફ તાજેતરમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન ના યૂરોપ ઓફિસે કહ્યું હતું કે પૂર્વાનુમાનો અનુસાર 53 દેશોમાં આગામી વસંત સુધી કોરોના વાયરસ મહામારીથી સાત લાખ લોકો સંક્રમિત થવા સાથે અનેક લોકોના મોત થઈ શકે છે. ડબ્લ્યૂએચઓ યૂરોપની યૂરોપ ઓફિસ ડેનમાર્કની રાજધાની કોપેનહેગનમાં છે. કોરોનાના કેસ વધવાની આશંકા વચ્ચે WHO એ કહ્યું કે નબળી ઈમ્યુનિટીવાળા, 60 વર્ષથી વધુ ઉમરના લોકો અને સ્વાસ્થ્યકર્મીઓ સહિત સૌથી વધુ સંવેદનશીલ વસ્તીને રસીનો બૂસ્ટર ડોઝ આપવાની કામગીરીને સૌ દેશે પ્રાથમિકતા આપવી જોઈએ.





## અમેરિકામાં સપ્તાહમાં જ 1.42 લાખ બાળકો કોરોના સંક્રમિત

ગયા સપ્તાહે 11 થી 18 નવેમ્બરની વચ્ચે 1 લાખ 41 હજાર 905 બાળકોમાં કોરોનાના સંક્રમણની પુષ્ટિ થઇ છે. રિપોર્ટના મતે બાળકોમાં સંક્રમણની ગતિમાં ગયા સપ્તાહની તુલનામાં 32 ટકાનો વધારો થયો.છે આંકડા બતાવે છે કે અમેરિકામાં ગયા સપ્તાહે મળેલા સંક્રમણના એક તૃત્યાંશ કેસ બાળકો સાથે જોડાયેલા છે. અમેરિકામાં બાળકોની વસતી 22 ટકા છે. કોરોના મહામારીની ઝપટમાં 3 ટકાથી ઓછા બાળકો આવ્યા છે તેમના મતે 68 લાખથી વધુ બાળકો સંક્રમણની ઝપટમાં આવી ગયા છે. સેન્ટર ફોર ડિસીસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી)ના મતે ઓક્ટોબરમાં 5 થી 11 વર્ષના 8300 બાળક સંક્રમણ થયા બાદ હોસ્પિટલમાં દાખલ થયા. તેમાંથી 172ના મોત થયા છે. સીડીસીએ કહ્યું કે મહામારી ઝડપથી ફેલાતા 2300 સ્કૂલોને બંધ કરી દેવાઇ છે. દરમિયાન બુધ અને ગુરુવારે અમેરિકામાં 1 લાખથી વધુ નવા કેસ નોંધાયા હતા.

## અંબાણીને પછાડીને અદાણી એશિયાના સૌથી અમીર બન્યા

**મુંબઈ**





અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પાછળ છોડી એશિયાની સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. તેઓ ગ્રુપ માર્કેટ કેપના આધારે મુકેશ અંબાણીને પાછળ છોડતાં સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી જૂન ૨૦૧૫થી સૌથી અમીર ભારતીયના પદ પર હતા. બુધવારે શેરબજારમાં અદાણી ગ્રુપના શેર્સમાં શાનદાર તેજી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ઘટાડાને પગલે ગૌતમ અદાણી એશિયાના નંબર વન અમીર બની ગયા છે. બ્લૂમબર્ગ બિલિયનેયર્સ ઈન્ડેક્સ મુજબ, મંગળવાર (૨૩ નવેમ્બર) સુધી મુકેશ અંબાણીની કુલ સંપત્તિ ૯૧૦૦ કરોડ ડોલર હતી, જ્યારે અદાણીની કુલ સંપત્તિ ૮૮૮૦ કરોડ ડોલર હતી, જે અંબાણી કરતા ૨.૪ ટકા ઓછી હતી. જોકે, બુધવારે આરઆઈએલના શેર્સમાં ૧.૭૨ ટકાનો ઘટાડો આવ્યો, જ્યારે અદાણી ગ્રુપની મોટાભાગની કંપનીઓના શેરમાં તેજી આવી, જેથી ગૌતમ અદાણી ટોચ પર પહોંચી ગયા.

અદાણી એન્ટરપ્રાઈઝીસના શેરમાં ૨.૩૪ ટકા, અદાણી પોર્ટસ અને સ્પેશયલ ઈકોનોમિક ઝોનના શેર્સમાં ૪ ટકાની તેજી આવી. આજના વધારા સાથે આ બંને કંપનીઓનું માર્કેટ કેપ લગભગ ૩.૫ લાખ કરોડ રૂપિયા છે. રિપોર્ટ મુજબ, ગત ૨૦ મહિનામાં ગૌતમ અદાણીની કુલ સંપત્તિમાં ૧૮૦૮ ટકા એટલે કે ૮૩૮૯ કરોડ યુએસ ડોલરથી વધુનો વધારો થયો છે. આ ગાળામાં મુકેશ અંબાણીની કુલ સંપત્તિમાં ૨૫૦ ટકા એટલે કે ૫૪.૭ અબજ ડોલરનો વધારો થયો.

ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

જનરલ હેલ્પ / રસોઇ કામમાં બહેનોના હેલ્પની જરૂર છે.
ઈટોબીકોક એરિયામાં ગુજરાતી બહેનોની રસોઈ કામ માટે (જનરલ હેલ્પ / રોટલી બનાવવા માટે) જરૂર છે.
કામ ઇચ્છતાં બહેનોને વધારે જાણકારી માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.
# 647-839-5649

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1


# બાળકો માટેની રસીનો જથ્થો પહેલી વખત કેનેડા પહોંચ્યો

**ઓન્ટેરિયો**

બાળકો માટે કોવિડ-19ની રસીનો જથ્થો પહેલી વખત રવિવારે સાંજે કેનેડામાં હેમિલ્ટન ખાતે આવી પહોંચ્યો હતો. આ રસી ફાયઝર બયોનટેકે વિકસાવી છે અને 5-11 વર્ષની ઉંમરના બાળકોને આ રસી આપી શકાશે. કેન્દ્ર સરકાર અને ફાર્માસ્યુટિકલ્સની ગંજાવર કંપનીએ 2.9 મિલિયન ડોઝ આ સપ્તાહના અંત સુધી તૈયાર કરવા માટે સહમતી દર્શાવી છે. હેલ્થ કેનેડાએ આ રસીને માન્યતા આપ્યા બાદ તેનો પુરવઠો ઝડપથી કેનેડામાં આવી રહ્યો છે. રોઝમેરી બાર્ટન કે જે કેનેડાની ફાયઝર બાયોટેકના હેડ છે, તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, ક્લિનિકલ ટ્રાયલ પહેલી વખત કરવામાં આવ્યું હતુ, ત્યારે કોવિડ-19ની રસીની અસરકારકતા 91% જોવા મળી હતી અને નક્કી કરેલા વયજૂથના લોકો માટે આ રસી દેશભરમાં આ સપ્તાહના અંત સુધી પહોંચાડી દેવામાં આવશે. આ ટ્રાયલમાં 4600 બાળકો ઉપર ટ્રાયલ કરવામાં આવ્યું હતું.

## 12 વર્ષથી નાના બાળકોને પહેલી વખત કોવિડની રસી મુકાઇ

### અનેક રાજ્યોએ રસીકરણની યોજના ઘડી કાઢી, ક્યૂબેકમાં 80000 બાળકોનું રસીકરણ માટે રજીસ્ટ્રેશન કરાયું



**ક્યૂબેક** : કેનેડામાં રાષ્ટ્રીય ધોરણે ટોરોન્ટોના પબ્લિક હેલ્થ અને શહેરની માંદા બાળકો માટેની હોસ્પિટલોએ સાથે મળીને 10 બાળકોને રસી મૂકી રસીકરણના અભિયાનની શરૂઆત કરી હતી. ટોરોન્ટોના મેડિકલ ઓફિસર ડો. એલીન ડી. વિલાએ જણાવ્યું હતું કે, આપણે કોવિડ-19ની સામે વધુ એક હથિયાર મળ્યું છે, તે માટે ખુશ થવું જોઈએ અને રાહત અનુભવવી જોઈએ. ગત સપ્તાહે હેલ્થ કેનેડાએ જાહેરાત કરી હતી કે, તેમને 5-11 વર્ષની વયના બાળકો માટે ફાયઝર બાયોટેકના ડોઝને મંજૂરી આપી છે. જે અન્ય વય જૂથના લોકોને આપવામાં આવે છે, તેના કરતા તેનુ કદ એક તૃતીયાંશ ઓછું છે. અનેક રાજ્યોએ બાળકોના રસીકરણ માટે કાર્યક્રમ ઘડી કાઢ્યો છે. ક્યૂબેકમાં 80000 બાળકોના રસીકરણ માટે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. પહેલા જ દિવસે આટલી મોટી સંખ્યામાં નોંધણી થઇ હતી. 29મી નવેમ્બરથી સ્કૂલોમાં રસી મુકવાનું કામ શરૂ કરી દેવાશે.

# ટોરોન્ટો સત કૈવલ જ્ઞાન સોસાયટી દ્વારા અન્નકુટ મહોત્સવની રંગેચંગે ઉજવણી

### શુભકામના પાઠવાયા બાદ ભજન, ધાર્મિક પ્રવચન "આંકુત થલ" અને આરતી થઇ

**ટોરોન્ટો**

ટોરોન્ટો સ્થિત શ્રી સત કૈવલ જ્ઞાન સોસાયટી દ્વારા અંકુટ મહોત્સવ 2021ની રંગેચંગે ઉજવણી થઈ હતી. આ તકે સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. ટોરોન્ટોની શ્રી સત કૈવલ જ્ઞાન સોસાયટી દ્વારા 2019 પછી ટોરોન્ટોના શ્રી રાધા કૃષ્ણ મંદિરના પવિત્ર સ્થાન પર અંકુટ મહોત્સવનું આયોજન આ વર્ષે કરાયુ હતુ.

જેમાં હાજર રહેલા સૌને નવા વર્ષની શુભકામના પાઠવવામાં આવ્યા બાદ ભજન, ધાર્મિક પ્રવચન "આંકુત થલ" અને આરતી થઈ હતી. ભક્તો અને અન્ય શુભેચ્છકોએ પ્રેમ અને સ્નેહથી ઘરે બનાવેલી શાકાહારી પરંપરાગત વાનગીઓ શ્રી કરુણા સાગર મહારાજ અને પ.પૂ. શ્રી અવિચલદાસજી



મહારાજના ફોટા સામે ધરાવાઈ હતી. આ અવસરે ભક્તોએ પ્રાર્થના રૂપે આરતી કરીને આશીર્વાદ મેળવ્યા હતા. સ્વાદિષ્ટ રાત્રિ ભોજન અને અંકુટનો પ્રસાદ લઈ સૌએ ધન્યતા અનુભવીને એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ આપી હતી.

# ટોરોન્ટોથી કોટેજ કન્ટ્રી સુધીના નવા રેલવે માર્ગનું પરીક્ષણ થયું

### 13 સ્ટોપ ધરાવતી ટ્રેન વોશગો, ગ્રેવનહર્સ્ટ અને બ્રેસ્ટ બ્રીડજ જેવા સ્થળે થોભશે

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોએ ટોરોન્ટોના નીચાણવાળા વિસ્તારમાંથી કોટેજ કન્ટ્રી તરફ આવવા માટે એક નવા રેલ માર્ગનું પરીક્ષણ કર્યું છે. ઓન્ટેરિયો નોર્થલેન્ડે યુનિયન સ્ટેશનથી નોર્થ બે તરફ જતા એક નવા માર્ગનું સોમવારના દિવસે પરીક્ષણ કર્યું હતુ. આ પરીક્ષણ દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ નોર્થ ઈસ્ટર્ન ઓન્ટેરિયો ખાતે પહોંચ્યા હતા. પ્રાયોગિક ધોરણે સોમવારે આ ટ્રેન નોર્થ બેથી ટોરોન્ટો પાછી આવી હતી. આ ટ્રેનમાં નીપિસિંગ એમપીપી વિક ફેડેલીએ પણ ઉત્તર ઓન્ટેરિયોના મેયર સહિત અન્ય સાત લોકો સાથે આ ટેસ્ટ રનમાં ભાગ લીધો હતો.

મે મહિનામાં ઓન્ટેરિયોની સરકારે ઉત્તર ઓન્ટેરિયોંથી ગ્રેટર ટૉરન્ટોને જોડતા એક રેલ-માર્ગની માહિતીની જાહેરાત કરી હતી. 13 સ્ટોપ ધરાવતી આ ટ્રેન વોશગો, ગ્રેવનહર્સ્ટ અને બ્રેસ્ટ બ્રીડજ જેવા સ્થળે થોભશે. 2012 સુધી આ રેલમાર્ગનો ઉપયોગ થતો ન હતો. પરંતુ સરકારે આ રેલમાર્ગ માટે એક ચોક્કસ સમયનો કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો અને તે નવા કાર્યક્રમ મુજબ કામ કરતો થઈ ગયો છે.

# કાદવ અને પૂરના તોફાન પછી દક્ષિણ બીસીમાં રેલ વ્યવહાર ફરી શરૂ થયો

### વાનકુંવર અને કામલૂપ વચ્ચે આકસ્મિક ઘટના ન બને તે માટે તકેદારી રખાઇ

**ટોરોન્ટો**

કેનેડિયન નેશનલ રેલવેએ જણાવ્યું હતું કે, પૂર બાદ આવેલા કાદવના તોફાનથી ધોવાઈ ગયેલા રેલવે ટ્રેકને ફરીથી વ્યવસ્થિત કરી બ્રિટિશ કોલંબિયામાં મર્યાદિત પ્રમાણમાં રેલવે વ્યવહાર ફરી ચાલુ કરી દેવામાં આવ્યો છે. રેલ રોડ વ્યવસ્થાની સંચાલક કંપનીએ જણાવ્યું હતું કે, બ્રિટિશ કોલંબિયાથી વેન કુંવર અને કામલૂપ વચ્ચે કોઈ આકસ્મિક ઘટના ના બને એને ધ્યાનમાં લઇ બુધવારથી મર્યાદિત પ્રમાણમાં ફરીથી રેલ વ્યવહાર શરુ કરી દેવામાં આવ્યો છે. કેનેડિયન સ્પેસિફિક રેલવે લિમિટેડે સોમવારે જણાવ્યું હતું કે, તેઓ મંગળવારથી ટ્રેન શરુ કરશે અને શરૂઆતમાં માલના ભરાવાનો નિકાલ કરશે. સીઝનના વરસાદ અને ભુસ્ખલનના કારણે દેશની બે સૌથી મોટી રેલવે સેવાઓ બંધ પડી ગઈ હતી અને તેને ભારે નુકસાન થયું હતું. પરંતુ લાઇનનું સમારકામ કરવા માટે અનેક મોટી સંખ્યામાં કામદારો 24 કલાક કામ કર્યુ છે. કેનેડામાં વેનકુંવર અને બ્રિટિશ કોલંબિયાના ઓકેનગન સુધી રેલ વ્યવહાર શરુ કરવામાં આવશે. મળતા અહેવાલો પ્રમાણે પ્રિન્સ રૂપર્ટ બંદર ફરીથી ચાલુ થઇ ગયું છે અને ઉત્તર બ્રિટિશ કોલંબિયાથી પ્રિન્સ રૂપર્ટ બંદર પર માલ સતત પહોંચાડાઇ રહ્યો છે.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits


Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

THINKING OF
BUYING, SELLING OR INVESTING?
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
મોર્ટગેજ જોઇયે છે? અમે મદદ કરી શકીએ છીએ!
CALL 416 893 4585 TODAY!!!
SUBHRO CHAKRABORTY SALES REPRESENTATIVE
SUDHIR PARMAR SALES REPRESENTATIVE



Call us TODAY for all of your Real Estate needs and get honest, reliable and professional Service you can count on.
* Residential
* New Construction
* Investment
* Commercial

MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER - TEAM LEADER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC
#1 RE/MAX
REALTOR

# મીડલેન્ડ ઓન્ટેરિયોના ગુજરાતી પરિવારો દ્વારા દિવાળીનું સ્નેહમિલન

## ડીજે સાથે ગીતો અને ગરબામાં સભ્યો મન મુકી ઝૂમ્યા : બાળકો દ્વારા ગીતો અને નૃત્ય રજુ કરવામાં આવ્યા

**ઓન્ટેરિયો**

મીડલેન્ડ ઓન્ટેરિયોના ગુજરાતીઓ દ્વારા સૌપ્રથમ વખત ગણપતિ મહોત્સવ, ગરબા તથા દિવાળી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રોગ્રામનું આયોજન સ્થાનિક વેપારીઓ દ્વારા Brooklea Golf Club, Midland, ON ખાતે કરાયુ હતુ.

જેમાં સ્થાનિક લોકોએ પણ સાથ આપ્યો હતો. નિલેષભાઈ, દિવ્યેશભાઈ, એ જે દેસાઈ, જાઝભાઈ, રાહુલભાઈ, કુણાલ-અંકુર, મહેન્દ્રભાઈ તથા અજીત પટેલ અને સ્વયંસેવકો દ્વારા આયોજીત કાર્યક્રમમાં સિમોક નોર્થના એમપી એડમ ચેમ્બર્સ પોતાના પરિવાર સાથે પધાર્યા હતા. બીજા સ્થાનિક લોકો અને ઓરિલિયાથી મેસનજી તથા દેવલ બ્રહ્મભટ્ટે પણ હાજરી આપી હતી. મહિલા









ગ્રુપ દ્વારા સ્ટેજ ડેકોરેશન કરવામાં આવ્યું હતું. જ્યારે સચિનભાઈ જોષીએ ડીજે તથા લાઈવ ગીતો અને ગરબાથી લોકોને આનંદ અપાવ્યો હતો. અજીત પટેલે એન્કરીગ- હોસ્ટીઞ સંભાળ્યુ હતું અને જોક્સ-મીમીક્રી દ્વારા લોકોને ખડખડાટ હસાવ્યા હતા. બાળકો દ્વારા ગીતો અને નૃત્ય રજુ કરવામાં આવ્યા હતા. જ્યારે વૈશાલીબેન અને નિલ્પાબેને જુદી જુદી રમતો રમાડી સૌને આનંદ કરાવ્યો હતો.

આયોજકો, સૌ સ્વયંસેવકો અને અન્ય કાર્યકર્તાઓનો અંતે હાજર સૌએ પણ આભાર માન્યો હતો. અંતે ભવિષ્યમાં આવી જ રીતે બધા સાથે મળીને જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો કરતા રહીશુ અને અહીં પણ ભારતીય પરંપરા જાળવી રાખીશું તેવી આશા વ્યક્ત કરી સૌ છુટા પડ્યા હતા.

# ક્રિસમસ ટ્રીની તંગીને કારણે કેનેડામાં ખેડૂતોને મોટો લાભ મળવાની આશા

## સૂકું હવામાન અને ભારે બરફ પાડવાને કારણે નોંધપાત્ર પાક નિષ્ફળ ગયો

**ટોરોન્ટો**

ક્રિસમસ ટ્રીની તંગીને ધ્યાનમાં લઈ કેટલાક ખેડૂતોને આ વર્ષે ટ્રી ખરીદનારાઓની સંખ્યા વધુ રહેવાની આશા છે. થોમસ ટ્રી ફાર્મ જે ઓન્ટોરિયાના નોર્થ ગોવર ખાતે આવેલુ છે, તેના ભાગીદાર ક્રિસ્ટિન થોમસ કહે છે કે, મેં અને મારા પતિએ સપ્તાહના અંતે ક્રિસમસ ટ્રી વેચવાની શરૂઆત કરી હતી.

જે સામાન્ય સમય કરતા મોડી શરૂઆત હતી. કારણ કે, અમને આશા હતી કે ગ્રાહકો તંગીને ધ્યાનમાં લઈને ક્રિસમસ ટ્રી ખરીદવા માટે ધસારો રહેશે અને અમે બહુ જલ્દીથી તેનું વેચાણ કરવા ઈચ્છતા નહોતા. પહેલા સપ્તાહમાં જ અમને અસાધારણ ધસારાનો અનુભવ થયો હતો. કારણ કે દરેક વ્યક્તિ ક્રિસમસ ટ્રીની ખરીદી જેમે બને તેમ જલ્દી કરવા ઈચ્છતી હતી. રોગચાળા દરમિયાન ટોયલેટ પેપરની તંગી સર્જાઈ હતી. તેના જેવી આ ઘટના છે.

ક્રિસમસ ટ્રી પણ આ વખતે ટોયલેટ પેપરની જે તંગી સર્જાઈ હતી તેવી પરિસ્થિતિનું સર્જન કરશે. આ તંગી ઉભી થવાનું કારણ માંગમાં વધારો થયો છે અને વિષમ હવામાનના કારણે ઉત્પાદન ઘટ્યું છે એમ ઓન્ટેરિયો ખાતેના ક્રિસમસ ટ્રી ફાર્મરે જણાવ્યું હતું.

કેનેડિયન ક્રિસમસ ટ્રીની ઈન્ડસ્ટ્રી વર્ષ 2015માં 53 મિલિયન ડોલર સુધી પહોંચી હતી. જે 2020માં 100 મિલિયન ડોલર સુધી પહોંચી હતી. થોમસ અને બ્રેનાને જણાવ્યું હતું કે, ક્રિસમસ ટ્રીને તેની યોગ્ય ઊંચાઈ મેળવતા 8-10 વર્ષનો સમય લાગે છે. તેથી હાલમાં જે માંગ નીકળી છે તેને પહોંચવું અશક્ય છે. તંગીના સમયે તેની વાવણી કરવામાં આવે તો તે તાત્કાલિક વેચાણ માટે તૈયાર થઈ શકે નહિ. આ કોઈ એવી વસ્તુ નથી કે, તમે વધુને વધુ ટ્રીનું ઉત્પાદન કરી શકો. સ્થાનિક ખેડૂતો માંગને ધ્યાનમાં રાખીને પોતાનો પુરવઠો જેમ બને તેમ મોડો વેંચવા ઈચ્છે છે.

ફાર્મ ઓસગુડના માલિક ડેન કહે છે કે સૂકું હવામાન અને ભારે બરફ પાડવાને કારણે સારો એવો પાક આ વખતે નિષ્ફળ ગયો છે. મારી પાસે સારી ગુણવતા વાળા ટ્રી નથી. તેથી તેનું વેચાણ કરવાનો કોઈ અર્થ નથી. મારી પાસે ઉભેલા ટ્રી કાપવા માટે માણસો નથી. 1976થી તેઓ આ વ્યવસાયમાં કામ કરી રહ્યા છે.

# દક્ષિણ-પશ્ચિમ ન્યુ ફાઉન્ડલેન્ડનો ટ્રાન્સ કેનેડા હાઇવે સંપૂર્ણ ધોવાયો

## વરસાદને કારણે રેલ-રોડ વ્યવહારને ભારે નુકસાન થયું હતું

**ઓન્ટેરિયો**

ચેનલ પોર્ટ ટાઉન બેસ્કિવસ ન્યુ ફૌન્ડલેન્ડથી બંને બાજુથી જુદું પડી ગયું છે. આ વિસ્તારમાં વરસાદને કારણે રેલ-રોડ વ્યવહારને ભારે નુકસાન થયું હતું. તે વ્યવસ્થિત કરી દેવાતા મંગળવારે તેના પર અવર-જવર ફરીથી ચાલુ કરી દેવામાં આવી હતી.

રાજ્યના સતાવાળાઓએ જણાવ્યું હતું કે, ઉતરની દિશામાં 5 કી.મી. અને દક્ષિણ દિશામાં 2 કી.મી.નો રસ્તો સંપૂર્ણ ધોવાઈ ગયો હતો. બુધવારે બપોરે બનેલા આ બનાવના કારણે વાહન-વ્યવહાર ખોરવાઈ ગયો હતો. શરૂઆતમાં ટ્રાન્સપોર્ટેશન ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, કોડ્રોઈ વેલી એરિયાનો ટ્રાન્સ કેનેડા હાઈવે ડૉયલ્સ પાસેથી બંને દિશાએથી ધોવાઈ ગયો હતો. આ બંને રસ્તાઓ આ ટાપુને બીજા વિસ્તારો સાથે જોડવામાં મહત્વનો ભાગ ભજવે છે. વાહન-વ્યવહાર ખાતાએ જણાવ્યું હતું કે, હજુ પણ કેટલાક રોડ બંધ રાખવામાં આવ્યા છે.

એન્વાયોરનમેન્ટ કેનેડાએ કહ્યું હતું કે પોર્ટ ઓક્સ બેસ્કિવસ ખાતે 150 મી.મી. જ્યારે તેની નજીકના કોડ્રોઈ ખાતે 200 મી.મી. વરસાદ પડ્યો હતો. દક્ષિણ લાબ્રાડોરના રેડબે ખાતે પણ રસ્તાઓ ધોવાઈ જવાના કારણે વ્યવહાર બંધ થઈ ગયો હતો. ટ્રેસી હિલ તરફ જતો ટ્રેસી રોડ પણ બીજી સૂચના ના મળે ત્યાં સુધી બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો. જ્યારે નોર્થ બ્રુકના રોડને નુકસાન થયું છે પરંતુ કામચલાઉ ચાલુ રાખવામાં આવ્યો છે.

# પરિવહન ઉદ્યોગમાં ડ્રાઇવરોની તંગી હવે સૌથી મોટી સમસ્યા

» માર્ચ 2022 સુધીમાં કેનેડામાં 18000 ટ્રક ડ્રાઇવરોની જરૂર પડશે

**ઓટ્ટાવા**

કેનેડામાં પુરવઠા હરોળમાં ટ્રકના ડ્રાઈવરોની તંગી ઉભી થતા ભારે વિક્ષેપ પડ્યો છે. ડ્રાઈવરોની આ તંગી સમગ્ર કેનેડામાં અનુભવાઈ રહી છે. આ એક રાષ્ટ્રીય સમસ્યા બની ગઈ છે એમ કેનેડિયન ટ્રકિંગ એલાયન્સના અધ્યક્ષ સ્ટીફન લાસ્કોવસ્કીએ જણાવ્યું હતું.

માર્ચ 2022 સુધીમાં કેનેડામાં આશરે 18000 ટ્રક ડ્રાઈવરોની જરૂર પડશે એમ ટ્રકિંગ એચઆર કેનેડા તરફથી એકત્ર કરવામાં આવેલા અહેવાલમાં નોંધવામાં આવ્યુ છે. લાસ્કોવસ્કીએ વધુમાં ઉમેર્યું હતું કે, 2023માં ડ્રાઈવરોની તંગી આકાશને આંબતી થઈ જશે અને એક અંદાજ મુજબ 55000 ડ્રાઈવરોની જરૂરત ઉભી થશે. કેન્દ્ર સરકારે નવી પ્રતિભાઓને આકર્ષવા માટે વધુ આકર્ષક નીતિ અપનાવવી પડશે. આપણે અર્થતંત્ર ઉપર તેની શું અસર થાય છે. તે ધ્યાનમાં લઈને જેઓ ટ્રક ડ્રાઈવર બનવા ઈચ્છતા હોય તેમને તાલીમ આપવામાં મદદ કરવી જોઈએ. લાસ્કોવસ્કીએ કહ્યું હતુ કે, રોગચાળા દરમિયાન પરિવહન ઉદ્યોગમાં એક તરફી નિવૃત્તિ અને સ્વૈચ્છિક નિવૃત્તિનું ભારે પ્રમાણ રહ્યું હતું. જેના કારણે હાલમાં આ ઉદ્યોગને ડ્રાઈવરની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં નોકરીમાં સ્થાયી સગવડતા અને લાભ મળવાના કારણે પણ ડ્રાઈવરોની તંગી જોવા મળે છે. રોટમેન્ટ્સ સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, યુનિવર્સીટી ઓફ ટોરોન્ટો અને કેનેડિયન નેશનલ ચેયર ઓફ સ્ટ્રેટેજીક માર્કેટીંગના પ્રાધ્યાપક ડેવિડ સોબરમેને જણાવ્યું હતુ કે, જે અરજીઓ મળે છે તે અરજદારોની ગુણવતા આવશ્યકતા મુજબની હોતી નથી અને તેમનામાં તાલીમનો અભાવ હોવાને કારણે પોતાનું કામ તાત્કાલિક શરુ કરી શકતા નથી.

# મહા-રોગચાળા પર નિયંત્રણ રાખવા સાથે અર્થતંત્રને ધબકતુ કરવા લિબરલનું વચન

## સમગ્ર દેશમાં આરોગ્ય સુવિધાના વધુ મજબૂત બનાવવા યોજના ઘડાશે

**ઓન્ટેરિયો**

લિબરલસે મહા-રોગચાળા ઉપર નિયંત્રણ, જલવાયુ પરિવર્તની સામે સંઘર્ષ અને અર્થતંત્રને ફરીથી ધબકતું કરવા વચન આપ્યું છે.

લિબરલ સરકારે કોવિડ રોગચાળાનો નાશ કરવા, અર્થતંત્રને ફરીથી બેઠું કરવા તથા જળ-વાયુ પરિવર્તન સામે લડવા તેમજ બાળકો નવી આરોગ્ય વ્યવસ્થા પુરી પાડવા માટે જાહેરાત કરી હતી. આ સાથે જ સ્થાનિક લોકોને વધુ લાભ આપવા પણ સધિયારો અપાયો હતો. ગવર્નર જનરલ મેરી સિમોન કેનેડાની પ્રથમ મૂળ નિવાસી ગવર્નર જનરલ છે. તેમણે પોતાના એક પ્રવચનમાં જાહેરાત કરતા કેન્દ્ર તથા મૂળ નિવાસીઓ વચ્ચેના સંબંધોને વધુ પ્રગતિશીલ બનાવવા પર ભાર મુક્યો હતો. સીમોને જણાવ્યું હતું કે, મેં જોયું છે કે, કેનેડિયનો મૂળ વતનીઓ તરફ કેવી પ્રતિબદ્ધતા ધરાવે છે, તે જોઈ શકાય છે. લોકો આપણા ઈતિહાસ, સંસ્કૃતિ અને ભાષા પર વધુ ભાર આપી રહ્યા છે અને ફરીથી તેના તરફ વળી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે, આરોગ્ય સબંધી વ્યવસ્થા અને જળવાયું પરિવર્તન તથા નિવાસી સ્કૂલના વિકાસ પર ધ્યાન આપવા વિશે સરકાર ગંભીર બની છે. સરકાર મહા-રોગચાળાને નાબૂદ કરવા પર ખાસ ધ્યાન આપી રહી છે. આરોગ્ય સંબંધી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની જરૂરત છે.

### સબસ્ટેન્સિવ ઇક્વાલિટી ઓફ ફ્રેન્ચ એન્ડ ઈંગ્લીશના કાયદાનો ફરીથી અમલ કરવો જરુરી

**સરકારે** સૂચિત સબસ્ટેન્સિવ ઇક્વાલિટી ઓફ ફ્રેન્ચ એન્ડ ઈંગ્લીશના કાયદાને ફરીથી અમલમાં મુકવા જોઈએ. આ વર્ષની શરૂઆતમાં લિબરલ સરકારે ડિજિટલ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા ફ્રેન્ચ કરતા ઈંગ્લીશ ભાષાને વધુ મહત્વ આપ્યું હતું, તેના સ્થાને હવે ફરીથી રાઈટ ટુ વર્ક ઈન ફ્રેન્ચ ઈન ફેડરલ કાયદો લાવવાની જરૂરત છે, જ્યાં 50થી વધુ કર્મચારીઓ કામ કરતા હોય ત્યાં આ કાયદાનો અમલ ફરજીયાત થવો જોઈએ. કેનેડાની સંસ્કૃતિ અને રચનાત્મક ઉદ્યોગને ટેકો આપવા માટે સરકાર એક કાયદો નવા સુધારા સાથે અમલમાં લાવશે. આ માટે બ્રોડ કાસ્ટિંગ એક્ટમાં સુધારો કરવામાં આવશે.

તંત્રી સ્થાનેથી

# કૃષિ કાયદાઓ રદ : ખેડૂતોની મક્કમતા સામે સરકાર નમી

ગયા વર્ષે નવેમ્બરમાં પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના ખેડૂતોએ મોદી સરકારે બહુમતિના જોરે સંસદમાં પસાર કરેલા 3 કૃષિ કાયદાનો વિરોધ કરતા આંદોલનનું રણશિંગુ ફુંકી દીધુ હતુ. હજારો ખેડૂતોએ દિલ્હી જઈને ધરણા શરુ કરતા ૨૬ નવેમ્બરથી આંદોલનની શરૂઆત થઈ હતી.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

અનેક રાજ્યોની પોલીસે ખેડૂતોને દિલ્હી પહોંચતા રોકવા માટે પ્રયાસ કર્યાં. શિયાળાની ઠંડીમાં ખેડૂતો ઉપર વોટરકેનન દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવ્યો. પરંતુ ખેડૂતોનો જુસ્સો ન ઘટયો અને તેઓ દિલ્હી તરફ આગળ વધ્યાં. દિલ્હીની સરહદે પહોંચ્યા બાદ પોલીસે તેમને દિલ્હીમાં પ્રવેશતા રોક્યાં ત્યારે ખેડૂતો દિલ્હીની બોર્ડર ઉપર જ ધરણા કરવા લાગ્યાં. એ પછી ઠંડી, કોરોના અને અન્ય કારણોસર આશરે 721 જેટલા ખેડૂતોના મૃત્યુ પણ નીપજ્યાં ત્યારે હવે ખેડૂતોનું આંદોલન ફળ્યું છે.

કૃષિ કાયદાને લઈને સરકારના વલણ ઉપર શરૂઆતથી સવાલ થઈ રહ્યાં હતાં. સૌથી પહેલા ગયા વર્ષે પાંચ જૂને સરકાર ત્રણ વટહુકમ લાવી હતી. જો કે, તે પછી સંસદના મોનસૂન સત્રમાં સરકારે બિલ તરીકે રજૂ કર્યાં. લોકસભામાં તો ભાજપ પાસે બહુમતિ હતી એટલા માટે બિલો પસાર કરાવવામાં કોઈ અડચણ ન આવી પરંતુ રાજ્યસભામાં સરકાર પાસે બહુમતિ ન હોવાના કારણે બિલ પસાર થવામાં અડચણ આવવાની શક્યતા હતી. જોકે ભારે હોબાળા વચ્ચે કૃષિબિલ રાજ્યસભામાં ધ્વનિમતથી પસાર થઈ ગયાં.

નવા કૃષિ કાયદા વિશે સરકારનો દાવો હતો કે, એ ખેડૂતોના હિતમાં છે. જયારે સરકારનું કહેવું હતું કે, નવા કૃષિ કાયદા દ્વારા ખેડૂતો પર લાગેલા બંધનો દૂર થશે અને તેમને ખેતપેદાશોની વધારે સારી કિંમત મેળવવામાં સરળતા રહેશે. પરંતુ ખેડૂતોની દલીલ હતી કે આ કાયદા માર્કેટની વર્તમાન વ્યવસ્થા અંતર્ગત તેમને જે સંરક્ષણ હાંસલ છે એ સમાપ્ત કરી દેશે. સરકારે જે ત્રણ કાયદા ઘડયાં હતાં એમાંનો પહેલો ખેડૂતોને માર્કેટ સિવાય પણ કૃષિપેદાશો વેચવાની પરવાનગી આપતો હતો. બીજો કાયદો બિલમાં આવશ્યક વસ્તુઓની યાદીમાં સુધારો કરીને અનાજ, દાળ, તેલ જેવા ઉત્પાદનોને ગમે તેટલી માત્રામાં ખરીદવાની અને સંગ્રહ કરવાની છૂટ આપતો હતો. તો ત્રીજા કૃષિ કાયદામાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગનો રસ્તો ખોલવામાં આવ્યો હતો.

દેશભરના મોટાભાગના ખેડૂત સંગઠનોનો આ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સામે વિરોધ હતો. પરંતુ સરકારનું કહેવું હતું કે, આ પ્રથા ચાલુ થયા બાદ ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરશે. ખેડૂતોને ખેતી માટે બીજ અને ટેકનિકલ સહાયતા જેવી આવશ્યક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં પણ કોન્ટ્રાક્ટ દ્વારા મદદ મળશે એવા દાવા થતાં હતાં. પાક તૈયાર થતા નક્કી થયેલા ભાવે તે ખરીદવામાં આવે એવી પણ જોગવાઈ હતી. જોકે આ કંપનીઓ ખેત ઉત્પાદન કેટલા પ્રમાણમાં સંગ્રહ કરી શકશે એની કોઈ મર્યાદા નહોતી. એટલા માટે આવશ્યક ચીજવસ્તુ કાયદામાં સંશોધન કરવામાં આવ્યું. પાક કોઈ કારણોસર નિષ્ફળ જાય તો કોન્ટ્રાક્ટ કરનારી કંપની નુકસાનનું વળતર વીમા કંપનીઓ પાસેથી મેળવી શકે એવી પણ જોગવાઈ કરવામાં આવી. જોકે આ વ્યવસ્થામાં ખેડૂતના ઉત્પાદનો માટે નક્કી થતા ન્યૂનતમ સમર્થન મૂલ્યનું મહત્ત્વ ઘટી જાય એમ હતું.

પાક ઉપર મળતું ન્યૂનતમ સમર્થન મૂલ્ય ખેડૂતો માટે મોટી સમસ્યા છે. એક અનુમાન પ્રમાણે માત્ર દસ ટકા ખેડૂતો જ ટેકાના ભાવે પોતાની ખેતપેદાશો વેચી શકે છે. જ્યારે ૯૦ ટકા ખેડૂતોને બજારમાં બેઠેલા વચેટિયાઓને ખેતપેદાશો નજીવા દામે વેચી દેવી પડે છે. લગભગ એક વર્ષ સુધી ચાલેલા ખેડૂતોના આંદોલન બાદ મોદી સરકારે ત્રણેય વિવાદાસ્પદ કૃષિ કાયદા રદ્ કરવાનો નિર્ણય લીધો છે.

ગત શુક્રવારે મોદીએ દેશને સંબોધન કરતા કહ્યુ હતુ કે, આ કાયદા ખેડૂતોના હિતમાં લાવવામાં આવ્યાં હતાં. પરંતુ તેમની તપસ્યામાં કોઈ કમી રહી ગઈ હશે કે તેઓ ખેડૂતોને એના વિશે સમજાવી ન શક્યાં. મોદીએ ત્રણ કૃષિ કાયદા રદ કરવાની જાહેરાત કરી તેના આઘાતમાંથી આજે દેશમો બહાર આવી ગયો છે. પણ ભાજપના નેતાઓને હજુ કળ વળી નથી. ભાજપના અનેક નેતાઓ દરરોજ સવારે ઉઠીને જે કૃષિ કાયદાના ફાયદાની માળા જપ્યા કરતા હતા, એ કાયદા જ અચાનક ગાયબ થઈ ગયા છે. તેના કારણે હતપ્રભ થઈ ગયેલા ભાજપના ઢગલાબંધ નેતા લવરીએ ચડી ગયા છે.

આમ પણ ખેડૂત આંદોલનને તોડવા ભાજપે અને ખુદ સરકારે ઉધામા કરી જોયા છે. શરૂઆતમાં ખેડૂતોને ખાલીસ્તાની કહેવાયા બાદ વોટરકેનનનો ઉપયોગ પણ કરાયો હતો. ઉપરાંત દિવસો સુધી મોદી સરકારના મંત્રીઓ અને ભાજપના નેતાઓ નવા કાયદાથી લાભનું ગાણુ ગાતા રહ્યા હતા. જો કે, અઠવાડિયા પહેલા કાયદા પરત ખેંચવાની મોદીની જાહેરાત બાદ સયુંક્ત કિસાન મોરચાએ આંદોલન ચાલુ રાખ્યું છે.

સંયુક્ત કિસાન મોરચાએ પણ રાકેશ ટિકૈત જેવો જ રાગ આલાપ્યો છે. બલકે છ નવી માગણીઓ મૂકીને મોદી સરકાર માટે નવો માથાનો દુ:ખાવો ઊભો કરવાની મથામણ શરૂ કરી દીધી છે. રવિવારે સાંજે મળેલી સંયુક્ત કિસાન મોરચાની બેઠકમાં મોદીને ખુલ્લો પત્ર લખીને આ છ માગણીઓ પૂરી ના થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનું એલાન કરી દેવાયું હતુ. કિસાન મોરચાએ જે છ માગણી મૂકી છે તેમાં મુખ્ય માગ લઘુતમ ટેકાના ભાવ (મિનિમમ સપોર્ટ પ્રાઈસ-એમએસપી)ને કાયદેસરતા આપીને તેના માટે કાયદો બનાવવાની છે. ખેડૂતને પાકના ઉત્પાદનમાં થયેલા ખર્ચ ઉપર ૫૦ ટકા નફો મળે એ રીતે એમએસપી નક્કી કરવાની મોરચાની માગ છે.

મોરચાએ મોદીને યાદ અપાવી છે કે, ૨૦૧૧માં તમારા અધ્યક્ષસ્થાને બનેલી સમિતિએ જ આ ભલામણ કરી હતી અને સંસદમાં પણ તેનો અમલ કરવાની જાહેરાત કરાઈ હતી. પણ તેનો અમલ થયો નથી. કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત વિદ્યુત અધિનિયમ સંશોધન વિધેયક પાછું લેવાની પણ મોરચાની માગણી છે. એ જ રીતે દિલ્હીમાં પ્રદૂષણના નિયંત્રણ માટે બહાર પડાયેલા વટહુકમમાં ખેડૂતોને સજા આપવાની જોગવાઈ છે તે હટાવી લેવાની પણ મોરચાની માગ છે. કિસાન મોરચાએ ખેડૂત આંદોલન દરમિયાન હજારો ખેડૂતો સામે >>અનુસંધાન પેજ નં. 11 પર

manoj1968@yahoo. ca






# વડોદરામાં દુષ્કર્મ-આપઘાત કેસની તપાસ માટે SITની રચના

## સીઆઇડીના ડીઆઇજીની અધ્યક્ષતામાં એસપી, ડીસીપી, ડિવાયએસપી સહિત 8 અધિકારીઓનો SITમાં સમાવેશ

**વડોદરા**

નવસારીની યુવતી પર વડોદરામાં સામૂહિક બળાત્કાર અને ટ્રેનમાં આપઘાતના કેસમાં પોલીસને કોઇ સફળતા નહી મળતા આખરે રાજ્ય પોલીસવડાની સૂચનાથી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ(એસઆઈટી)ની રચના કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે વલસાડ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનાની તપાસ અગાઉ રેલવેના ડીવાયએસપી બી.એસ.જાદવ કરતા હતા જ્યારે વડોદરા અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમો તપાસમાં મદદ કરતી હતી. પોલીસની વિવિધ ટીમો અલગ અલગ મુદ્દાઓ પર તપાસ કરતી હતી પરંતુ હજી સુધી આ કેસનો ભેદ ઉકેલાયો નથી. પોલીસે મોટી સંખ્યામાં લોકોની પૂછપરછ તેમજ સીસીટીવી કેમેરા તપાસ્યા છતાં નરાધમો કોણ હતા તે હજી સુધી સ્પષ્ટ થઇ શક્યું નથી.

દરમિયાન સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેના પોલીસ મહાનિર્દેશક ટી.એસ બિષ્ટે આજે આ કેસનો ભેદ ઉકેલવા માટે આઠ પોલીસ અધિકારીઓની એક સીટની રચના કરી છે. આ સીટની રચનામાં સીઆઈડીના પોલીસ મહાનિરિક્ષક સુભાષ ત્રિવેદી જનરલ સુપરવિઝન કરશે તેમજ સીટના સભ્યોમાં રેલવેના એસપી પરિક્ષિતા રાઠોડ, વડોદરા શહેર ડીસીબીના ડીસીપી જયદિપસિંહ જાડેજા, રેલવેના બે ડીવાયએસપી બી.એસ. જાદવ, મુકેશ ચૌધરી, ત્રણ પીઆઇ ઉત્સવ બારોટ, કે.એમ. ચૌધરી, એસ.બી. જાડેજા તેમજ પીએસઆઈ જે.બી. વ્યાસનો સમાવેશ કરાયો છે. એસઆઈટીની રચના બાદ આવતીકાલે વડોદરામાં તેની પ્રથમ બેઠક મળશે અને ત્યારબાદ તપાસની ગતિ વધારાશે. આ સીટ દ્વારા રોજેરોજ સરકારમાં રિપોર્ટ કરવાનો રહેશે. આજે રેલ્વે પોલીસ દ્વારા ગાંધીનગર એફએસએલમાં પહોંચીને મોબાઈલ તેમજ અન્ય રિપોર્ટ જલદી સોંપવામાં આવે તેવી વિનંતી કરાઈ હતી.

## વડોદરા મર્ડર કેસઃ યુવતીએ કર્યો હતો છેલ્લો મેસેજ મને મારી નાખશે

વડોદરામાં યુવતી પર સામૂહિક દુષ્કર્મ બાદ આપઘાતનો કેસ મામલે વડોદરા વેસ્ટર્ન રેલવેના ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસે મોટો ઘટસ્ફોટ કર્યો છે. પોલીસે આ કેસમાં વધુ વિગત આપતા કહ્યું હતું કે આપઘાત પહેલા યુવતીએ એક સંસ્થાનો કોન્ટેક્ટ પણ કર્યો હતો અને ડાયરીમાં તેનો ઉલ્લેખ પણ કર્યો હોવાથી પોલીસે પાંચ વ્યક્તિના મોબાઈલ જપ્ત કર્યા છે. ગુજરાત ક્વીન ટ્રેનમાં મહારાષ્ટ્ર જતા સમયે યુવતીનો નવસારીથી કેટલાક લોકો પીછો કરી રહ્યા હતા. આ લોકોએ યુવતીને કિડનેપ કરી લીધી હતી. યુવતીએ વોશરૂમમાંથી SOS વ્હોટ્સએપ મેસેજ સંજીવભાઈ નામની વ્યક્તિને મોકલ્યો હતો. જેમાં યુવતીએ લખ્યું છે કે ‘સોરી સંજીવભાઈ, પ્લીઝ મને બચાવી લો. તેઓ મારો નવસારીથી પીછો કરી રહ્યા છે. તેમનો ઈરાદો ગમે તે રીતે મને જાનથી મારી નાખવાનો છે. હું ટ્રેનમાં છું એટલે કોલ નથી કરી શકતી.

# બાયડના હઠીપુરા પાસે મહિલા-કિશોરની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી

## બંને વ્યકિતની આત્મહત્યા કે હત્યા પોલીસ તપાસ બાદ સાચી વિગતો બહાર આવશે

**બાયડ**

બાયડના હઠીપુર ગામની સીમમાં આવેલા એક તળાવના કિનારેથી એક કિશોર અને એક મહિલાની વિકૃત હાલતમાં લાશ મળી આવતા પંથકમાં હડકંપ મચી ગયો છે. આ ઘટનાની જાણ થતાં પોલીસે દોડી આવી લાશનો કબજો લઈ વધુ તપાસ શરૂ કરી છે.બંને વ્યકિતએ આત્મહત્યા છે કે હત્યા થઈ તે પોલીસ તપાસ બાદ બહાર આવશે. ડોગ સ્કોવડની મદદથી પોલીસે તપાસ આદરી છે.

તા.૨૩-૧૧-૨૦૨૧ ના બપોરના સુમારે આવેલા બાયડ તાલુકાના સાઠંબા નજીકના વિસ્તારમાં હઠીપુરા ગામની નજીક આવેલા ખારી ગામની સીમમાં કિશોર વયના છોકરા તથા મહિલાની લાશ મળી આવી હતી. લાશને જોવા માટે આજુબાજુના પ્રજાજનો જોવા માટે ઉમટી પડયા હતા બાળક તથા મહિલાની લાશ જોતા આજુબાજુના પ્રજાજનોમાં અનેક પ્રશ્નો ઉદ્દભવતા હતા કે તેઓનું કહેવું હતું કે આ લાશ કોની હશે કોને હત્યા કરી હશે તેવા અનેક સવાલો ઉભા થયા છે. સીમ નજીક આવેલા ખારી ગામ સીમમાં બે મૃતદેહ મળી આવ્યા હતા બાળકને માથાના ભાગે ઈજાઓ જોવા મળી હતી. તેમજ ગળાના ભાગે નિશાનો જોવા મળ્યા હતા. જયારે મહિલાના શરીરના ભાગે આંખમાં લોહી લુહાણ હાલતમાં જોવા મળી હતી જયારે તેના ગળાના ભાગમાં કાળા કલરનું નિશાન જોવા મળ્યું હતું. મહિલા તથા બાળકની હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવ્યુ છે.

# સાણંદમાં 3 માસના લગ્નજીવનનો અંત, પતિએ પત્નીને પતાવી દીધી

**વડોદરા**

મૂળ કચ્છ જિલ્લાના આદેસરાનો પરંતુ છેલ્લા કેટલાક સમયથી સાણંદ ખાતે રહેતો હિતેશ ઉર્ફે ચકો ગોહિલ GIDCમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જેના લગ્ન 12 જુલાઈ, 2021ના રોજ રાપર ખાતે રહેતા હંસાબેન સાથે થયા હતા. આજે તેમના ઘરમાંથી દુર્ગંધ આવતા પાડોશીઓએ ઘરનું તાળું ખોલીને તપાસ કરતાં ગળુ કપાયેલી હાલતમાં મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ બાબતની જાણ થતાં સાણંદ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. આ સમગ્ર મામલે મહિલાના ભાઈએ પતિ જ પત્નીનું ગળું કાપીને ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ નોંધાવી હતી.

હાલ હત્યા કરવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ ઘર કંકાશના કારણે હત્યા થઈ હોવાનું મનાઈ રહ્યું છે. આ ગુનામાં મૃતક મહિલાના ભાઈની ફરિયાદના આધારે પોલીસે FSLની મદદ તેમજ CCTV ફૂટેજ ચકાસીને હત્યારા પતિને દબોચવા માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$ 9.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA
Call us for details
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# 2022ની ચૂંટણીમાં 182 બેઠકો જીતવા ઉતરવાનું છે : CM

## સુરતમાં ભાજપનું સ્નેહમિલન મુખ્યમંત્રીએ કહ્યું, અહીંની પ્રજાએ મારો વટ પાડી દીધો, ગાંધીનગર આવો હું તમારો વટ પાડી દઇશ

**સુરત**

2022ની ચૂંટણીમાં કોઈને હરાવવા નહી પણ તમામ 182 બેઠકો જીતવા માટે ઉતરવાનું છે એમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સ્નેહમિલનમાં જણાવ્યું હતું. ભાજપના સૌથી મોટા સ્નેહમિલનમાં ગદગદ થઈ તેમણે કહ્યું હતું કે, સુરતની પ્રજાએ આજે મુખ્યમંત્રી તરીકે મારો વટ પાડી દીધો છે તમે ગાંધીનગર આવો તમારો વટ પાડી દઈશ.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સુરતના સ્નેહ મિલન સમારોહમાં જણાવ્યું હતું કે, આપણેકોઈને હરાવા માટે નથી જવાનું પરંતુ આપણે જીતવા માટે જન્મ લીધો છે તેથી આપણે કોઈને હરાવવાનું નથી પરંતુ 182તમામ સીટ આપણે જીતવાની વાત છે. આ માટે પેજ પ્રમુખ, કમિટિ, બુથ સમિતિ, મંડળ સમિતિ બધી જ યોજનાઓ દરેકે સારી રીતે બનાવી છે અને દરેક કાર્યકર્તા સક્રિય રીતે ભાગ ભજવી રહ્યો છે. આ જોતાં આપણને જે રિઝલ્ટ જોઈએ તે 2022માં આપણને મળવાનું છે.

આજે સુરતના કાર્યકર્તાઓએ મુખ્યમંત્રી તરીકે મારો વટ પાડી દીધો છે, હું સૌનો આભારી રહીશ અને અમારા પર નેતાગારીએ જે વિશ્વાસ મુક્યો છે તે વિશ્વાસ સૌ કાર્યકરોને સાથે રાખીને પુરો કરીશું. તમારી જેમ ઘણી વખત હું પણ સામે આવી રીતે બેઠો છું અને એ બેઠા પછી આજે તમારી સામે બેસવાનો મારો વારો આવ્યો છે. હું જયાં જ્યાં જાવ છું ત્યા કાર્યકર્તાઓ એટલે ખુશ છે કે મારો જેમ નંબર લાગ્યો તેમ તમારો પણ કોઈક દિવસ તમારો નંબર લાગી શકે છે પણ એના માટે આપણે સૌએ જે જવાબદારી આપી હોય તે જવાબદારી નિષ્ઠાથી નિભાવવી પડશે.



# સુરતમાં ભાજપનો વિજય દેશમાં વિજયનો મેન્ડેટ : અમિત શાહ

સુરત : સુરતમાં તમામ ધર્મ-સમાજના લોકો વસે છે તેથી તે લઘુભારત છે. સુરતમાં ભાજપનો વિજય એ સમગ્ર દેશમાં વિજય માટેનો મેન્ડેટ છે એમ બુધવારે સુરત ભાજપના સ્નેહમિલન સમારોહમાં વર્ચ્યુઅલી જોડાયેલા કેન્દ્રી ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું. ભાજપના કાર્યકરો ભાજપના માલિક છે અને કાર્યકરોની મહેનત અને ભાજપના સંગઠનને કારણે છેલ્લા 31 વર્ષ કરતા વધુ સમયથી સુરત અને ગુજરાતમાં ભાજપનો સતત વિજય થઈ રહ્યો છે. કોરોના પછી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં જે પગલાં ભરવામાં આવ્યા છે તેના કારણે આર્થિક ગતિવિધી ખુબ તેજીથી આગળ વધી રહી છે. તેના કારણે બધાજ રેકર્ડ જીએસટી કે અન્ય હોય એક પછી એક તોડી શકીએ તેવી સ્થિતિમાં પહોંચ્યા છે તેમાં સુરતનું મોટું યોગદાન છે. આગામી દિવસોમાં ભારતમાં પાંચ ટ્રીલીયન ડોલરની ઈકોનોમી બનવાનો લક્ષ્યાંક છે તેમાં પણ સુરતનું ઘણું મોટું યોગદાન રહેશે.

## લગ્નમાં 400ને મંજૂરી અને ભાજપ સ્નેહમિલનમાં હજારોની ભીડ

અમદાવાદ : એક બાજુ કોરોનાને કારણે જ લગ્ન પ્રસંગે 400 જણાંને મંજૂરી અપાઇ છે જયારે ભાજપના દિવાળીના સ્નેહ મિલનમાં હજારોની ભીડ એકત્ર થઈ હતી. આમ, ગુજરાતમાં કાયદા જાણે આમ જનતા માટે જ છે.ભાજપના કાર્યકરોને કાયદા લાગુ પડતાં જ નથી. કોરોનાની બીજી લહેર ગુજરાત માટે ઘાતક પુરવાર સાબિત થઇ હતી કે, કેટલાય લોકોએ જાન ગુમાવ્યા છે. વિદેશોમાં તો ફરી એકવાર કોરોનાએ ઘાતક સ્વરૂપ ધારણ કર્યુ છે. ભારતમાં ય નિષ્ણાતો કોરોનાથી સતર્ક રહેવા સલાહ આપી રહ્યા છે. ગુજરાતમાં હજુ ઘણી મોટી સંખ્યામાં લોકોએ રસીનો બીજો ડોઝ લીધો નથી. આ પરિસ્થિતીમાં તબીબો કોરોના ફરી વકરે તેવી દહેશત વ્યક્ત કરી રહ્યા છે પણ ભાજપના પ્રદેશ નેતાઓને વિધાનસભાની ચૂંટણી જીતવામાં રસ જાગ્યો છે જેથી દિવાળી સ્નેહમિલનના માધ્યમથી કાર્યકરોની ભીડ એકત્ર કરવામાં આવી હતી.

## આપણી ભૂલો હોવા છતાં લોકો મોદીને જોઇને ભાજપને મત આપે છે : પાટીલ

ભાજપના કાર્યકર તરીકે નાની મોટી ભૂલ કરતા હોઇએ, પરંતુ એ ભુલોને માફ કરીને મતદારો, લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફ જોઇને આપણને મત આપે છે. આજે સુરતના અભુતપૂર્વ કાર્યક્રમ ઉપર આખું ગુજરાત મીંટ માંડીને બેઠું હતું. સુરતના કાર્યકરોએ ડિસેમ્બર- 2022માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા આ સ્નેહમિલન કાર્યક્રમ કરીને ગુજરાતના લોકોને એક મેસેજ આપી દીધો છે એમ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે કાર્યકરોને પાનો ચડાવતા જણાવ્યું હતું. સ્નેહમિલનમાં તેમણે કહયુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2002 થી જે અશ્વમેઘ યજ્ઞા શરૂ કર્યો હતો. તે આખા દેશમાં ફરી રહ્યો છે. આખા દેશમાં કોઇ પાર્ટીની તાકાત નથી કે રોકી શકે. કેમકે આ અશ્વની રક્ષા કાર્યકરોરૂપી સૈનિકો કરી રહ્યા છે. ભાજપના કાર્યકરોને લોકોનું સર્મથન છે. એનું મુખ્ય કારણ વડાપ્રધાન છે. આપણી અનેક ભૂલો હોવા છતાં લોકો મોદીને જોઈને મત આપે છે.



# સૌરાષ્ટ્રને નર્મદાનું પાણી આપવા નિગમની 207 કરોડની ઉઘરાણી



**રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને રાજકોટ, જામનગર અને મોરબી જિલ્લામાં સૌથી વધુ નર્મદાનું પાણી આપવામાં આવે છે પરંતુ સ્થાનિક મહાપાલિકાઓ આ પાણીનાં બિલ ચૂકવવામાં ઠાગા ઠૈયા કરતી હોવાનું બહાર આવ્યુ છે.

મોટા ડેમો ઉપરાંત આ યોજના હેઠળ 220 ચેકડેમ અને 22 જેટલા તળાવોમાં પણ નર્મદાનું પાણી ઠાલવવામાં આવ્યુ છે. પરંતુ કરોડો રૂપિયાની ઉઘરાણી લાંબા સમયથી બાકી છે. રાજકોટ સહિતનાં મુખ્ય ત્રણ - ચાર જિલ્લામાં અપાયેલા પાણીનાં આશરે રૂ. 207 કરોડ જેટલી રકમ લેણી છે. સૌથી વધુ બાકી લીન્ક 3 હેઠળ ડેમોમાં અપાયેલા પાણીનાં રૂ. 198 કરોડ જેવી મોટી રકમ બાકી છે. આ ઉપરાંત લીન્ક - 1 હેઠળ રૂ. 4 કરોડ અને લીન્ક 4 હેઠળ 5 કરોડની ઉઘરાણી બાકી છે. આ પૈસા કોર્પોરેશન સહિતનાં વિભાગો પાસે બાકી છે. મહાપાલિકાઓ લોકો પાસેથી પાણી વેરો ઉઘરાવે છે પરંતુ નિગમને પાણીનાં પૈસા ચૂકવવામાં ઠાગા ઠૈયા કરવામાં આવી રહયા છે.

# રાજકોટના 4 માર્કેટ યાર્ડના ચેરમેન ચૂંટવા માટે ભાજપ 27મીએ સેન્સ લેશે

**રાજકોટ**

ધારાસભાની ટિકીટ આપવાની જેમ ભાજપે સૌ પ્રથમવાર હવે માર્કેટ યાર્ડના ચેરમેન કોને બનાવવા તે અંગે પક્ષમાં સેન્સ લેવાનો નિર્ણય લીધો છે. ભાજપમાં છેલ્લા કેટલાક સમયથી જૂથવાદ, નારાજગી, મામકાવાદ, પદ લાલસાના પગલે સ્થાનિક નેતાગીરી પર નિર્ણય છોડવાને બદલે પ્રદેશ ભાજપે પોતે કમાન સંભાળ્યાનું બહાર આવ્યું છે.

રાજ્ય સરકારે તા.૨ ડિસેમ્બરે જે યાર્ડમાં ડિરેક્ટરોની ચૂંટણી કે બીનહરીફ વરણી થઈ ગઈ છે તેમાં ચેરમેન અને વાઈસ ચેરમેન ચૂંટવા જાહેરનામુ બહાર પાડયું છે. રાજકોટ જિલ્લામાં રાજકોટ બેડી યાર્ડ, ધોરાજી, ઉપલેટા અને જેતપુર એ ચાર માર્કેટ યાર્ડમાં ચેરમેન નક્કી કરવા આગામી તા.૨૭ નવેમ્બરે ગોંડલ માર્કેટ યાર્ડ ખાતે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે તેમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

# ગોંડલ નજીક સુરતનાં પરિવારને માર્ગ અકસ્માતઃ છ લોકોનાં મોત

**ગોંડલ**

ગોંડલ નેશનલ હાઈવે બિલિયાળા ગામના પાટિયા પાસે કારનું ટાયર ફાટતા કાર ડિવાઈડર કુદી એસ.ટી. બસ સાથે અથડાતા સર્જાયેલ અકસ્માતમાં છ લોકોના મોત નિપજતા અરેરાટી વ્યાપી જવા પામી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કડુસલો બોલી ગયો હતો. બનાવના પગલે એમ્બ્યુલન્સોના સાયરનથી નેશનલ હાઈવે ગુંજી ઉઠયો હતો. પોલીસ પણ ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહો હોસ્પિટલ ખસેડવાની કામગીરીમાં લાગી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ સુરતના કપોદરા સોસાયટીમાં રહેતા મૂળ બગસરા પાસેના મૂંજીયાસર ગામના અશ્વિનભાઈ ગોવિંદભાઈ ગઢિયા (ઉ.વ. ૩૮), પત્ની સોનલબેન (ઉ.વ. ૩૮), પુત્ર ધમલ (ઉ.વ. ૧૨), માતા શારદાબેન (ઉ.વ. ૫૬), બનેવી પ્રફુલભાઈ બામ્ભરોલિયા, બહેન ભાનુબેન અને આઠ વર્ષના ભાણેજ જેની સહિતનાઓ એસેન્ટ કાર મારફત સૌરાષ્ટ્રમાં સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગમાં આવી રહ્યા હતા ત્યારે રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર બિલિયાળા ગામના પાટિયા પાસે કારનું ટાયર ફાટયું હતું. જેથી બેકાબુ બનેલી કાર ડિવાઈડર ટપી રોંગ સાઈડમાં જઈને એસટી બસ સાથે અથડાતા સર્જાયેલ અકસ્માતમાં અશ્વિનભાઈ, સોનલબેન, શારદાબેન, પ્રફુલભાઈ તેમજ ભાનુબેનના મોત નિપજ્યા હતા. મૃતદેહોને ગોંડલ સરકારી દવાખાને ખસેડવામાં પીએમ માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ધમલ અને જેનીને ગંભીર હાલતમાં વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન ધર્મિલનું પણ મોત થતાં મૃત્યુઆંક છ થયો હતો.

કરુણ ઘટના અંગે અશ્વિનભાઈના નાનાભાઈ મુકેશભાઈ ગઢિયાએ જણાવ્યું હતું કે બે ભાઈ અને બે બહેનોના પરિવારમાં અશ્વિનભાઈ મોટા હતા. બંને ભાઈઓ તેમજ ભાનુબેનનો પરિવાર સુરત સ્થાયી થયો હતો. સૌરાષ્ટ્રમાં માલસિકા, મોટા મૂંજીયાસર અને ભેસાણમાં સંબંધીઓને ત્યાં લગ્ન પ્રસંગ હોય સુરતથી સવારે નીકળ્યા હતા. સાંજે ખોડલધામ દર્શન કરી મૂંજીયાસર આવવાના હતા.

# જામનગરના બ્રેઈનડેડ યુવાનના અંગદાન થકી અન્ય 6 વ્યક્તિઓને નવજીવન મળ્યું

## મૃત્યુ પામનાર યુવાનના હ્દય, લીવર, કીડની અને ચક્ષઓનું દાન કરાયું

**રાજકોટ**

જામનગરના વતની દિપક કિશોરભાઈ ત્રિવેદીને અચાનક માથુ દુખ્યા બાદ ઉલ્ટી શરૂ થઈ જતા બેભાન બની ગયા હતાં. સૌ પ્રથમ તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. ત્યાંથી અહીની ખાનગી હોસ્પિટલમાં લઈ આવવામાં આવ્યા હતાં. સારવાર બાદ સફળતા નહી મળતા ડોકટરોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતાં. ત્યારબાદ તબીબોએ મૃતક યુવાનના પરિવારજનોને અંગદાન માટે સમજાવતા પરીવારની સંમતિ મળતા આજે તેઓના હ્દયને કીડની અન ેલીવરને અમદાવાદની હોસ્પિટલનાં દર્દીઓ માટે જયારે હોસ્પિટલના દર્દીઓ માટે જયારે રાજકતોટની સરકારી હોસ્પિટલમાં આંખનું દાન કરવામાં આવ્યું હતું. આમ પિતા કિશોરભાઈ અને માતા જયોતિબેનની ઉદારતાથી ૬ વ્યક્તિઓને નવું જીવન મળ્યું હતું. યુવાનનું હ્દય અને લીવર લેવા માટે અમદાવાદથી ૨૦ ડોકટરોની ટીમ આજે રાજકોટ આવી હતી. ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના સ્વયંસેવકોએ તબીબો સામે સંકલન સાધીને મૃતક યુવાનના અંગોનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. રાજકોટમાં અયોધ્યા ચોકથી એરપોર્ટ સુધી ગ્રીનકોરીડોર જાહેર થતા ગણત્રીની મીનીટોમાં જ તબીબો એરપોર્ટ પહોંચ્યા હતાં.


**WANTED**

Live in couple or single lady over 40 years old for household work needed for a religious vegetarian hindu family to offer Prasad and looking after the house.

**જોઈએ છે.**

ધાર્મિક, વેજીટેરિયન વાતાવરણવાળા ઘરમાં અનુભવી હાઉસ કિપીંગ કપલ અથવા બહેનની જરૂર છે.

એરિયા : મિસિસાગા. મળો :- જયમાલા

Contact - JAIMALA GELDA - 416 - 569 - 7795
or KESH GELDA - 416 - 399 - 7795

Imperial PEST CONTROL

Residential • Commercial • Industrial

24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:

1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee

First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વિસનગર માર્કેટયાર્ડની ચુંટણીમાં ભાજપની ખેડૂત પેનલનો જંગી મતની લીડથી વિજય

## એકપણ મંડળીના સભાસદ નહી છતાં મત મેળવ્યાનો આપના ઉમેદવારોમાં આનંદ

**વિસનગર**

વિસનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચુંટણીનુ તા.૨૧-૮-૨૦૨૧ના રોજ જાહેરનામુ બહાર પડતાની સાથેજ વિસનગરનુ સહકારી ક્ષેત્રનુ રાજકારણ ગરમાયુ હતુ. ભાજપનાજ બે જુથ વચ્ચે રસાકસીનો જંગ થવાનો હતો. ત્યારે ધારાસભ્ય ષિભાઈ પટેલે કેબીનેટ મંત્રી તરીકે શપથગ્રહણ કરતાની સાથેજ જુથવાદનો અંત આવ્યો હતો. માર્કેટયાર્ડની ચુંટણીમાં વેપારી મત વિભાગની ૪ બેઠક બીનહરિફ થયા બાદ ફોર્મ પાછા ખેચવાના છેલ્લા દિવસે સહકારી ખરીદ વેચાણ મંડળીઓ મત વિભાગના ૪ ફોર્મ પરત ખેચાતા ભાજપ સમથત બે બેઠકો બીનહરિફ થઈ હતી. જેમાં ભાજપે પ્રથમથીજ ૬ બેઠકો સાથે ચુંટણીમાં સરસાઈ મેળવી હતી. ખેડૂત મત વિભાગની ૧૦ બેઠકો માટે આરોગ્ય મંત્રી ઋષિ પટેલના નેતૃત્વમાં ભાજપ સમથત પેનલ સામે આમ આદમી પાર્ટીએ પેનલ બનાવતા ભાજપ અને આપ વચ્ચે ચુંટણી જંગ ખેલાયો હતો. જેમાં તા.૨૨-૧૧-૨૧ ના રોજ મતદાન દિવસે ૫૯ મંડળીના ૮૪૬ મતદારોમાંથી ૮૨૦ મતદારોએ મતદાન કરતા ૯૭ ટકા જંગી મતદાન થયુ હતુ. મતગણતરીમાં ભાજપ સમર્થીત ખેડૂત વિભાગની ચુંટણીમાં આપની પેનલનો સફાયો થતા અને ભાજપ સમર્થી પેનલ જંગી મતની લીડથી વિજયી થતા ટેકેદારોએ વિજેતા ઉમેદવારોને ગુલાલથી રંગી જીતની ખુશાલી મનાવી હતી.

# દાંતામાં પોલીસ સ્ટેશનમાં જ યુવાને આપઘાત કરતાં સમાજનો હોબાળો

**અંબાજી**

દાંતા તાલુકાના હડાદ ગામે મંગળવારે મોડીરાત્રિના પેટ્રોલિંગ દરમિયાન પોલીસ શંકાસ્પદ જણાતાં બે યુવાનોને પૂછતાછ કરવા માટે પોલીસમથકે લઈ આવી હતી. જ્યાં મોડીરાત્રિ સુધી પોલીસ દ્વારા પૂછપરછ કરાયા બાદ બન્ને યુવક ભાવેશ મેઘળાભાઈ ધ્રાંગી (રહે.બોસા, જિ.સિરોહી) અને વિપુલ પાબુભાઈ ડાભીને પોલીસ લોકઅપમાં રાખવામાં આવ્યાં હતા. દરમિયાનમાં પોલીસ કસ્ટડીમાં જ ભાવેશ મેઘળાભાઈ ધ્રાંગીએ કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જેની જાણ થતાં જ લોકોના ટોળાં પોલીસમથકે ધસી ગયા હતા અને ભારે હોબાળો મચાવી દીધો હતો. વાતાવરણ તંગ બની જતાં કોઈ અઘટીત ઘટના ઘટે નહીં તેની તકેદારીના ભાગરૂપે એ.એસ.પી.સુશીલ અગ્રવાલ, અંબાજી પોલીસ ઈન્સ્પેક્ટર આચાર્ય, હડાદ પીએસઆઈ કોટવાલ સહિતનો પોલીસ સ્ટાફ હડાદ પોલીસ સ્ટેશને ધસી ગયો હતો અને હડાદ ગામમાં પણ લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગામ ખાખીમય બની જવા પામ્યું હતુ. આ તકે મૃતદેહને સ્વીકારવાનો ધરાર ઈનકાર મૃતકના સબંધીઓ અને લોકોએ કર્યો હતો.

# વડોદરામાં જેલને માથે લેતા ચાર કેદીઓ સામે જેલરે ફરિયાદ નોંધાવી

**વડોદરા**

વડોદરા મધ્યસ્થ જેલના જેલર પી.પી.પાંડોરે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત તા.૨૧ મીએ કેદીઓ એક જૂથ થઈને બેરેક નહી બદલવા માટે રજૂઆત કરી હતી.રવિવારે રજાનો દિવસ હોય અધિકારીઓ અને કર્મચારીઓ રજા પર હતા. જેથી,બીજે દિવસે તા.૨૨ મી ના રોજ જેલ અધિક્ષકના રૂટિન રાઉન્ડમાં મુખ્ય તબીબી અધિકાર પી.પી.પાંડોર,વેલફેર ઓફિસર મહેશ રાઠોડ,લો ઓફિસર રણજીતસિંહ સીંધા પણ સામેલ હતા. આ સમયે વિજય ભીખાભાઈ જાદવ, અતુલ વિઠ્ઠલભાઈ ભંડેરી, અશોક ઉર્ફે ડોક્ટર રમણભાઈ સોલંકી, હૈદરઅલી રફીકશા દિવાને મોટેથી બૂમો પાડીને અન્ય કેદીઓને જેલ સ્ટાફ વિરૂદ્ધ ઉશ્કેર્યા હતા.

# તારાપુરમાં ટ્રસ્ટ સાથે કરોડો રૂપિયાની ઠગાઈ મામલે એસઓજી તપાસ કરશે

**તારાપુર**

તારાપુરના ખાનપુર ગામે દિનદયાલજી ખાદી ગ્રામોધોગ ટ્રસ્ટના પ્રમુખ સામે ખોટો ચેક બનાવી ડુપ્લીકેટ સહી કરી રૂ. ૪,૩૬,૦૦,૦૦૦ની ઠગાઈની ફરિયાદ મામલે વધુ તપાસ માટે એસ.ઓ.જી. અને એલ.સી.બી. પણ તપાસ કરશે. કંપનીના સેક્રેટરી દ્વારા માતબર રકમની ઠગાઈ અંગે ખાનપુરના દિનદયાળજી ખાદી ગ્રામોધોગના પ્રમુખ સામે તારાપુર પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી હતી.

આઠમી નવેમ્બરના રોજ રાજકોટ જિલ્લાનાં ભુનાવા ગામે આવેલ તીર્થ અગ્રો ટેકનોલોજી પ્રા. લિ.ના બેંક ઓફ બરોડા, રાજકોટ શાખાના ખાતામાંથી રૂ. ૪,૩૬,૦૦,૦૦૦નો દીનદયાલજી ખાદી ગ્રામોધોગ ટ્રસ્ટના નામનો ચેક બનાવી ડુપ્લિકેટ સહીઓ કરી રકમ બરોડા ગુજરાત ગ્રામીણ બેંક ખાનપુર શાખામાં જમા થયાની ખાતાની તપાસ દરિમયાન માહિતી હતી. માહિતી મળતા કંપનીના સેક્રેટરી દ્વારા બેંક મેનેજર સાથે વાત કરતા આ ચેક આણંદ જિલ્લાના ખાનપુર ખાતે બેંક ખાતામાં જમા થયો હોવાનું જણાવ્યું હતું કંપનીના સેક્રેટરી દ્વારા દીનદયાલજી ખાદી ગ્રામોધોગ ટ્રસ્ટના પ્રમુખ પ્રમોદભાઈ શંકરભાઈ પટેલ વિરૂદ્ધ તારાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી.

# પંચાયતોની ચૂંટણીઓ સાથે જ રાજકીય પક્ષોમાં ફરી ધમધમાટ શરૂ થયો

**વડોદરા**

ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ જાહેર થતાં વડોદરા જિલ્લામાં રાજકીય પક્ષોમાં ધમધમાટ શરૂ થઈ ગયો છે. બંને પક્ષોએ ઉમેદવારો પણ નક્કી કરવા માંડયા છે. સામાન્ય રીતે પંચાયતોની ચૂંટણીઓમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત કે ધારાસભ્યો જેવા ચૂંટાયેલા સભ્યો કે મોટા નેતાઓને ગામડાંઓમાં દરેક આગેવાનો અને કાર્યકરો સાથે સંપર્ક હોવાને કારણે તેઓ સીધો હસ્તક્ષેપ કે જાહેરમાં પ્રચાર કરવાનું ટાળતા હોય છે. પરંતુ રાજકીય પક્ષોના સંગઠનના હોદ્દેદારો તેમજ કાર્યકરો પડદા પાછળ પોતાનો ઉમેદવાર નક્કી કરી લેતા હોય છે. તા.૧૯મીએ વડોદરા જિલ્લાની ૨૮૯ ગ્રામ પંચાયતો અને ૪૦ પેટા ચૂંટણી યોજાનાર છે

# કેનેડામાં વિઝાના બહાને કડીના તબીબ પાસેથી રૂ.16 લાખ રૂપિયા ખંખેરી લીધા

## વર્ક પરમીટ વિઝા મેળવવા મથતાં તબીબ સાથે એજન્ટે ઠગાઈ કરી

**કડી**

કડીમાં દવાખાનું ધરાવતા ડોકટરને કેનેડાના વર્ક પરમીટ વિઝા જોઈતા હોવાથી તેઓએ અલગ અલગ એજન્ટો પાસે માહિતી મેળવતા હતા. ત્યારે ફેસબુક દ્વારા સંપર્કમાં આવેલા જીતેન્દ્રસિંહ જી.જોહલ નામના એજન્ટ તેમને વિશ્વાસમાં લઈ ટુકડે ટુકડે અલગ અલગ કામ પેટે રૂ ૧૬ લાખ જેટલી રકમ લીધા બાદ પણ વિઝા ના આપતા એજન્ટ વિરૂદ્ધ ડોકટરે છેતરપિંડીની ફરીયાદ નોધાવી છે.

લોકોને વિદેશમાં વસવાટ કરવાનો ચસ્કો લાગ્યો હોવાનો અત્યારના સમયમાં જોવા મળી રહ્યું છે તેવામાં વિદેશમાં સ્થાયી થવાના સપનાં જોતા લોકો કેટલાક ઠગબાજો ની વાતોમાં વિશ્વાસ માં આવી જઈ લાખો રૂપિયા ગુમાવી રહ્યા છે.વિદેશમાં સ્થાયી કરવાના રૂપાળાં સપનાં બતાવી કેટલાક ઠગો લોકો પાસેથી લાખો રૂપિયાનો ચૂનો લગાડી રહ્યા હોવાના કિસ્સા કેટલાક સમયથી પ્રકાશિત થઈ રહ્યા છે.કડીમાં આવોજ એક ચેતવણીરૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

કડીમાં સુજાતપુરા રોડ ઉપર આવેલ કૃપાનગર સોસાયટી ખાતે ક્લિનિક ધરાવતા ડા.સમીરભાઈ સુરેશચંદ્ર પંડયાને ૨૦૨૦ માં કેનેડા વર્ક પરમિટ વિઝા ઉપર જવાનું હોવાથી તેમણે જુદા જુદા એજન્ટો પાસે માહિતી મેળવવાની ચાલુ કરી હતી. જેમાં ફેસબુકમાં જીતેન્દ્ર સિંહ જી.જોયલ નામનુ એકાઉન્ટ ધરાવતી વ્યક્તિ કેનેડાના વિઝાનું કામ કરતી હોવાથી તેમણે તેને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી કેનેડાના વિઝા માટે વાતચીત કરી હતી.વાતચીત દરમ્યાન કેનેડાના વર્ક પરમીટ વિઝાના ૧૬ લાખ નક્કી કરી સ્ટેપ વાઈઝ કામના પ્રમાણમાં પૈસા આપવાનું નક્કી થયું હતું.

# ઈડર તાલુકાના સિયાસણ ગામનો BSF જવાન શહીદ થતાં અંતિમ વિદાય અપાઈ

**ઇડર**

ઈડર તાલુકાના સિયાસણ ગામના બી.એસ.એફ. જવાન પશ્ચિમ બંગાળના કિશનગઢમાં એક માર્ગ અકસ્માતમાં શહિદ થતાં શનિવારે આ જવાનના પાર્થિવ દેહને સંપુર્ણ રાજકીય સન્માન અને ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય અપાઈ હતી. જવાનની અંતિમ યાત્રામાં સાથી જવાનો, પોલીસ અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સિયાસણ ગામનો જીતેન્દ્ર મેણાત ૧૦ વર્ષ અગાઉ બોર્ડર સિક્યુરીટી ફોર્સમાં જોડાયા બાદ હાલમાં પશ્ચિમ બંગાળના કિશન ગઢમાં ફરજ બજાવતાં હતાં. દરમિયાન ત્રણેક દિવસ અગાઉ સરકારી વાહનમાં સરકારી કામ અર્થે જતા આ જવાનને પંજીવારા પાસે અકસ્માત નડયો હતો. જેમાં સામેન વાહનનો કોઈ પાર્ટ ઉડી સરકારી વાહનમાં બેસેલ જવાનના માથાના પાછળના ભાગે વાગતાં જીવલેણ ઈજા થઈ હતી. તંત્ર દ્વારા સારવાર માટેના પ્રયાસો છતાં, સારવાર કારગત નિવડી નહોતી અને જવાન શહિદ થયા હતા. આ ઘટનાના સમાચાર જવાનના માદરે વતન સિયાસણ ગામે મળતાં ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West) — 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough — WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga — 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ





## નોરાએ ફિશ કટ સ્કર્ટમાં શૂટિંગ પ્લેસ પર એન્ટ્રી મારી

મુંબઇ : પોતાના બોડીકોર્ન આઉટફિટને કારણે હંમેશા ચર્ચાનો વિષય બનતી નોરા ફતેહી ફરી એકવાર પોતાના ફિશ કટ ડ્રેસના લીધે ચર્ચાનો વિષય બની છે. વેનિટી વેનમાંથી સ્કાઇબ્લૂ કલરના આઉટફિટમાં જ્યારે નોરાએ એન્ટ્રી મારી ત્યારે તેના આ ગ્લેમર અંદાજને ફોટોગ્રાફર દ્વારા કેમેરામાં કેદ કરી લીધો હતો. પોતાના આ ગ્લેમરસ આઉટફિટ સાથેની તસવીરો નોરા ફતેહી ઈગ્લેન્ડ નામના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી પણ શેર કરવામાં આવી હતી.જે શેર થતાની સાથે સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ હતી.



# પ્રિયંકાએ ઈન્સ્ટાગ્રામમાં જોનસ સરનેમ હટાવતા ડિવોર્સની અફવા

પ્રિયંકા ચોપરાએ હાલમાં જ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના બાયોમાં તેના નામમાંથી ચોપરા અને જોનસ બંને સરનેમ હટાવી દીધી. ત્યારબાદથી પ્રિયંકા અને નિક જોનસના ડિવોર્સની અફવા ઊડી છે. જોકે આ બધા વચ્ચે નિક જોનસ દ્વારા સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરવામાં આવ્યો અને તેના પર પ્રિયંકાએ કોમેન્ટ કરી તે જોઈને ડિવોર્સની ખબરોને વિરામ મળ્યો. નિક જોનસે હાલમાં જિમમાં વર્કઆઉટ કરતો એક વીડિયો શેર કર્યો છે. જેના પર પ્રિયંકાએ કોમેન્ટ કરતા લખ્યું, ડેમ... હું તારી સાથે જ મરવા માંગું છું. પ્રિયંકાએ તેની આ કોમેન્ટથી જણાવી દીધું કે તે નિક જોનસને કેટલો પ્રેમ કરે છે અને બંને અલગ નથી થઈ રહ્યાં. વીડિયોમાં નિક જોનસ જિમમાં ડંબેલ્સ ઉપાડતો અને બાઈસેપ્સ ફ્લોન્ટ કરતો જોવા મળી રહ્યો છે. તેની કેપ્શનમાં લખ્યું છે કે, મંડે મોટિવેશન, લેટ્સ ગેટ ઈટ... આ સાથે પ્રિયંકાની માતા મધુ ચોપરાએ પણ એક ઈન્ટરવ્યૂમાં સ્ટેટમેન્ટ આપ્યું છે કે આ બંનેના ડિવોર્સની વાત માત્ર અફવા છે. સાથે જ તેઓએ લોકોને આ પ્રકારના ખોટા ન્યૂઝ ન ફેલાવવા માટે અપીલ કરી છે. જણાવી દઈએ કે પ્રિયંકા અને નિકના લગ્નને 3 વર્ષ થઈ ગયાં છે. આ પહેલાં પણ પ્રિયંકાએ જોનસ સરનેમ હટાવીને લોકોને કન્ફ્યૂઝ કર્યા હતા.

## દિશા સ્ટંટ કરતી જોવા મળશે



મુંબઇ : દિશા પટાણી હાલ પોતાની આગામી ફિલ્મ એક વિલેન રિટનર્સને લઇને ચર્ચામાં છે. આ ફિલ્મમાં અભિનેત્રી એકશન દ્રશ્યો પોતે ભજવવાની છે તેમજ બોલ્ડ અવતારમાં પણ જોવા મળશે. દિશાએ જણાવ્યું હતુ ંકે, તે ફિલ્મમાં સ્ટંટ દ્રશ્યો પોતે જ ભજવવા માંગે છે. જેના માટે તે વિશેષ તાલીમ લઇ રહી છે. આ ફિલ્મની વાર્તામાં દર્શકોને વારંવાર વળાંક જોવા મળવાના છે. આ ફિલ્મ એક વિલન ફિલ્મની સીકવલ છે. જે ૮ જુલાઇના ૨૦૨૨ના રોજ રિલીઝ કરવામાં આવશે. મોહિત સૂરીની આ ફિલ્મમાં દિશા ઉપરાંત જોન અબ્રાહમ, અર્જુન કપૂર અને તારા સુતરિયા પણ જોવા મળવાના છે. દિશા પટાણી પાસે એકતા કપૂરનો પણ એક પ્રોજેક્ટ છે. એકતાની આવનારી ફિલ્મ કેટીનામાં પણ તે જોવા મળવાની છે.

## કપિલ શર્મા શોમાં ગેસ્ટ બનીને પહોંચેલી ઇરાનીને ગાર્ડે અંદર ન જવા દીધા




ટીવી એક્ટ્રેસથી રાજનેતા બનેલ સ્મૃતિ ઇરાની કપિલ શર્મા શોમાં ગેસ્ટ તરીકે જોવા મળવાની હતી. સ્મૃતિ ઇરાની તેના પુસ્તક લાલ સલામના પ્રમોશન માટે આવવાની હતી પરંતુ તેના ગાર્ડે અંદર જવા ન દીધી. સૂત્રો મુજબ કેન્દ્રીયમંત્રી જ્યારે શૂટિંગ માટે ગેટ પર પહોંચી તો ત્યાંના સિક્યોરિટી ગાર્ડે તેને ન ઓળખી. સ્મૃતિએ તેને જણાવ્યું કે તેને સેટ પર એપિસોડના શૂટિંગ માટે ઇન્વાઇટ કરાઇ છે, તે શોની સ્પેશિયલ ગેસ્ટ છે. તેના જવાબમાં ગાર્ડે કહ્યું કે, અમને આવો કોઇ ઓર્ડર નથી અપાયો, સોરી મેડમ તમે અંદર નહીં જઇ શકો. જોકે કેટલાક લોકોનું કહેવું છે કે આ તમામ કન્ફ્યૂઝન સ્મૃતિ ઇરાનીના ડ્રાઇવર અને ધ કપિલ શર્મા શોના ગેટકીપરની વચ્ચે થઇ. કપિલ શર્મા અને સ્મૃતિ ઇરાનીને આની કોઇ જાણકારી નહોતી.

# અક્ષયની 'અતરંગી રે'ને હોટસ્ટારે OTT માટે 200 કરોડમાં ખરીદી

મુંબઈ : થિયેટરમાં 'સૂર્યવંશી'ની ધમાકેદાર કમાણી બાદ OTT (ઓવર ધ ટોપ) પર પણ અક્ષય કુમાર ખિલાડી સાબિત થયો છે. 24 ડિસેમ્બરે ડિઝની હોટસ્ટાર પર અક્ષયની નવી ફિલ્મ 'અતરંગી રે' રિલીઝ થવાની છે. આ ફિલ્મ ડિજિટલ પ્લેટફોર્મ પરની અત્યાર સુધીની મોંઘી ફિલ્મ છે. આ ફિલ્મને હોટસ્ટારે 200 કરોડમાં ખરીદી છે. 'અતરંગી' સાથે થયેલી ડીલથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે થિયેટર ખુલ્યા બાદ ડિજિટલ પ્લેટફોર્મ્સ યુઝર્સને આકર્ષવા માટે મોં માગી કિંમત ચૂકવવા તૈયાર છે. 'અતરંગી' રિલીઝ પહેલાં જ 200 કરોડ બોક્સ ઓફિસ ક્લબમાં સામેલ થઈ છે. ફિલ્મનું બજેટ 120 કરોડ રૂપિયા છે અને ફિલ્મ 200 કરોડમાં વેચાઈ છે. એટલે ફિલ્મે ચોખ્ખો 80 કરોડનો નફો કર્યો છે. સલમાનની 'અંતિમ' ડિજિટલ પ્લેટફોર્મ પર રિલીઝ થવાની હતી, પરંતુ થિયેટર ખુલ્યા બાદ સલમાને નિર્ણય બદલ્યો અને હવે તે થિયેટરમાં રિલીઝ થશે. 'અતરંગી' માટે




પણ પહેલેથી જ ડિજિટલ પ્લેટફોર્મ પર રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને આ નિર્ણય બદલવો અશક્ય હતો. 'સૂર્યવંશી'એ બોક્સ ઓફિસ પર એ વાત સાબિત કરી કે અક્ષય કુમાર સેલેબલ તથા વિશ્વાસપાત્ર એક્ટર છે અને છતાંય 'અતરંગી'ને મેકર્સે થિયેટરમાં રિલીઝ કરી નહીં.



# 52 વર્ષીય જેનિફર લોપેઝને ચોથી વખત લગ્ન કરવા છે

જેનિફર લોપેઝ તેની આવનારી ફિલ્મ મેરી મીનું પ્રમોશન કરી રહી છે એવામાં તે એક શોમાં પહોંચી, જ્યાં તેના લગ્નને લઈને સવાલ કરવામાં આવ્યો. 52 વર્ષની જેનિફર લોપેઝ ત્રણ વખત લગ્ન કરી ચૂકી છે. એવામાં તેણે ચોથા લગ્ન કરવા અંગે વાત કરતા કહ્યું કે તે હેપ્પીલી એવર આફ્ટરમાં વિશ્વાસ રાખે છે. હોલિવૂડ સિંગર અને એક્ટ્રેસ જેનિફર લોપેઝ તેના અંગત જીવનને લઈને ચર્ચામાં રહે છે. જેનિફર છેલ્લા કેટલાય સમયથી બેટમેન એક્ટર બેન એફ્લેકને ડેટ કરી રહી છે. બન્નેની રિલેશનશિપ ખૂબ મજબૂત છે. હંમેશાં બન્ને પબ્લિકમાં રોમાન્સ અને કિસ કરતા જોવા મળે છે. હવે જેનિફરે લગ્નને લઈને વાત કરી છે. જેનિફર લોપેઝે તેના લગ્નના આઈડિયાને શેર કરતા કહ્યું કે, મને લાગે છે કે હું એવું કરીશ. તમે મને જાણો છો. હું એક રોમેન્ટિક વ્યક્તિ છું. મેં પહેલાં પણ કેટલીય વખત લગ્ન કર્યા છે અને હજુ પણ સંપૂર્ણ રીતે હેપ્પીલી એવર આફ્ટરમાં વિશ્વાસ રાખું છું.









હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.


### આજનો માણસ તેના જીવન દરમિયાન સરેરાશ 20 કિલો પ્લાસ્ટિક ખાઈ જાય છે

# પ્લાસ્ટિક : જીવસૃષ્ટિ માટે સૌથી મોટો અભિષાપ

છેલ્લાં દોઢ બે દાયકામાં સમગ્ર વિશ્વ માટે પ્રદૂષણ એક મોટી સમસ્યા બની ગઈ છે. આ પ્રદૂષણમાં પણ પ્લાસ્ટિકથી થતુ પ્રદૂષણ જીવસૃષ્ટિ માટે મોટો ખતરો છે. તાજેતરમાં નેશનલ જ્યોગ્રાફિકના એક અહેવાલમાં નોંધવામાં આવ્યુ છે કે, અત્યારે પ્લાસ્ટિકના પાંચ ટ્રિલિયન ટુકડા સમુદ્રની સપાટી પર તરી રહ્યા છે. એટલે ટૂંક સમયમાં જ એવું બની શકે કે, બગલો સમુદ્ર કિનારે ઊભા-ઊભા તપશ્ચર્યા કર્યા પછી ઝપટ મારે ત્યારે ચાંચમાં માછલીને બદલે પ્લાસ્ટિક આવી જાય. વર્તમાન સમયમાં પૃથ્વીને લાગેલો સૌથી મોટો કોઈ અભિશાપ હોય તો તે પ્લાસ્ટિક છે. પૃથ્વી પાસે કોઈ પણ કચરાના રિસાઈકલીંગની નેચરલ પ્રોસેસ છે. જંગલમાં કોઈ પ્રાણી મરી જાય તો તેનું શરીર સડવા લાગે છે, ગીધ તથા બીજા પ્રાણી-પક્ષીઓ તેને ખાઈ જાય છે. તે પછી જે ભાગ બચે છે તેને જંતુઓ આરોગી જાય છે, બાકીના ભાગનું બેકટેરિયા અને ફૂગ વિઘટન કરી નાખે છે.

આ રીતે પ્રકૃતિ પોતાને સ્વચ્છ અને સંતુલિત રાખે છે પરંતુ પ્લાસ્ટિકને આ પ્રાકૃતિક વિઘટનની પ્રક્રિયા લાગુ પડતી નથી. જેમ ઊર્જાનો નાશ થતો નથી તેમ પ્લાસ્ટિકનો પણ નાશ થતો નથી. પૃથ્વી ઉપર પ્લાસ્ટિકના કચરાના ડુંગરા દિવસ રાત વધુને વધુ ઊંચા થતાં જાય છે. વેફરનું પેકેટ હોય કે બિસ્કિટનું, પાણીની બોટલ હોય કે કોલ્ડ્રીંક્સની, સમસ્ત વિશ્વમાં જેટલું પણ પ્લાસ્ટિક વપરાય છે તેમાંથી ૪૦ ટકા ઉત્પાદનોના પેકેજિંગમાં ઉપયોગમાં લેવામાં આવે છે. દર મિનિટે દસ લાખ કરતાં વધારે બેગ વેચાય છે. કોઈ પણ પ્લાસ્ટિક બેગ સરેરાશ ૧૫ મિનિટ માટે ઉપયોગમાં લેવાય છે. ત્યારબાદ તે કચરામાં જાય છે અને સદીઓ સુધી પૃથ્વી પરના કેન્સર તરીકે ક્યાંક ને ક્યાંક પડી રહે છે.

છેલ્લી એક સદીમાં જેટલું પ્લાસ્ટિક ઉત્પાદિત કરવામાં આવ્યું છે તેમાંથી ૫૦ ટકા કરતા વધારે પ્લાસ્ટિક છેલ્લા ૧૦ વર્ષમાં બનાવવામાં આવ્યું છે. એકલા અમેરિકામાં સાલ ૨૦૧૪માં ૧૦૦.૭ અબજ પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ થયો છે. પ્લાસ્ટિકની બોટલમાં પાણી કે બીજું કોઈ કોલ્ડ્રિંક પીવાના ગેરફાયદા વિજ્ઞાનીઓ હજાર વખત ગણાવી ચૂક્યા છે. પણ આ ઈન્ડસ્ટ્રી એટલી ક્રૂર અને એટલી નફાલાલસુ છે કે, ટનબંધ પ્લાસ્ટિક બોટલ સતત પેદા કરતી જાય છે. બોટલનું પાણી પીવાથી પ્લાસ્ટિકના કણો પેટમાં જાય છે. તો પણ લોકો હોંશે-હોંશે બોટલ ખરીદે છે. આ ઈન્ડસ્ટ્રી એટલી શક્તિશાળી છે



કે, દુનિયાની કોઈ પણ સરકાર તેની વિરુદ્ધમાં નીતિઓ ઘડી શકતી નથી.

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

પ્લાસ્ટિક ઓસન્સ નામની સંસ્થાના મતે આપણા સમુદ્રમાં દર વર્ષે ૧ કરોડ ટન પ્લાસ્ટિક ઠલવવામાં આવે છે. દર મિનિટે પ્લાસ્ટિકના કચરાના એકથી વધુ ટ્રક ભરાય છે. અત્યારે સમુદ્ર મંથન થાય તો પ્લાસ્ટિક સિવાય કશું મળે નહીં. દુનિયામાં ઉત્પાદિત થતા કુલમાંથી ૫૦ ટકા પ્લાસ્ટિક સીંગલ યુઝ હોય છે. બાકીના ૫૦ ટકામાંથી માત્ર ૯ ટકા જ પ્લાસ્ટિક રિસાઈકલ થાય છે. હજી બીજું ૪૧ ટકા પ્લાસ્ટિક રિસાઈકલ થઈ શકે એમ છે, પરંતુ થતું નથી. પ્લાસ્ટિકનું પ્રદૂષણ ઘટાડવું હોય તો સિંગલ યુઝ પ્લાસ્ટિકનું ઉત્પાદન શૂન્ય કરવું પડે અને જેટલું પણ પ્લાસ્ટિક પેદા થાય તેને રીસાઈકલ કરવું પડે. ધ એલન મેક આર્થર ફાઉન્ડેશનના આંકડા પ્રમાણે ૨૦૫૦ સુધીમાં સમુદ્રમાં પ્લાસ્ટિકનો જથ્થો માછલીની વસ્તી કરતા પણ વધારે હશે. પ્લાસ્ટિકનો કચરો એટલો વધી ગયો છે કે, હવે તે માનવજીવમાં ખાનપાનમાં પણ આવવા લાગ્યો છે. એક માણસ તેના જીવનમાં ૨૦ કિલો પ્લાસ્ટિક ખાઈ જાય છે. દર વર્ષે ૧ કરોડ સમુદ્રી જીવો પ્લાસ્ટિકને કારણે મૃત્યુ પામે છે. નેશનલ જ્યોગ્રાફિકના અહેવાલ પ્રમાણે તો અત્યારે પ્લાસ્ટિકના પાંચ ટ્રીલીયન ટુકડા સમુદ્રની સપાટી પર તરી રહ્યા છે. દુનિયાભરના દરિયા કાંઠેથી જે કચરો મળી આવે છે તેમાંથી ૭૩ ટકા સીગરેટના ઠૂંઠા, બોટલ્સ, ઢાંકણા, રેપર, પ્લાસ્ટિક બેગ અને પોલિસ્ટીરીન કન્ટેનર હોય છે. ૧૯૫૦માં વિશ્વમાં પ્રતિવર્ષ ૨૦.૧૦ લાખ ટન પ્લાસ્ટિક ઉત્પાદિત થતું હતું. જયારે ૨૦૧૫ના આંકડા પ્રમાણે ૪૦.૬ લાખ ટન પ્લાસ્ટિક ઉત્પાદિત થાય છે. એટલે કે, ૨૦૫૦ સુધીમાં જગતના તમામ સમુદ્રી પક્ષીઓ પ્લાસ્ટિક ખાતા થઈ જશે. દર વર્ષે ૧૨ ટકા પ્લાસ્ટિક બાળી નાખવામાં આવે છે જે વાયુ પ્રદૂષણ સર્જે છે. ૭૯ ટકા પ્લાસ્ટિક દરિયામાં અથવા જમીનમાં ભંડારી દેવામાં આવે છે. વિશ્વમાં પ્રતિ મિનિટ ૧૦ લાખ પ્લાસ્ટિક બોટલ વેચાય છે.

### દુનિયામાં પ્રતિવર્ષ 500 અબજ પ્લાસ્ટિક બેગ ઉપયોગમાં લેવાય છે અને કોઈ પણ બેગનો સરેરાશ ઉપયોગ 15 મિનિટથી વધુ હોતો નથી અને તે સદીઓ સુધી કચરામાં પડી રહે છે

પ્લાસ્ટિકનો એક ટુકડો કમસેકમ ૪૫૦ વર્ષ સુધી પૃથ્વીને પ્રદૂષિત કરતો રહે છે. કોઈ રેસ્ટારામાંથી ઓર્ડર કરીને તમે પંજાબી ડિશ મગાવશો તો તે પ્લાસ્ટિકની થાળીમાં આવશે, પ્લાસ્ટિક પેકેજિંગનું આ એક ઉદાહરણ થયું. આવા તમામ પેકેજમાંથી એકનું પણ રિસાઈકલિંગ થતું નથી. હાલમાં સમુદ્રની ૭૦૦થી વધુ પ્રજાતિઓ પ્લાસ્ટિકગ્રસ્ત બની ગઈ છે. આથી હવે સી-ફુડ ખાવું પણ બિલકુલ હેલ્ધી ઓપ્શન રહ્યું નથી. દુનિયામાં સૌથી વધુ પ્લાસ્ટિક પ્રદૂષણ કરતી કંપનીઓને પણ ઓળખી લેવી જરૂરી છે. એકસોન મોબીલ અમેરિકાની બહુરાષ્ટ્રીય તેલ અને ગેસ કંપની છે. દુનિયામાં કુલ જેટલો પ્લાસ્ટિકનો કચરો થાય છે તેમાંથી ૫.૯ ટકા આમાંથી આવે છે. ડાઉ અમેરિકાની એક રસાયણ અને પ્લાસ્ટિક નિર્માતા કંપની છે. વિશ્વના ૫.૬ ટકા પ્લાસ્ટિક કચરા માટે તે જવાબદાર છે. ચીનની સિનોપેક તેલ અને ગેસ કંપની ૫.૩ ટકા પ્લાસ્ટિક કચરા માટે જવાબદાર છે. થાઈલેન્ડની ઈન્ડોરામા વેન્ચર્સ કેમિકલ તથા ઉનના દોરા બનાવવાનું કામ કરે છે, તે વિશ્વનો ૪.૬ ટકા પ્લાસ્ટિક કચરો પેદા કરે છે. આ ઉપરાંત સાઉદી અરામકો સાઉદી અરેબિયાની તેલ કંપની છે તે દુનિયાની સૌથી મોટી ખનિજ તેલ નિકાસકાર છે તે ૪.૩ ટકા પ્લાસ્ટિક કચરો પેદા કરે છે.

પેટ્રો ચાઈના ચીનની ઓઈલ અને ગેસ કંપની છે. તે જગતનું ૪ ટકા પ્લાસ્ટિક પેદા કરે છે. જયારે લાયનડેલ બેસેલ હોલેન્ડની બહુરાષ્ટ્રીય કંપની છે. તે ૩.૯ ટકા પ્લાસ્ટિક કચરો ઉત્સર્જિત કરે છે. બ્રાઝિલની બ્રાસ્કેમ પેટ્રોકેમિકલ કંપની દક્ષિણ અમેરિકામાં સૌથી મોટું નામ છે તે પૃથ્વી પર ૩ ટકા પ્લાસ્ટિક કચરો ઉત્સર્જિત કરે છે. આ બધા હાથીઓને અંકુશમાં લેવાની તાકાત દુનિયાની કોઈ સરકારમાં નથી. એટલે નાગરિકોએ સ્વયંમ જ પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરવો જોઈએ. અથવા તો પ્લાસ્ટિકનો વપરાશ શક્ય એટલો ઘટાડવો. શાકવાળા પાસે કે શોપિંગ મોલમાંથી ચેકઆઉટ કરતી વખતે ક્યારેય પ્લાસ્ટિકની થેલી ન માગવી. હંમેશા શણની થેલી સાથે રાખવી અથવા ઘરના જૂના કપડામાંથી બનાવેલી થેલી સાથે રાખવી. સરકારની જવાબદારીએ છે કે તે સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકાવે. જેનું રિસાઈકલિંગ ન થઈ શકે એવા પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામાં આવે. અને સોએ સો ટકા પ્લાસ્ટિકનું રિસાઈકલિંગ કરવામાં આવે. બે-ત્રણથી વધુ વખત રિસાઈકલિંગ પણ આરોગ્યપ્રદ નથી. ત્યારબાદ તેનું જૈવિક વિઘટન કરવું પડે.

આપણા પૂર્વજોએ જૂના કપડામાંથી કે ચીજવસ્તુમાંથી અનેક વસ્તુ બનાવી તેનો ઉપયોગ કર્યો હતો. તેઓએ મુંગા મોઢે રિસાઈકલિંગ કરીને પ્રકૃતિનું જતન કર્યું છે. વિશ્વને જો બચાવવું હશે તો આપણે પણ તેમના જ રસ્તે ચાલવું પડશે.

# અપનાવો આ મહત્ત્વની બ્યુટી ટિપ્સ, સુંદરતામાં થશે વધારો



**નેઇલ પોલિશ ઝડપથી સૂકવવા માટેનો ઉપાય**

નખ ઉપર નેઇલ પોલિશનો પહેલો કોટ લગાવી દીધા પછી બે મિનિટ માટે ઠંડા પાણી ભરેલા બાઉલમાં આંગળીને ડુબાડીને રાખો. પછી બીજો કોટ લગાવો અને ફરી બાઉલમાં બે મિનિટ સુધી આંગળીઓને ડુબાડી રાખો. આમ કરવાથી તે સારી રીતે સેટ થઇને ઝડપથી સુકાઇ જશે. આ બધું ન કરવું હોય તો તમે નેઇલ પોલિશને સૂકવવા માટે હેર ડ્રાયરનો ઉપયોગ કરો. હેર ડ્રાયરનો ઉપયોગ કરવાથી નેઇલ પોલિશ ઓછા સમયમાં ઝડપથી સુકાઇ જાય છે. નેઇલ પોલિશ સૂકવતી વખતે હેર ડ્રાયર કૂલ મોડ ઉપર રાખો.

**રાત્રે સૂતી વખતે ત્વચા પર દબાણથી થતા સળ દૂર કરવાનો ઉપાય**

ચહેરા ઉપર ઉપસી આવેલી લાઇન્સને દૂર કરવા નવશેકા પાણીની છાલક ચહેરા ઉપર મારો. પછી થોડી કોલ્ડ ક્રીમ હાથમાં લઇને પ્રભાવિત જગ્યા પર લગાવો. પછી ત્યાં હળવા હાથે મસાજ કરો. આમ કરવાથી દબાઇ ગયેલી ત્વચા ઉપર ઉપસી આવેલી લાઇન દૂર થઇ જશે. ચહેરા પર કાયમ આ તકલીફ થતી હોય તો કોટનને બદલે સાટિનના ઓશિકાના કવરનો ઉપયોગ કરો. એનાથી આ સમસ્યા નહીં સર્જાય.

**આંખો પર આવેલા સોજાને દૂર કરવાનો ઉપાય**

આંખના સોજાને દૂર કરવા માટે નાની પ્લાસ્ટિક બેગમાં બરફના ટુકડા ભરીને 10-15 મિનિટ આંખ ઉપર મૂકી દો. ધીરેધીરે આંખોની આસપાસ ફેરવતાં રહો. આમ કરવાથી આંખનો સોજો ઓછો થઇ જશે. આંખ ખુલ્લી રાખીને ઠંડા પાણીની છાલક મારવાથી આંખનો સોજો ઓછો થાય છે.

# મેટા 2023 સુધી એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન લાગુ કરશે



ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટા એ ખુલાસો કર્યો છે કે તે 2023 સુધીમાં તેની તમામ મેસેજિંગ સેવામાં ડીફોલ્ટ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન (E2EE) લાગુ કરી શકે છે. એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન એ એક સિક્યુરીટી ફીચર્સ છે જેના દ્વારા મેસેજ મોકલનાર અને વાંચનાર સિવાય જે-તે મેસેજ અન્ય કોઈ વ્યક્તિ વાંચી ન શકે એવી ખાતરી આપે છે. હાલમાં આ સુવિધા મેટા ના તમામ મેસેજિંગ પ્લેટફોર્મ પર લાગુ જ છે પરંતુ કંપની જે-તે દેશની ગવર્ન્મેન્ટ સાથે લો-એન્ફોર્સમેન્ટના નિયમ અનુસાર મેસેજિંગ સર્વિસમાં ફેરફાર કરીને એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શનને ડીફોલ્ટ કરી દેવા માંગે છે.

મેટા એ પહેલા 2022માં વહેલામાં વહેલી તકે સંપૂર્ણપણે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ થવાની યોજનાઓ દર્શાવી હતી. આ યોજનાનો હેતુ મેટા ની સમગ્ર એપ્સમાં બિન-એન્ક્રિપ્ટેડ ડેટા તેમજ એકાઉન્ટની માહિતી અને યુઝર્સની સુરક્ષાને સુધારવા અને દુરુપયોગ સામે લડવા માટે છે. યુઝર્સના હાનીકારક મેસેજને ફ્લેગ કરવામાં આવશે જેથી ખોટી માહિતી ફેલાવતા યુઝર્સ સામે પ્રતિક્રીયા લઈ શકાય.

એન્ક્રિપ્શન કરવામાં મેટા નો મુખ્ય ધ્યેય યુઝર્સની પ્રાઈવસી છે. માર્ચ 2019માં માર્ક ઝુકરબર્ગે જણાવ્યું હતું કે સંચારનું ભાવિ વધુને વધુ ખાનગી, એન્ક્રિપ્ટેડ સેવાઓ તરફ શિફ્ટ થશે જ્યાં લોકો વિશ્વાસ કરી શકે છે કે તેઓ એકબીજાને જે કહે છે તે સુરક્ષિત છે અને તેમના સંદેશાઓ અને સામગ્રી સલામત છે. તે માટે સોશિયલ મીડિયા જાયન્ટે ગયા વર્ષે મેસેન્જર અને ઇન્સ્ટાગ્રામ ચેટ્સને મર્જ કર્યા હતા જેથી તેની લોકપ્રિય એપ્લિકેશનોના પરિવાર વચ્ચે ક્રોસ-એપ કમ્યુનિકેશનની મંજૂરી આપી છે. જ્યારે વોટ્સએપ મૂળભૂત રીતે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ છે, ત્યારે ફેસબુક મેસેન્જર અને ઇન્સ્ટાગ્રામ નથી. પરંતુ તમે સેટિંગ્સ માંથી આ સુવિધા ઓન-ઓફ કરી શકો છો. કંપનીએ સૌપ્રથમ 2016 માં તેની મેસેન્જર એપ્લિકેશનમાં E2EE લોન્ચ કર્યું હતું. જો કે તે ફક્ત મોબાઇલ એપ્લિકેશન્સ સુધી મર્યાદિત "ગુપ્ત વાર્તાલાપ" મોડ પર સ્વિચ કરીને જ ઉપલબ્ધ છે.

મેટાએ 2021માં ઓગસ્ટની શરૂઆતમાં મેસેન્જરમાં વૉઇસ અને વિડિયો કોલ્સ માટે E2EE લંબાવ્યું છે સાથે જ અમુક દેશોમાં મર્યાદિત પરીક્ષણના ભાગ રૂપે નવી ઑપ્ટ-ઇન સેટિંગ શરૂ કરી છે જે ડાયરેક્ટ મેસેજીસ માટે સુવિધા ચાલુ કરશે. વધુમાં મેટાએ તમામ દેશના સાયબર લો-એન્ફોર્સમેન્ટ મુજબ પોતાની એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન સેવામાં ફેરફાર કરવા જરૂરી છે. જે લાંબો સમય માંગે છે.

@beinghumanmj

**કવયિત્રી : હિના મોદી, શીર્ષક : પ્રથા**

શહેરમાં રહું છું પ્રથા થઈ ગઈ છે, વતન છોડી દીધું વ્યથા થઈ ગઈ છે.
એ વતનવાસી વિચારે અહીં ખુશી મળતી હશે,
સ્વપ્નનાં રંગોથી આંખો સૌની ઝળહળતી હશે , શ્વાસમાં ખુશ્બુ ને નદી
રગરગમાં ખળભળતી હશે, ને સમયમાં સુરભી હેમની ભળતી હશે.
તને શું કહું? શું દશા થઈ ગઈ છે? શહેરમાં રહું છું પ્રથા થઈ ગઈ છે.
બાળપણનાં દોસ્ત અહીં આંબાડાળે ટહુકતી કોયલ નથી; ને, હૃદયમાં ઝીલતું આભનું દર્પણ નથી.
અહીં તો છે માનવી માનવીનો હરીફ શહેરમાં રહું છું પ્રથા થઈ ગઈ છે.
સૂર્ય ક્યાં છે આગિયાઓથી અહીં જાહોજલાલી, ઊંઘ ક્યાં છે ઉજાગરો લઈ જુઓ રાત છે ઝાલી.
જીવવાનો થાક લાગે, હરપળે છે પાયમાલી માનવી માનવીનો છે દુશ્મન, શું સમજાવું તને?
શહેરમાં રહેવું વ્યથા થઈ ગઈ છે. ઘેરઘેર માનવીની વ્યથા થઈ ગઈ છે, શહેરમાં રહેવું પ્રથા થઈ ગઈ છે .

## કૃષિ કાયદાઓ રદ...

અનુસંધાન પેજ નં.4થી ચાલુ

ખોટા કેસ થયા હોવાનો દાવો કરીને આ બધા કેસ પાછા ખેંચવાની માગ કરી છે.

આ ઉપરાંત મોદી સરકારમાં રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી અજય મિશ્રાને લખીમપુર ખીરી હત્યાકાંડના ષડ્યંત્રના મુખ્ય સૂત્રધાર ગણાવાયા છે. મોરચાનું કહેવું છે કે, મિશ્રા આજેય ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને મંત્રીમંડળમાં મંત્રી છે. મિશ્રા તમારા સહિત બીજા મંત્રીઓ સાથે સ્ટેજ પર પણ બેસે છે.

મિશ્રાને તાત્કાલિક તગેડી મૂકીને જેલભેગા કરી દેવા જોઈએ. વધુમાં આ આંદોલન દરમિયાન 721 જેટલા ખેડૂતો શહીદ થયા છે., તેથી આ તમામ ખેડૂતોના પરિવારોને વળતર અને પુનર્વસવાટની વ્યવસ્થા કરી આપવાની પણ મોરચાની માગણી છે. મોદી સરકાર માટે આ બધી માગણીઓ સ્વીકારવી મુશ્કેલ છે.

મોદી સરકાર વિદ્યુત અધિનિયમ બિલ પાછું લઈ શકે અને પ્રદૂષણ માટે ખેડૂતોને ગુનેગાર ગણીને સજા કરવાની જોગવાઈ પણ હટાવી શકે પણ આંદોલનમાં માર્યા ગયેલા ખેડૂતોને વળતરની માગ સ્વીકારવી મુશ્કેલ છે. ખેડૂતોની દલીલ તો એવી પણ છે કે, અગાઉ સ્વીનાથન કમિટિમાં મોદી અધ્યક્ષ રહ્યા હતા.

આ કમિટિએ ખેડૂતોના હિત માટે તૈયાર કરેલી ભલામણનો અમલ હજી કરાયો નથી. હકીકતમાં તો ઉત્તરપ્રદેશ, પંજાબ અને ગુજરાતમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. યુપી એ ભારતીય રાજકારણ માટે મહત્વનો પ્રદેશ છે. લોકસભામાં સરકાર રચવા માટે પણ આ વિસ્તારમાં વધુ બેઠક જીતવી પડે છે. આવા સંજોગોમાં ખેડૂત આંદોલનને કારણે દેશ વિદેશમાં મોદી સરકારની છબી ખરડાઈ રહી હતી. જો યુપીમાં ભાજપને ફટકો પડે તો 2024માં લોકસભાની ચૂંટણીમાં જીત અને સરકાર રચવી અત્યંત મુશ્કેલ છે. તેથી મોદી સરકારે ખેડૂતો સામે નમતુ જોખી દીધુ છે.







# ચલાલામાં ઘર કંકાસને કારણે માતાનું બે પુત્રી સાથે અગ્નિસ્નાન, ત્રણે'યના મોત

## મકાનમાંથી ધુમાડા નીકળતા આગ લાગ્યાનું માની પાડોશીઓએ મહિલાના પતિને જાણ કરી

**અમરેલી**

અમરેલી જિલ્લાના ચલાલામાં કરૂણ ઘટના બની છે. અહીંની હરિધામ સોસાયટીમાં એક મહિલાએ પોતાની ૨ પુત્રીઓ સાથે અગ્નિસ્નાન કરી સામૂહિક આપઘાત કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ચલાલાના હરીધામ સોસાયટીના એક મકાનમાં મંગળવારે બપોરના અરસામાં ધુમાડાના ગોટે-ગોટા નિકળતા આગ લાગી હોવાનું માની આસપાસના લોકોએ મકાન માલિક અને મહિલાના પતિ ભરતભાઈ દેવમુરારીને જાણ કરી હતી. તેઓએ ઘરે દોડી આવી ઘરનો દરવાજો ખોલી અને આગ લાગવાના સ્થળ બેડરૂમમાં પહોંચ્યા હતા અને બેડરૂમનાં દરવાજો ખોલતાની સાથે જ ભરતભાઈ દેવમુરારીના પત્ની સોનલબેન દેવમુરારી (ઉ.વ.૪૦) તેમજ તેમની બે પુત્રીઓ હિતાલી (ઉ.વ.૧૪) તેમજ ખુશી (ઉ.વ.૩ માસ) ખરાબ રીતે દાઝી ગયેલ મૃત હાલતમાં મૃત મળ્યા હતા.

ત્યારબાદ સ્થાનિકોએ ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલાં જ આગ પર કાબુ મેળવ્યો હતો અને આ ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ પણ ઘટના સ્થળ પર દોડી આવી હતી.

આ ઘટનામાં મૃતક મહિલાના પતિ ભરતભાઈ દેવમુરારી કે જેઓ ચલાલામાં લોટ દળવાની ઘંટી ચલાવે છે. તેમણે સાવરકુંડલા ડિવિઝનના ડીવાયએસપી કે.જે.ચૌધરીને ઘટનાને લઈને આપેલા નિવેદનમાં પ્રાથમિક તપાસમાં અંદરોઅંદરના ઘર કંકાસના કારણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું હતું.

# બે સી-પ્લેન અને છ સ્થળે સર્વિસ શરૂ કરવા કેન્દ્ર પાસે સહાય મંગાઈ

**ગાંધીનગર**

અમદાવાદના રીવરફ્રન્ટ થી કેવડિયા સુધીની સી-પ્લેન સર્વિસ શરૂ થવાના હજી કોઈ ઠેકાણાં નથી ત્યારે રાજ્ય સરકારે કુલ છ સ્થળોએ સી-પ્લેન સેવા શરૂ કરવા તેમજ ગુજરાતને બે સી-પ્લેન આપવા કેન્દ્ર સરકાર સમક્ષ માગણી કરવામાં આવી છે.

રાજ્યના નાગરિક ઉડ્ડયન મંત્રી પૂર્ણેશ મોદીએ જણાવ્યું છે કે સાબરમતી રીવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની સી-પ્લેન સેવા ઝડપથી શરૂ થાય તે માટે સી-પ્લેનની માગણી કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર ગુજરાતમાં અમદાવાદ રીવરફ્રન્ટ, કેવડિયા, પાલિતાણા પાસે શેત્રૂંજી ડેમ, સાપુતારા લેક, મહેસાણા ધરોઈ ડેમ અને સુરતના ઉકાઈ ડેમ જેવા સ્થળો સી-પ્લેન સુવિધા માટે નિયત કરવામાં આવ્યા છે.

રાજ્યમાં સૌ પ્રથમ સી-પ્લેન સુવિધા અમદાવાર રીવરફ્રન્ટ પરથી શરૂ કરવામાં આવી હતી પરંતુ સી-પ્લેન મરામત માટે ગયું હોવાથી અત્યારે ગુજરાતમાં સી-પ્લેન નથી તેથી ગુજરાત સરકારે બે સી-પ્લેનની માગણી કેન્દ્ર સમક્ષ કરી છે.

# મેગા ટેક્સટાઈલ પાર્ક માટે નવસારીના વાસી ગામમાં જમીનનો સર્વે

**સુરત**

દિવાળી તહેવાર પૂર્વે કેન્દ્રીય મંત્રાયલ દ્વારા પ્રધાનમંત્રી મેગા ઈન્વેસ્ટમેન્ટ ટેક્સટાઈલ પાર્ક (પીએમ મિત્રા) પ્રોજેક્ટની જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન અંતર્ગત પ્રથમ માંગરોળ ત્યાર બાદ ભરૂચના કંટીયાજાલ અને જંબુસર બાદ હવે નવસારીના વાસી ગામમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. ઉદ્યોગકારોના મત મુજબ 96 લાખ ચોરસ મીટર સરકારી જમીન પૈકી 40 લાખ ચોરસ મીટર જગ્યામાં પાર્ક સરળતાથી આકાર લઈ શકશે.

# CM પટેલને ધમકી: 1 કરોડ મોકલાવી દેજો, નહીં તો તમને રાજ કરવા નહીં દઉ

## બનાસકાંઠાના કથાકારના વાયરલ વીડિયોથી રાજ્યમાં ભારે ચકચાર

**બનાસકાંઠા**

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નામે 1 કરોડની ખંડણી મોકલાવી દેવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં બનાસકાઠા વાવના રામકથાકાર બટુક મોરારી બાપૂ નામના વ્યક્તિએ વીડિયો વાયરલ કરીને ખુલ્લેઆમ ધમકી આપી છે. વાયરલ વીડિયોમાં બનાસકાઠા વાવના રામકથાકાર બટુક મોરારી બાપૂ નામના વ્યક્તિએ 11 દિવસની અંદર અને 7 તારીખ સુધીમાં 1 કરોડ રૂપિયા મોકલાવી દેવા કહ્યું છે. અને જો સીએમ તેઓ 1 કરોડ નહીં મોકલાવો તો ગુજરાતમાં પટેલને રાજ નહીં કરવા દેવાની, તેમજ મુખ્યમંત્રીને અકસ્માતમાં માર્યા જશે તેવી વાતો કહેવાય છે.

વીડિયો બટુક એકદમ તોછડી ભાષામાં રાજ્યના સીએમને ઉદ્દેશીને ધમકી આપી રહ્યા છે. તેઓએ વીડિયોમાં કહેતા જણાય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ. હું વાવનો રામકથાકાર બોલી રહ્યો છું. વાવ બનાસકાંઠા મહેશ ભગત, બટુક મોરારી બાપૂ... તેમને પોતાનો મોબાઈલ ફોનનો નંબર પણ આપ્યો છે. હવે 11 દિવસની અંદર 7 તારીખ સુધીમાં 1 કરોડ રૂપિયા મને ગમે ત્યાંથી મોકલાવી દેજો. નહીં તો ગુજરાતમાં પટેલને રાજ નહીં કરવા દઉ, અને તમે પણ અકસ્માતમાં માર્યા જશો.

તમને ગાદીએ બેસાડ્યા એટલે 1 કરોડની દક્ષિણા પહોંચાડી દેજો, સમજ્યા 1 કરોડ... એક રૂપિયો ઓછો નહીં, આજે 25 તારીખ થઈ છે, એટલે 5મી તારીખ સુધીમાં.. ગમે તે માણસને મોકલીશ અને મને 1 કરોડ મોકલાવી દેજો. એટલે ગુજરાતની ગાદી પટેલોને રહેશે, નહીં તો ત્રણ મહિનાની અંદર ઉખાડીને ફેંકી દઈશ.

# રાજકોટમાં ઉત્કર્ષ ગ્રુપ પર GST વિભાગનાં દરોડા, કરોડોની કરચોરી ઝડપાઈ

**રાજકોટ**

ભાવનગરમાં બહાર આવેલા કરોડોનાં બોગસ બિલીંગ કૌભાડનાં પગલે સ્ટેટ જીએસટીની ટીમે રાજકોટ અને બામણબોરમાં ટીએમટી બાર્સ ઉત્પાદક ઉત્કર્ષ ગ્રુપની ફેકટરી અને ડિરેકટરોનાં રહેણાંક સહિત દસ જેટલા સ્થળો પર દરોડાની કાર્યવાહી હાથ ધરી શંકાસ્પદ હિસાબી સાહિત્ય કબ્જે કર્યુ હતું. આ દરોડા દરમિયાન અંદાજે રૂ. ૩૦ કરોડની ખોટા દસ્તાવેજોનાં આધારે વેરાશાખ લઈ કરચોરી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. ભાવનગરમાં બોગસ પેઢીઓ ઉભી કરી કરોડો રૂપિયાનું બોગસ બિલીંગ કૌભાંડ ઝડપી લેવામાં આવ્યુ હતુ તેમાં અફઝલ સવજાણી અને એક મહિલા સહિત કેટલાક શખ્સોની ધરપકડ થઈ હતી.

# ગુજરાતના પાટીદારોને OBCમાં સમાવવા મંત્રી આઠવલેનું સમર્થન

**જૂનાગઢ**

મંત્રી રામદાસ આઠવલે ગુજરાતમાં જૂનાગઢની મુલાકાતે આવ્યા હતા. દરમિયાન રામદાસ અઠાવલેએ જણાવ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતનો પાટીદાર સમાજ પોતાને OBCમાં સામેલ કરવાની માંગ કરી રહ્યો છે. પાટીદાર સમાજની માંગનું તેમની પાર્ટી સમર્થન કરે છે. આ સાથે જ અઠાવલેએ પાટીદાર સમાજની માંગને યોગ્ય ગણાવતા કહ્યું કે, જો કાયદામાં જરૂરી સંશોધન થાય તો પાટીદાર સમાજને OBCમાં સમાવી શકાય છે. આ માટે તેઓની પાર્ટી પાટીદાર સમાજની માંગને ટેકો આપી રહી છે. ગુજરાતમાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાવા મુદ્દે રામદાસ આઠવલેએ જણાવ્યું કે, ડ્રગ્સનું સેવન કરનારા લોકોને નશામુક્તિ કેન્દ્રમાં મોકલવા જોઈએ.

# સંક્ષિપ્ત સમાચાર

## ગીરગઢડાના રસુલપરા ગામે 3 ફૂટના વરરાજા અને 2.75 ફૂટની કન્યાએ પ્રભુતામાં પગલાં માંડયાં



ગીરગઢડા ગામના કાળુભાઈ બાંભણીયા જેમના પરિવારમાં પતિ-પત્ની બે પૂત્રો અને એક દીકરી હોય જેમાં તેમનો સૌથી નાનો પૂત્ર ભીખાભાઈ બાંભણીયા ઉ.વ.28(3 ફુટ)ના લગ્ન રસુલપરા ગામના મોહનભાઈ સોલંકીની પૂત્રી હંસાબેન (ઉ.વ.૨૫)(2.75 ફુટ) સાથે ધામધુમથી યોજાયા હતા. આ લગ્નને નિહાળવા ખુબ જ મોટીસંખ્યામાં લોકો ઉમટયા હતા. ભીખાભાઈ ગીરગઢડામાં એગ્રોની દૂકાનમાં નોકરી કરે છે. તેના પિતા મજૂરી કરે છે. બે ભાઈ અને એક બહેન છે જેમા ભીખાભાઈની લંબાઈ જ ટૂંકી છે. કન્યા હંસાબેનના પિતા મુંગા છે અને તે પણ મજૂરીકામ કરે છે.

## રાજકોટમાં ટ્રાફિકના મહિલા જમાદારને આર્મીમેને સરાજાહેર તમાચો ઝીંકી દેતા ચકચાર

**રાજકોટ** : ટ્રાફિક બ્રાન્ચના જમાદાર અલ્કાબેન સુરેશભાઈ ટીલાવતએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું છે કે ટ્રાફિક બ્રિગેડ સાથે ઢેબર ચોકમાં વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા ત્યારે દેના બેંક ચોક તરફથી આવેલા બાઈકમાં ફેન્સી નંબર પ્લેટ હોવાથી તેના ચાલક ઉગ્રસેન શ્રવણ પટેલ (રહે. ચુનારાવાડ ચોક નદીના કાંઠે) ની પુછપરછ કર્યા બાદ તેના મોટર સાયકલનો ટ્રાફિક પોલીસની એપમાં ફોટો પાડયો હતો. ત્યારબાદ કેસ કરી ઓનલાઈન રસીદ પણ આપી દંડ પેટે મળેલા રૂા.૫૦૦ પોતાના ખિસ્સામાં મુકયા તે સાથે જ લાલ કલરનું શર્ટ અને જીન્સ પહેરેલ એક યુવક તેની પાસે ધસી આવ્યો હતો અને જોર જોરથી એવું બોલવા લાગ્યો કે, તું આ રૂા.૫૦૦ શેના ઉઘરાવશ, તેની પાવતી બતાવ. જેથી તેણે એપ મારફત ઓનલાઈન મેમો આપી દંડ વસુલ કરી રહ્યાનું જણાવતા તે યુવકે ગાળો ભાંડયા બાદ આવેશમાં આવી તમાચો ઝીંકી દીધો હતો.

## સુરતમાં 34.55 કરોડના ખર્ચે 50 ચાર્જીંગ સ્ટેશન શરૂ કરાશેઃ મ્યુનિસિપલ તંત્રનો નિર્ણય

**સુરત** : સુરત મ્યુનિ. તંત્રએ શહેરમાં ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા માટે આગામી દિવોસમાં ૫૦ ચાર્જીંગ સ્ટેશન ઉભા કરવા માટેનો નિર્ણય કર્યો છે. આજે લાઈટ એન્ડ ફાયર કમિટિની બેઠકમાં ૩૪.૫૫ કરોડના ખર્ચે શહેરમાં 50 ચાર્જીંગ સ્ટેશન શરૂ કરવા માટેના અંદાજને મંજુરી આપી છે. સુરતમાં 50 ચાર્જીંગ સ્ટેશનમાં દરેક પોઈન્ટ ફોર વ્હીલ ચાર્જીંગ માટે રહેશે અને દરેક સ્ટેશન પર એક પોઈન્ટ સરકારી વાહનો માટે રાખવામાં આવશે. ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા દેશના સુરત સહિત દેશના 60 શહેરોને સોલાર સીટી તરીકે પસંદગી કરી છે. સુરત મ્યુનિ. તંત્ર દ્વારા સરકારની પોલીસી અંતર્ગત સુરત શહેરમાં વર્ષે 2025 સુધીમાં શહેરમાં 40 હજાર ઈલેક્ટ્રીક વાહન દોડાવવા માટે આયોજન થઈ રહ્યું છે. આ વાહનો માટે ચાર્જીંગ સ્ટેશન સૌથી મોટો પોઈન્ટ છે.

## ભાવનગર-દિલ્હીની ફ્લાઈટ બંધ થવાની અણીએ, પ્રજાની સુવિધા છીનવાશે

**ભાવનગર** : રાજધાની દિલ્હી સાથે ભાવનગરનું હવાઈ માર્ગે સીધું જોડાણ થયું હતું. પરંતુ ત્રણથી સવા ત્રણ માસના ટૂંકા સમયમાં જ આ સુવિધા પણ છીનવાઈ જશે તેવા એંધાણ મળી રહ્યા છે. ભાવનગર-દિલ્હી વચ્ચે ૨૦મી ઓગસ્ટથી અઠવાડિયામાં મંગળવારને બાદ કરતા ડેઈલી કરવામાં આવી હતી. સ્પાઈસ જેટ દ્વારા હવાઈ સેવા શરૂ કરવામાં આવતા ભાવનગરવાસીઓને દિલ્હીનું અંતર માત્ર ૧૨૫થી ૧૩૦ મિનિટનું થઈ ગયું હતું. પ્રારંભે સારો પ્રતિસાદ મળ્યા બાદ ધીરે ધીરે ટ્રાફિક ઘટતો ગયો હતો. હાલ દિલ્હીની ફલાઈટમાં ૫૦ ટકા જેટલા જ પેસેન્જર મળી શકતા હતા. દરમિયાનમાં ફલાઈટ ઓપરેટ કરતી કંપની સ્પાઈસ જેટ દ્વારા ભાવનગર-દિલ્હી વચ્ચે સીધી હવાઈ સેવા બંધ કરી વાયા સુરત ચલાવવાનો નિર્ણય કરાયો છે.

## ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવેનું કામ જમીન સંપાદનને કારણે વિલંબમાં

**ભાવનગર** : ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવેનું કામ પાંચ વર્ષ થવા છતાં પૂરૂ થઈ શક્યું નથી. હાઈવેના કામમાં જમીન સંપાદનનો પ્રશ્ન માથાના દુખાવારૂપ બન્યો છે. ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતો, જમીન માલિકો દ્વારા સરકાર પાસેથી પૈસા લઈ લેવાયા બાદ પણ જમીન સોંપવામાં આનાકાની થઈ રહી હોય, જેના કારણે પ્રોજેક્ટ વિલંબમાં પડયો છે જેને લઇ ૩૬ મહિનામાં જે કામ પૂર્ણ થવાનું હતું તે પાંચ-પાંચ વર્ષ પછી પણ પૂર્ણ થયું નથી. વર્ષ ૨૦૧૭માં ૨૫૬ કિ.મી. લાંબા ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવેનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. રૂા.૨૫૦૦ કરોડના પ્રોજેક્ટનું કામ હાલ પણ કોઈના કોઈ કારણસર ખોરંભે ચડી રહ્યું છે. એનએચએઆઈ દ્વારા ૬ પેકેજમાં ચાર કંપની સદ્ભાવ, એગ્રો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ, કળથિયા અને કે.સી.સી.ને કામ સોંપાયું છે.

# વાઈબ્રન્ટ સમિટ પૂર્વે મૂડીરોકાણ માટે છ શહેરો, વિદેશોમાં રોડ-શો

## 917220 ચોરસમીટર સરકારી પડતર જમીન જાહેર હેતુસર ફાળવાઈ

ગાંધીનગર

ગુજરાતમાં 10મી વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ 2022 સંદર્ભે રાજ્યના મુખ્યમંત્રી, મંત્રીમંડળના સભ્યો તેમજ ઉચ્ચ અધિકારીઓ દેશ અને વિદેશમાં રોડ-શોમાં ભાગ લેવાના છે. આ રોડ-શોનો પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 25મી નવેમ્બરે સવારે નવ કલાકે નવી દિલ્હીથી થયો હતો. રાજ્યના પ્રવક્તા મંત્રીએ જણાવ્યું કે વાયબ્રન્ટ ગ્લોબલ સમિટના પ્રચાર અર્થે દેશ વિદેશમાં રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સરકારના વિવિધ વિભાગોના સેક્રેટરીઓ અમેરિકા જર્મની, નેધરલેન્ડ, યુકે, ફ્રાન્સ, જાપાન, દુબઈ, અબુધાબી તથા મિડલ-ઈસ્ટના દેશોમાં જશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ 8 અને 9 ડિસેમ્બરના રોજ દુબઈ અને આબુધાબી ખાતે રોડ શોમાં સહભાગી થશે,

જ્યારે દેશમાં છ રાજ્યોના મેટ્રોપોલિટન શહેરમાં પણ રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં નવી દિલ્હીની સાથે મુંબઈ, લખનઉ, હૈદરાબાદ, ચેન્નઈ અને બેંગલોર ખાતે યોજાનારા રોડ શોમાં મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહેશે.તેમણે કહ્યું કે એમએસએમઈ ઉદ્યોગ ક્ષેત્રે લોકોને માહિતી મળે એ માટે 10મી જાન્યુઆરી થી ત્રિદિવસીય ગ્લોબલ ટ્રેડ શોનું હેલીપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.


## ક્લાસીફાઈડ / Classified

**HELPER WANTED**

Elderly Couple, London, Ontario, seeking Gujarati lady for live in help. Cook Gujarati food, provide general help. Free room and board. Salary to be negotiated. **Please call 519-438-4966**

**રસોઈ બનાવનાર જોઈએ છે**

શુદ્ધ શાકાહારી કપલ માટે રસોઈ બનાવનાર તથા હળવા ઘરકામ માટે બહેનની જરૂર છે. સારો પગાર તથા રહેવાની સગવડ મળશે.

સંપર્ક કરો : ૬૪૭-૬૮૭-૪૨૮૮

**હેલ્પર જોઈએ છે**

વૃદ્ધ દંપતિ માટે લંડન ઓન્ટેરિયો ખાતે ગુજરાતી ભોજન બનાવી શકે અને સાથે સાથે સામાન્ય મદદ પણ કરી શકે તેવી મહિલા જોઈએ છે. રૂમ અને બોર્ડ આપવામાં આવશે. પગાર માટે નેગોસિએટ કરી શકો છો. ફોન : ૫૧૯-૪૩૮-૪૯૬૬


# રાજકોટમાં કોવિડથી 458 મોત અને 3 દિવસમાં 925 કુટુંબોની સહાય અરજી

રાજકોટ

રાજકોટ મનપામાં કોરોનાથી સત્તાવાર રીતે કુલ ૪૫૮ નાગરિકોના રાજકોટમાં મૃત્યુ નોંધાયા છે, જે સામે વાસ્તવિક મોતનું સત્ય સહાયની અરજીઓમાં જ ઉજાગર થઈ રહ્યું છે. માત્ર ત્રણ-ચાર દિવસમાં જ રાજકોટમાં ૯૨૫થી વધુ કોરોના મૃત્યુ માટે અરજી થઈ છે. મનપા અને સરકારે કોરોનાથી જેટલા મૃત્યુ જાહેર કર્યા તેથી બમણાં તો અત્યાર સુધીમાં જ લોકોએ જાહેર કર્યા છે. જે મૃતકોના અંતિમ સંસ્કાર કોવિડ પ્રોટોકોલ પ્રમાણે આ માટે નક્કી કરાયેલા સ્મશાનમાં નક્કી કરેલી પધ્ધતિએ થયા છે તે મૃત્યુને કોવિડ ડેથ ગણાયા નથી. હવે આ મૃત્યુ કોવિડ છે કે કેમ તે ફરી એક વાર સરકારી કમિટિ નક્કી કરશે. હાલ, રાજકોટમાં મહાપાલિકાની ઢેબરરોડ પર આવેલી જન્મમરણ કચેરી કે જ્યાં રોજ સામાન્ય દિવસોમાં પણ ચારસોથી પાંચસો અરજદારોની કતારો લાગતી હોય છે ત્યાં જ કોરોનાથી મૃત્યુ પામેલા પરિવારજનોને મૃત્યુના કારણ સાથેનું સર્ટિફિકેટ માટે અરજી સ્વીકારવાની વ્યવસ્થા કરાઈ છે. આ સ્થળે માત્ર રાજકોટ શહેરની હોસ્પિટલમાં જે કોરોનાથી મૃત્યુ પામ્યા હોય તેમની જ અરજી સ્વીકારાય છે. જે પ્રકારની અત્યાર સુધી ૯૨૫થી વધુ અરજીઓ આવી છે.

### કોરોનાથી મૃત્યુ પામેલા તમામને સહાય મળશે જ

**ગાંધીનગર** : ગુજરાતમાં કોરોના મહામારીમાં મૃત્યુ પામેલા દર્દીઓના મુદ્દે રાજ્ય સરકારે જાહેર કર્યું હતું કે કોરોનાથી જે કોઇ વ્યક્તિનું મૃત્યુ થયું હશે તેમના પરિવારોને સહાય ચૂકવવામાં આવશે. સરકારના પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટ દ્વારા જે દિશાનિર્દેશ મળશે તે પ્રમાણે સહાય ચૂકવવામાં આવશે. ખોટા આંકડા જાહેર કરી કોંગ્રેસ ગુજરાતને બદનામ કરી રહી હોવાનો આરોપ મૂકી પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે કોરોનાકાળ દરમિયાન જે મોત થયા છે તેને WHO અને આરોગ્ય વિભાગની ગાઇડલાઇન અનુસાર ડેથ સટફિકેટ અપાયા છે.

# વાઇબ્રન્ટ સમિટ પહેલા ધોલેરા ખાતે અદ્યતન ડેટા સેન્ટર બનાવવા તૈયારી

ધોલેરા

ગુજરાતમાં સોશિયલ મીડિયા તથા ઈ-કોમર્સ વેબસાઈટનો ઉપયોગકર્તા કરોડો યુઝર્સના ડેટા માટે એકીકૃત સેન્ટર ઊભું કરવામાં આવશે. ગુજરાત સરકાર 10મી વાઈબ્રન્ટ સમિટ પહેલાં રાજ્યમાં અદ્યતન ડેટા સેન્ટરની સ્થાપના કરવાનું વિચારી રહી છે. આ સેન્ટર ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન (SIR) વિસ્તારમાં ઊભું કરવાનું આયોજન ચાલી રહ્યું છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, એકીકૃત ડેટા સેન્ટર માટે ભારત સરકાર એક સર્વગ્રાહી પોલિસી બનાવી રહી છે. સંસદના શિયાળુ સત્રમાં ભારત સરકાર પ્રાઈવેટ ડેટા સંરક્ષણ વિધેયક પણ લાવી રહી છે. જેમાં ટ્વિટર, ફેસબુક જેવા સોશિયલ મીડિયા તેમજ ઈ-કોમર્સની તમામ કંપનીઓ અને દૂરસંચારના અભિપ્રાયો પણ લેવામાં આવ્યા છે. અન્ય રાજ્યોની જેમ ગુજરાત પણ ડેટા સેન્ટર પોલિસી બનાવશે. આ પોલિસીનો ડ્રાફ્ટ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં મૂડીરોકાણ અને રોજગારીના અવસર પ્રાપ્ત કરવામાં આવશે. રાજ્ય સરકારમાં વ્યાપક ચર્ચાના અંતે આવું ડેટા સેન્ટર ધોલેરામાં સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ડેટા સેન્ટરથી જોડાયેલી નીતિ તૈયાર કરવા માટે આંધ્ર પ્રદેશ અને તેલંગાના સરકારની નીતિનો પણ અભ્યાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આવું ડેટા સેન્ટર હાલ તામિલનાડુના ચેન્નાઈમાં બનાવવામાં આવેલું છે.

# સંસ્કૃતિના જતનમાં ગુરૂકૂળનું મોટું યોગદાનઃ રાજ્યપાલ

રાજકોટ

સોમવારે ભારતમાં અનેક સ્થળે ગુરૂકૂળ પરંપરાની શિક્ષણ પ્રણાલી ભારતીય સંસ્કૃતિનું જતન કરતી રહી છે. રાજકોટ સ્વામિનારાયણ ગુરૂકૂળ ખાતે યોજાયેલા અમૃત સંકલ્પ સમારોહમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રનાં નિર્માણમાં ગુરૂકૂળ પરંપરાનું અમુલ્ય યોગદાન હોવાનું જણાવી આ પરંપરાને આગળ વધારી વિદ્યાર્થીઓને સમાજનું ઋણ ચૂકવવા અપીલ કરી હતી. આ પ્રસંગે ગુરૂકૂળનાં નૂતન છાત્રાલય ભવનનું ભૂમિ પૂજન કરાયુ હતુ. રાજયપાલ આચાર્ય દેવવ્રતે આ પ્રસંગે જણાવ્યુ હતું કે આધુનિક યુગમાં ભારતીય સંસ્કૃતિનું જતન અને મુલ્યનિષ્ઠ સંસ્કારોનું સિંચન કરવામાં ગુરૂકૂળ પરંપરાનું બહુમોટુ યોગદાન છે. સુસંસ્કૃત સમાજનાં નિર્માણ અને સમાજ અને દેશ માટે સમર્પિત ભાવના સાથેના નાગરિકો તૈયાર કરવામાં ગુરૂકૂળનું વિશેષ યોગદાન છે.

# પરિણીતાને કેનેડા જઈ બીજા લગ્ન કરવાની ધમકી આપી હાંકી કઢાઈ

અમદાવાદ

સાઉથ બોપલમાં કાવેરી પ્રથમ ખાતે રહેતા નિલમબહેનનાં 2019માં મનીષકુમાર બચાની સાથે કોર્ટ મેરેજ થયા હતા. લગ્નનાં બે દિવસ બાદ પતિ મનીષ કેનેડા ગયો હતો અને નિલમબહેન શીલજની સાસરીમાં બે મહિના રોકાયા હતા. એકાદ વર્ષ બાદ મનીષ કેનેડાથી પરત આવ્યો હતો. નિલમબહેનને કેનેડા લઈ જવા તેમના પિયરમાંથી પૈસા લઈ આવવા અવારનવાર કહેતો હતો. 2020માં નિલમબહેન પતિ સાથે કેનેડા ગયા હતા. જ્યાં તે નિલમબહેનને તુ મરી કેમ જતી નથી કહીને ઝઘડા કરતો હતો. 2021માં બન્ને પરત અમદાવાદ શીલજ આવ્યા હતા. જ્યાં પતિએ તારા માતાપિતાને ત્યાંથી પૈસાની વ્યવસ્થા કરાવી આપજે, તારા માબાપે યોગ્ય કરિયાવાર આપ્યું નથી કહીને ઝઘડો કર્યો હતો. સાસુ અને પતિએ નિલમબહેનને મૂઢ માર મારી વાળ પકડી ઘરની બહાર કાઢી મુક્યા હતા. જે બાદ તેઓએ પિયરમાંથી દાગીના અને પૈસા લાવ્યાબાદ ઘરમાં પગ મુકવા દઈશું કહીને ધમકી આપી હતી. પતિએ તો હું કેનેડા જઈ બીજા લગ્ન કરી લઈશ એવી ધમકી આપી હતી. આ અંગે નિલમબહેને ગ્રામ્ય પોલીસનાં મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ મનિષ, સાસુ પુજાબહેન અને સસરા હીરાનંદ બચાની સામે ફરિયાદ નોંધાવી હતી.

# ગાંધીનગર ભારતભરમાં સૌથી સ્વચ્છ પાટનગર

ગાંધીનગર

કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા છ વર્ષથી શહેરોની સ્વચ્છતા મામલે હરીફાઈ યોજવામાં આવે છે અને સ્વચ્છતા સર્વેક્ષણ કરીને પરિણામો જાહેર કરવામાં આવે છે ત્યારે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧માં ગાંધીનગર સમગ્ર દેશના રાજ્યોના પાટનગરમાં સૌથી સ્વચ્છ પાટનગર તરીકે મેદાન મારી ગયું છે. ગાંધીનગરને કલીનેસ્ટ સ્ટેટ કેપીટલનો એવોર્ડ મળ્યો છે. દીલ્હી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર અને મ્યુનિ. કમિશનરે એવોર્ડ સ્વીકાર્યો હતો. આ પરિણામ અંતર્ગત એકથી દસ લાખની વસ્તીવાળા શહેરોમાં ગાંધીનગર છઠ્ઠા ક્રમે અને એક લાખથી વધુ વસ્તીવાળા શહેરોમાં ૧૧મો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. વર્ષ ૨૦૧૪માં કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર દેશનું શુકાન સંભાળ્યા બાદ શહેરોની સ્વચ્છતા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો અને આ અભિયાન અંતર્ગત શહેરો વચ્ચે જ સ્વચ્છતાની હરીફાઈ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

# પાટીલે કોંગ્રેસી માટે દરવાજા બંધ કર્યા, ડેરે કહ્યું, બીજી પાર્ટીમાં જવાનો પ્રશ્ન જ નથી

## સૌરાષ્ટ્રમાં પક્ષપલ્ટાની રાજનીતિને બ્રેકઃ સમયસર ચૂંટણીની જાહેરાત

રાજકોટ

રાજુલાના બાબરીયાધાર ખાતે આહીર સમાજના સમુહલગ્નોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ્રદેશ ભાજપ પ્રમુખ આર.સી. પાટિલે મંચ પર સાથે ઉપસ્થિત કોંગ્રેસના ધારાસભ્ય અંબરીશ ડેર અંગે એસ.ટી. માં જેમ રૂમાલ રાખી જગ્યા રખાય તેમ જગ્યા રાખી છે તેમ કહેતા અને બાદમાં પક્ષપલ્ટાનો ધસીને ઈન્કાર કરવાને બદલે ડેરના સોફ્ટ નિવેદનોના પગલે પક્ષપલ્ટો ચર્ચામાં આવ્યો હતો. આજે રાજકોટમાં એક તરફ પાટિલે માત્ર ડેર નહીં, કોંગ્રેસના નેતાઓ માટે ભાજપના દરવાજાને હાલતુરંત તો બંધ કરી દેતા બીજી તરફ ડેરે એવું નિવેદન આપ્યું હતું કે તેઓ કોંગ્રેસમાંથી ચૂંટાયા છે અને બીજી પાર્ટીમાં જવાનો પ્રશ્ન નથી.જ્યાં જે પક્ષમાં છીએ ત્યાં રહીને પણ લોકોને ન્યાય આપી શકાય છે.

પાટિલની આજની વાતે સૌરાષ્ટ્રના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે હતી. જે બાદ વિવાદ વધવાની બીકે પાટીલે અમે કોંગ્રેસના કોઈને લેવા તૈયાર નથી તેમ સ્પષ્ટ જાહેર કરાતા પક્ષપલ્ટોની તૈયારી કરતા કે તેનો ડર દેખાડીને કોંગ્રેસમાં મહત્વ વધારતા નેતાઓ પણ વિમાસણમાં મુકાઈ ગયા છે. જો કે રાજકારણમાં આવા અભિગમ કેટલુ ટકે છે તે પણ સવાલ હોય છે પરંતુ, હાલ કોંગ્રેસ માટે ભાજપમાં ખુલ્લેઆમ ભરતી ઝુંબેશને હાલ બ્રેક તો લાગશે તેમ રાજકીય નિરીક્ષકો માને છે. આ સાથે જ વહેલી ચૂંટણીની વાતોનો પણ આજે ભાજપે છેદ ઉડાડી દીધો છે અને સમયસર, ઈ.૨૦૨૨ના અંતમાં જ ચૂંટણી યોજવા તૈયારીઓ આદરી દીધી છે.

# હળવદમા ખેડૂતો આકરાં પાણીએ સામૂહિક આત્મવિલોપનની ચીમકી

હળવદ

વડોદરાથી લાકડીયા 765 kv dc લાકડીયા વડોદરા ટ્રાન્સમિશન લાઈન વળતર બાબતે હળવદ તાલુકાના 15થી વધારે ગામોના ખેડૂતો દ્વારા વિરોધ નોંધાવામાં આવી રહ્યો છે.

કંપની ખેડૂતોને ભિખારી બનાવી રહી છે તેવો આક્ષેપ ખેડૂતોઓ કર્યો હતો. ત્યારે હળવદ તાલુકાના રણજીતગઢ ગામ કંસારી હનુમાન પાસે છેલ્લા બે દિવસથી તંત્ર દ્વારા કામગીરી માટે પોલીસ તથા એસઆરપી બંદોબસ્ત સાથે રાખીને કામગીરી ચાલુ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેના વિરોધમાં ખેડૂતોએ એકઠા થઈને પોતાની જમીન પર સૂઈ જઈ સામૂહિક આત્મવિલોપનની ચીમકી આપતા તંત્રને શનિવારે સતત બીજા દિવસે પણ વીલા મોઢે પરત ફરવું પડયું હતું. હળવદ તાલુકાના ખેડૂતોને લાકડીયા વડોદરા 765 કેવી વીજ લાઈનના વળતર બાબતે અન્યાય થતો હોવાથી ખેડૂતોએ આકરાપાણીએ થઈ વિરોધ કર્યો હતો. વળતરમાં વધારો કરવા માંગ ઉઠવી છે. 15 ગામોના ખેડૂતોએ એકઠા થઈ આ ગામોમાં સ્ટરલાઈટ પાવર એનર્જી દ્વારા ચાલતી લાકડીયા વડોદરા 765 કેવી વીજ લાઈનની કામગીરીનો વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોએ સામુહિક આત્મવિલોપન ચીમકી ઉચ્ચારતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

# કોરોના મુદ્દે મોદીએ 13 રાજ્યોને પત્ર લખી એલર્ટ કર્યા

## નાગાલેન્ડ, સિક્કિમ, મહારાષ્ટ્ર, કેરળ, ગોવા, મણિપુર, મેઘાલય, મિઝોરમ, જમ્મૂ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, પ.બંગાળ લદ્દાખનો સમાવેશ

નવી દિલ્હી

અનેક દેશોમાં કોરોનાના કેસમાં વધારો થયો છે તેને લઈને સ્વાસ્થ્ય મંત્રાલયે પ.બંગાળ, કેરળ, મહારાષ્ટ્ર, પંજાબ સહિત 13 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પત્ર લખીને સાપ્તાહિક તપાસમાં ઘટાડો થવાની સાથે કેટલાક જિલ્લામાં સંક્રમણ દરમાં વધારો થવાને લઈને ચિંતા વ્યક્ત કરી છે. નાગાલેન્ડ, સિક્કિમ, મહારાષ્ટ્ર, કેરળ, ગોવા, મણિપુર, મેઘાલય, મિઝોરમ, જમ્મૂ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, પ.બંગાળ અને લદ્દાખને લખાયેલા પત્રમાં સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ભૂષણે લગ્નની સીઝન, તહેવાર અને રજાના કારણે હાલમાં યાત્રામાં વધારોના કારણે કોરોના ટેસ્ટ વધારવા પર ભાર આપવા કહ્યું છે. ભૂષણે પત્રમાં કહ્યું કે તપાસમાં ઘટાડો થવાના કારણે સમુદાયમાં ફેલાયેલી વાસ્તવિક સંક્રમણનો દર જાણી શકાશે નહીં. અધિકારીએ કહ્યું કે કેટલાક રાજ્યોમાં શિયાળાની શરૂઆત અને વધતા પ્રદૂષણના કારણે લોકોમાં શ્વાસ સંબંધી ગંભીર લક્ષણોની તપાસ થવી જરૂરી છે. સંક્રમણના મોટા ક્ષેત્રની ઓળખ માટે સમયસર પગલા લેવા જરૂરી છે. પૂરતી તપાસ નહીં થવાના કારણે કોઈ પણ ક્ષેત્રમાં ફેલાયેલા સંક્રમણના વાસ્તવિક સ્તરની જાણકારી મેળવવી મુશ્કેલ છે.

## દેશમાં છેલ્લા 24 કલાકમાં 9119 નવા કેસ નોંધાયા

દેશમાં ગુરુવાર સાંજ સુધીમાં ૨૪ કલાકમાં કોરોનાના ૯,૧૧૯ કેસ નોંધાયા છે અને ૩૯૬ લોકોના મોત થયા છે. કોરોનાના કુલ કેસની વાત કરીએ તો, તેમની સંખ્યા વધીને ૩૪,૫૪૪,૮૮૨ થઈ ગઈ છે. બીજી તરફ, જો આપણે કોરોનાના સક્રિય કેસોની સંખ્યા વિશે વાત કરીએ, તો તે વધીને ૧૦૯,૯૪૦ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૨૬૪ લોકો કોરોનાથી સાજા થયા છે. કોરોનાથી સાજા થયેલા લોકોની કુલ સંખ્યા વધીને ૩૩,૯૬૭,૯૬૨ થઈ ગઈ છે. કોરોનાથી અત્યાર સુધીમાં ૪૬૬,૯૮૦ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૦,૨૭,૬૩૮ લોકોને રસી આપવામાં આવી હતી.

## કર્ણાટકની મેડિકલ કોલેજના 66 વિદ્યાર્થી કોરોના પોઝિટિવ

સ્કૂલો કોલેજો ખુલી ગઈ છે તો કોરોના હવે વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવા માંડયો છે. છેલ્લા કેટલાક દિવસોમાં સ્કૂલોમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થયા હોવાના મામલા સામે આવ્યા છે અને હવે કર્ણાટકની એસડીએમ મેડિકલ કોલેજના ૬૬ સ્ટુડન્ટસ એક સાથે કોરોના પોઝિટિવ આવતા તંત્રમાં હડકંપ મચી ગયો છે. સત્તાધીશોએ કેમ્પસમાં આવેલા બે હોસ્ટેલ સીલ કરી દીધા છે.આ કોલેજમાં કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ હોવાનુ ખબર પડતા તમામ વિદ્યાર્થીઓનો કોરોના ટેસ્ટ કરવાનો કોલેજના સત્તાધીશોએ નિર્ણય લીધો હતો.

# 30 દિવસમાં બધી માગ સ્વીકારવા ખેડૂતો દ્વારા સરકારને અલ્ટિમેટમ

ગાઝિયાબાદ

નરેન્દ્ર મોદીએ ત્રણ કૃષિ કાયદાઓને રદ કરવાની જાહેરાત કરી હતી, આ કાયદાને રદ કરવા કે પરત લેવા માટે કેન્દ્રીય કેબિનેટ દ્વારા એક બિલને મંજૂરી આપવામાં આવી છે. શિયાળુ સત્ર દરમિયાન સંસદમાં રજુ કરવામાં આવશે જેને મંજૂરી મળી ગયા બાદ આ કાયદા આપોઆપ રદ થઈ જશે. કેમ કે નિયમ મુજબ કાયદા ઘડવાની જેમ જ રદ કરવા માટે પણ સંસદમાં બિલ પસાર કરવું જરૂરી હોય છે. બીજી તરફ ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું છે કે જ્યાં સુધી ખેડૂતોની બધી માગણી પુરી નહીં થાય ત્યાં સુધી આંદોલન શરૂ રહેશે. ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે કહ્યું હતું કે જો મોદી સરકાર 26મી જાન્યુઆરી પહેલા ખેડૂતોની અન્ય બધી માગણીઓ સ્વિકારી લેશે તો જ અમે દિલ્હીની સરહદોએ ધરણા સમાપ્ત કરીને પરત જતા રહીશું, જો માગણીઓ ન સ્વિકારાય તો આ સરહદોને ખાલી નહીં કરીએ. રાકેશ ટિકૈતે કહ્યું હતું કે કેંદ્ર સરકારે કૃષિ કાયદા પરત લેવાની જાહેરાત કરી છે પણ અમારી માગણી માત્ર કૃષિ કાયદા પરત લેવાની નથી, અમે એ ઈચ્છીએ છીએ કે સરકાર ટેકાના ભાવ મુદ્દે કાયદો લાવે.

# અમેઠીમાં એકે203 કાલાશ્નિકોવ રાઈફલ બનાવવા માટે ભારત-રશિયા વચ્ચે કરાર

## ભારતીય દળો ઈનસાસ રાઈફલોના સ્થાને કાલાશ્નિકોવ રાઈફલોનો ઉપયોગ કરશે

નવી દિલ્હી

ભારત અને રશિયાએ ઉત્તર પ્રદેશના અમેઠીમાં નવી ફેક્ટરીમાં 6 લાખ એકે203 એસોલ્ટ રાઈફલો બનાવવાનો કરાર કર્યો છે. કાલાશ્નિકોવ રાઈફલો ભારતીય દળોની ઈનસાસ રાઈફલનું સ્થાન લેશે.

આગામી વર્ષે ઉત્તર પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી અગાઉ કેન્દ્ર સરકારનું આ પગલું મહત્વનું માનવામાં આવે છે. રક્ષા મંત્રાલયે મંગળવારે રશિયા અને ભારત વચ્ચે 6 લાખ એકે203 એસોલ્ટ રાઈફલો અમેઠી ખાતે એક નવી ફેક્ટરીમાં બનાવવાના સોદાને મંજૂરી આપી છે. ભારતમાં રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિનની મુલાકાત અગાઉ ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ દ્વારા આ સંબંધે નિર્ણય લેવાયો છે.

આ રાઈફલો સંયુક્ત સાહસ તરીકે બનાવવામાં આવશે. નિષ્ણાંતોના મતે એકે47નો આધુનિક અવતાર ગણાતી એકે 203 ભારતીય દળો માટે મહત્વની સાબિત થઈ શકે છે. નોંધનીય છે કે ભારતીય સેનાની રાષ્ટ્રીય રાઈફલ યુનિટો અને ઈન્ફન્ટ્રી રેજિમેન્ટ્સ કાલાશ્નિકોવનો સૌથી વધુ ઉપયોગ કરે છે.

નક્કી કરાયેલા સોદા મુજબ ભારત અને રશિયા અમેઠીમાં નવી ફેક્ટરી ખાતે 6,01,427 એકે203 એસોલ્ટ રાઈફલોનું ઉત્પાદન થશે. બંને દેશો વચ્ચે ટેકનોલોજીના ટ્રાન્સફરની પ્રક્રિયાના હિસ્સા તરીકે પહેલી 70,000 રાઈફલોમાં રશિયન બનાવટના કમ્પોનન્ટ વાપરવામાં આવશે.

# સરકાર ઈકોનોમી, સીમા સુરક્ષા, રાષ્ટ્રીય સુરક્ષા જેવા મુદ્દા પર નિષ્ફળ : સ્વામી

નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી અને ટીએમસીના પ્રમુખ તેમજ બંગાળના સીએમ મમતા બેનરજી વચ્ચે ગઈકાલે મુલાકાત થઈ હતી.

એ પછી સ્વામીએ મોદી સરકાર પરના હુમલા તેજ કરી દીધા છે.પોતાની જ સરકાર પર સવાલ ઉઠાવીને સ્વામીએ કહ્યુ છે કે, મોદી સરકાર દરેક મોરચે નિષ્ફળ રહી છે.

તેમણે કહ્યુ હતુ કે, મોદી સરકાર ઈકોનોમી, સીમા સુરક્ષા, વિદેશ નીતિ, રાષ્ટ્રીય સુરક્ષા અને આંતરિક સુરક્ષા જેવા મુદ્દાઓ પર નિષ્ફળ છે.અફઘાનિસ્તાન સંકટ સાથે પણ આ સરકાર કામ પાર પાડી શકી નથી.પેગાસસ જાસૂસી પ્રકરણ માટે પણ કેન્દ્ર જ દોષી છે.આ નિષ્ફળતાઓની જવાબદારી કોની છે આ પહેલા સ્વામીએ મમતા બેનરજી સાથે મુલાકાત બાદ પણ મમતાના વખાણ કરીને તેમની



સરખામણી રાજીવ ગાંધી, મોરારજી દેસાઈ, જયપ્રકાશ નારાયણ, પીવી નરસિમ્હા રાવ જેવા દિગ્ગજો સાથે કરી હતી. સ્વામીએ આ પહેલા પણ કહ્યુ હતુ કે, મોદી સરકાર બેવકૂફોથી ભરેલી છે અને ચીનના ઈરાદાનો આમને સામને મુલાકાત બાદ પણ અંદાજો લગાવી શકી નથી.

# શ્રીનગરમાં સૈન્યનું ઓપરેશન :3 આતંકીઓ ઠાર, પંજાબમાં એલર્ટ

## મામલાની પારદર્શક રીતે તપાસ કરવા આ કાર્યવાહી કરાઈ

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં સૈન્ય અને આતંકીઓ બન્ને વચ્ચે સામસામે ભારે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન હાથ ધરાયેલા એન્કાઉન્ટરમાં સૈન્યએ ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા.

શ્રીનગરના રામબાગ વિસ્તારમાં આ ઘર્ષણ થયું હતું. જેમાં ત્રણ આતંકીઓ માર્યા ગયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. શ્રીનગરમાં બુધવારે બપોરે રામબાગ વિસ્તારમાં આતંકીઓ છુપાયા હોવાની જાણકારી પોલીસને મળી હતી. જે બાદ સૈન્યની મદદથી સમગ્ર વિસ્તારને ઘેરીને તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

આતંકીઓએ આ દરમિયાન જ સૈન્ય પર ગોળીબાર કરી દીધો હતો. બન્ને તરફથી સામસામે ગોળીબાર થયો હતો. જેમાં ત્રણ આતંકીઓ સ્થળ પર ઠાર મરાયા હતા. માર્યા ગયેલા ત્રણમાંથી બે આતંકીઓના નામ મેહરાન અને બાસિત છે. આઈજીપી વિજય કુમારે જણાવ્યું હતું કે કુલગામ જિલ્લાના પોંબઈ અને ગોપાલપોરા ગામમાં આ એન્કાઉન્ટર થયા હતા. જેમાં પણ પાંચ આતંકીઓ માર્યા ગયા હતા. જ્યારે પંજાબમાં આગામી વર્ષે ચૂંટણી યોજાવા જઈ રહી છે.

# મેઘાલયમાં ભૂતપૂર્વ સીએમ સંગમા સહિત 12 MLA ટીએમસીમાં જોડાયા

નવી દિલ્હી

મેઘાલયમાં કોંગ્રેસ પર મમતા બેનરજીએ સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. કોંગ્રેસના ૧૮માંથી ૧૨ વિધાનસભ્ય તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)માં સામેલ થઈ ગયા છે. કોંગ્રેસ છોડી ટીએમસીમાં સામેલ થનારાઓમાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાન મુકુલ સંગમા પણ સામેલ છે. તે રાજ્યમાં પક્ષના ટોચના નેતા મનાય છે. વાસ્તવમાં મુકુલ સંગમાએ ટીએમસીના મહાસચિવ અભિષેક બેનરજી સાથે સપ્ટેમ્બરમાં મુલાકાત કરી હતી. આ ઉપરાંત મુકુલ સંગમાં વિપક્ષના નેતા વિન્સેન્ટ પાલાથી નારાજ હોવાનું પણ કહેવાય છે. ટીએમસીના સર્વેસર્વા મમતા બેનરજી સતત પક્ષને વિસ્તારી રહી છે.

# સરકારે પ્રદૂષણના ખોટા આંકડા રજૂ કરતા સુપ્રીમ કોર્ટે ખખડાવ્યા

## એર ક્વોલિટી ઈન્ડેક્સ 381 હતો, સરકારે 290 હોવાનું કહ્યું

નવી દિલ્હી

દિલ્હી એનસીઆરમાં એર પોલ્યૂશનને લઈને સુપ્રીમ કોર્ટે બુધવારે એક વખત ફરી સુનાવણી કરી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે એક વખત ફરી સરકારને સવાલ કર્યો છે કે તેણે પ્રદૂષણ અટકાવવા માટે શું કામગીરી કરી છે તેનો જવાબ આપો.

એટલુ જ નહીં આકરૂં નિવેદન કરતા સુપ્રીમે કહ્યું કે સમસ્યા એ છે કે લોકોની બહુ જ અપેક્ષા છે કે કોર્ટ કામ કરી રહી છે અને સરકાર કોઈ કામ નથી કરી રહી. કેટલાક અખબારોના અહેવાલો છે કે કોર્ટ દ્વારા ઉઠાવવામાં આવેલા પગલા બાદ પ્રદૂષણમાં 40 ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. અમને ખ્યાલ નથી કે આ કેટલુ સાચુ છે. કોર્ટે કહ્યું કે મજૂરોએ અમારો સંપર્ક કર્યો છે અને માગ કરી છે કે કન્સ્ટ્રક્શન કામ શરૂ થવું જોઈએ. ખેડૂતો પણ માગ કરી શકે છે કે તેમને પરાળી સળગાવવાની અનુમતી આપવામાં આવે.

# કાશ્મીરને સાથે રાખશો પણ, અમે ગોડસેના હિન્દુસ્તાનમાં ન રહી શકીએ : મુફ્તી

જમ્મુ

બનિહાલના નીલ ગામમાં એક જનસભાને સંબોધિત કરતા મહેબુબા મુફ્તિએ એવું પણ કહ્યું કે, જમ્મુ-કાશ્મીરના લોકોએ અમારા નસીબનો નિર્ણય મહાત્મા ગાંધીના ભારત સાથે કર્યો હતો, જેઓએ અમને આર્ટિકલ ૩૭૦ આપ્યો, અમારૂ પોતાનુ બંધારણ આપ્યુ અને ધ્વજ આપ્યો. અને ગોડસેની સાથે ન રહી શકીએ. પીડીપીના પ્રમુખ મહેબુબા મુફ્તિએ કહ્યું કે, અમે મહાત્મા ગાંધીના ભારતની સાથે પોતાના નસીબનો નિર્ણય કર્યો હતો, જેઓએ અમને અમારૂં સ્વાભિમાન આપ્યું, સ્વતંત્રતા આપી હતી. હવે જેઓ અમારી બધી જ ચીજવસ્તુઓ છીનવી લેશે તો અમે પણ અમારો નિર્ણય પરત લઈ લઈશું.

# પરમબીરે ફોન સંતાડી કસાબની મદદ કરી હતી : નિવૃત્ત એસીપી શમશેરખાન

**મુંબઈ**

મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ પર મહારાષ્ટ્ર પોલીસના નિવૃત્ત એસીપી શમશેરખાન પઠાણે સ્ફોટક આરોપો લગાવ્યા છે. પઠાણનુ કહેવુ છે કે, ૨૦૦૮માં મુંબઈ આતંકી હુમલામાં સામેલ આતંકી અજમલ કસાબની મદદ પરમબીરે કરી હતી.

કસાબ પાસે મળેલો ફોન પરમબીરે પોતાની પાસે રાખી લીધો હતો અને તે તપાસ અધિકારીઓને કયારેય આપ્યો નહોતો.આ ફોન થકી જ કસાબને હુમલા દરમિયાન પાકિસ્તાનમાંથી સૂચનાઓ મળી રહી હતી.

મીડિયા રિપોર્ટમાં શમશેરખાન



પઠાણને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે, પરમબીરે બીજા કેટલાક આંતકીઓને પણ મદદ કરી હતી.પઠાણે મુંબઈ પોલીસ કમિશનરને લખેલા પત્રમાં કહ્યુ છે કે, હું ૨૦૦૭ થી ૨૦૧૧ દરમિયાન મુંબઈમાં સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે તૈનાત હતો.જ્યારે કસાબ પકડાયો ત્યારે મને મારા સાથી અધિકારી એન આર માળીએ કહ્યુ હતુ કે, કસાબ પાસેથી એક મોબાઈલ ફોન પણ મળ્યો છે અને જે અધિકારીઓ સ્થળ પર છે તેમાં એટીએસના તે સમયના ચીફ પરમબીર સિંહ પણ છે.આ ફોન કોન્સ્ટેબલ પાસેથી લઈને પરમબીરે રાખી લીધો હતો. પઠાણના દાવા પ્રમાણે આ ફોન મહત્વનો પૂરાવો હતો.કારણકે તેના પર જ કસાબ પાકિસ્તાનમાં બેઠેલા પોતાના આકાઓ પાસે સૂચનાઓ મેળવી રહ્યો હતો.મને પાછળથી ખબર પડી હતી કે, તપાસમાં ફોનનો કોઈ રોલ જ નહોતો. કોર્ટમાં પણ પોલીસે કહ્યુ હતુ કે, કોઈ ફોન મળી આવ્યો નથી.

# મુંબઈ શક્તિ મિલ ગેંગરેપમાં 3 આરોપીઓને ફાંસીની સજા થઈ

**નવી દિલ્હી**

દેશભરમાં ભારે ચકચાર મચાવનાર મુંબઈના શક્તિ મિલ ગેંગરેપ કેસમાં હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે અને નીચલી કોર્ટે ત્રણ આરોપીઓને ફટકારેલી ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી નાંખી છે. મુંબઈ સેશન્સ કોર્ટે ૨૦૧૪માં ત્રણ આરોપીઓ વિજય જાધવ, કાસિમ બંગાળી અને સલીમ અન્સારીને ફાંસીની સજા ફટકારી હતી.

શક્તિ મિલ કમ્પાઉન્ડમાં ગેંગ રેપની બે ઘટનાઓ સામે આવી હતી.૨૦૧૩માં એક મેગિઝિનની મહિલા ફોટો જર્નાલિસ્ટ સાથે આ સ્થળે ગેંગરેપ કરાયો હતો.જેમાં પાંચ આરોપી સિરાજ રહેમાન ખાન, વિજય મોહન જાધવ, મહોમ્મદ સલીમ અ્સારી, કાસીમ બંગાળી અને ચાંદ બાબૂની ધરપકડ કરાઈ હતી. એ પછી એક મહિલા ટેલિફોન ઓપરેટર પણ સામે આવી હતી અને તેણે કહ્યુ હતુ કે, મારા પર પણ ગેંગરેપ કરાયો હતો.આ કેસમાં પકડાયેલા ત્રણ આરોપી ફોટો જર્નાલિસ્ટ પર રેપ કરવામાં પણ સામેલ હતા. આ કેસની ટ્રાયલ દરમિયાન બંને રેપમાં સામેલ ત્રણ આરોપીઓ વિજય મોહન જાધવ, કાસિમ બંગાળી અ્ને મહોમ્મદ સલીમ અન્સારીને સેશન્સ કોર્ટે ફાંસીની સજા કરી હતી અને બાકીના આરોપીઓને આજીવન કેદ ફટકારી હતી. જોકે હવે હાઈકોર્ટે ત્રણ આરોપીઓની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી નાંખી છે.

# રાયબરેલી સદરથી બાગી MLA અદિતિ સિંહ ભાજપમાં સામેલ

**લખનૌ**

રાયબરેલી સદર બેઠક પરથી કોંગ્રેસના ધારાસભ્ય પસંદ થયેલા અદિતિ સિંહ ભાજપમાં સામેલ થઈ ગયા છે. તેઓ છેલ્લા ઘણા સમયથી ભાજપના નજીકના રહ્યા છે. આજે તેઓ ઔપચારિક રીતે ભાજપના સભ્ય બન્યા. અદિતિ સિંહ સિવાય આઝમગઢના સગડીથી BSP ધારાસભ્ય વંદના સિંહ પણ ભાજપમાં સામેલ થઈ ગયા. આ દરમિયાન ભાજપના પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહ પણ હાજર રહ્યા.

અદિતિ સિંહ રાયબરેલી સદરથી કોંગ્રેસની બેઠક પર 2017માં પહેલીવાર ધારાસભ્ય બન્યા હતા પરંતુ અદિતિ સિંહની સૌથી મોટી ઓળખ છે કે તેઓ બાહુબલી અખિલેશ સિંહની દિકરી છે, અખિલેશ સિંહ પાંચ વારના ધારાસભ્ય રહ્યા કેટલાક સમય પહેલા તેમનુ નિધન થયુ છે અને નિધન બાદથી જ ભાજપના વધારે નજીક રહ્યા છે.

સદનમાં જ્યારે-જ્યારે વોટિંગનો સમય આવ્યો અદિતિ સિંહે ભાજપના પક્ષમાં મત નાખ્યો છે, કોંગ્રેસ પાર્ટી તેમની સદસ્યતા ખતમ કરવાને લઈને પહેલા જ વિધાનસભા અધ્યક્ષને લખી ચૂકી હતી.

# કર્ણાટકમાં અધિકારીને ત્યાંથી 7 કિલો સોનું અને પાઈપમાંથી 13 લાખ રૂપિયા મળ્યા

**નવી દિલ્હી**

કર્ણાટકમાં એન્ટિ કરપ્શન બ્યૂરો દ્વારા કુલ 503 અધિકારીઓએ રાજ્યના અલગ-અલગ 68 સ્થળોએ દરોડા પાડયા હતા. આવકથી વધારે સંપત્તિના મામલામાં કર્ણાટક સરકારના 15 અધિકારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ અધિકારીઓને ત્યાં પડેલા દરોડામાં મોટાપાયા પર સોનુ, રોકડ અને સંપત્તિના કાગળો જપ્ત કરવામાં આવ્યા છે.

દરોડા પાડનારા અધિકારીઓ પણ આશ્ચર્ય પામ્યા હતા. એસીબીના



અધિકારીએ જણાવ્યું હતું કે કૃષિ વિભાગના સંયુક્ત નિર્દેશક ટીએસ રુદ્રેશપ્પાના ઘરેથી લગભગ સાત કિલોગ્રામ સોનુ મળ્યું. તેના ઘરેથી કમસેકમ 3.5 કરોડ રૂપિયાના સોનાના ઘરેણા મળ્યા. આ ઉપરાંત તેના ઘરેથી 15 લાખ રૂપિયા રોકડા જપ્ત કરાયા હતા. આ સિવાય ગોકકના વરિષ્ઠ મોટર નિરીક્ષક સદાશિવ મારલિંગન્નાવરના ઘરેથી 1.13 કિલોગ્રામ સોનુ અને 8,22,172 રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી હતી. કલબુર્ગીમાં એન્ટિ કરપ્શન બ્યૂરોએ લોકનિર્માણ વિભાગના એન્જિનીયરને ત્યાં દરોડા પાડયા હતા. તેના ઘરની પાઈપલાઈનમાંથી 500 રૂપિયાની નોટો મોટાપાયા પર મળી આવી હતી. પાઈપલાઈનમાંથી કાઢવામાં આવેલી રોકડ 13 લાખ રૂપિયા હોવાનું કહેવાય છે.

# NFHSનો સર્વે : ભારતમાં પહેલીવાર પુરુષો કરતાં મહિલાઓની સંખ્યા વધી

**નવી દિલ્હી**

રાષ્ટ્રિય પરિવાર અને સ્વાસ્થ્ય સર્વેક્ષણના આધારે દેશમાં પુરુષોની સરખામણીએ હવે મહિલાઓની સંખ્યા વધી છે. સર્વેના આંકડા કહે છે કે ભારતમાં હવે 1000 પુરુષો પર 1020 મહિલાઓ છે. સર્વેમાં કહેવાયું છે કે પ્રજનન દરમાં પણ ઘટાડો આવ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે જાહેર કરેલા આંકડામાં આ વાત સામે આવી છે. જેમાં દરેક પરિવારથી સેમ્પલ લેવાયા હતા.

આ આંકડાથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં મહિલાઓની સંખ્યા સતત વધી રહી છે. તેનાથી પહેલા સ્થિતિ અલગ હતી. 1990ના દાયકામાં દર 1000 પુરુષોની સરખામણીએ મહિલાઓની સંખ્યા 927 હતી. વર્ષ 2005-06માં ત્રીજા NFHS સર્વેમાં આ 1000-1000 ની સાથે બરોબર હતી. પરંતુ 2015-16ના સર્વેમાં આ આંકડામાં ઘટાડો આવ્યો હતો અને મહિલાઓની સંખ્યા 991 થઈ હતી. પહેલીવાર મહિલાઓ પુરુષોની આગળ નીકળી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે કહ્યું કે જન્મ સમયે સારો લિંગ ગુણોત્તર એ સમયની નોંધપાત્ર સિદ્ધિ છે, જો કે વાસ્તવિક ચિત્ર વસતી ગણતરીમાં સામે આવશે. હાલના પરિણામોથી કહી શકાય છે કે મહિલા સશક્તિકરણના અમારા પગલાંએ આપણને સાચી દિશામાં આગળ ધપાવી છે. સર્વેના કેટલાક અન્ય આંકડાના આધારે 15 વર્ષથી નાની ઉમરની જનસંખ્યાનો ભાગ જે 2005-06માં 34.9 ટકા હતો, 2019-21માં ઘટીને 26.5 ટકા થયો છે. ભારત હજુ પણ એક યુવા દેશ છે.નેશનલ ફેમિલિ હેલ્થ સર્વે-5ના અનુસાર એક મહિલા દ્વારા પોતાના જીવનકાળમાં બાળકોને જન્મ આપવાની સરેરાશ સંખ્યા 2.2થી ઘટીને 2 થઈ છે. જ્યારે ગર્ભ નિરોધક પ્રસાર રેશિયો 54 ટકાથી વધીને 67 ટકાનો થયો છે.

# ગુપ્ત માહિતી પ્રસારિત કરતાં નેવીના જવાન સામે સીબીઆઈની ચાર્જશીટ

**નવી દિલ્હી**

ભારતના નૌકાદળના જહાજ INS, સિંધુરત્ન MRLC પ્રોજેક્ટ સંબંધી ગુપ્ત માહિતી પ્રસારિત કરવાના કહેવાતા આરોપસર, નેવીના કમાન્ડર્સ, જગદીશ અને અભિષેક શૉ ઉપર સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કર્યા છે. CBIના અધિકારીએ જણાવ્યું હતું કે આ ઉપરાંત કમાન્ડર અજિત પાંડેય અને નિવૃત્ત અધિકારી કોમોડોર રણદીપ સિંઘ સામે પણ INS સિંધુરત્ન - MRLC પ્રોજેક્ટ અંગે અપાયેલાં એડવાન્ય પેમેન્ટ સંબંધી માહિતી લીક કરવા માટે ચાર્જશીટ દાખલ કરાયાં છે. આ પૂર્વે બે ચાર્જશીટ્સ નેવીના છ લોકો સામે તો દાખલ થઈ જ ચૂક્યાં છે. જ્યારે ૨૧મી સપ્ટેમ્બરે જેમની ધરપકડ થઈ હતી તેવા કમાન્ડર જગદીશ તથા કમાન્ડર અભિષેક શૉ સામે તપાસ ચાલી રહી છે. આ પછી તે બંને અધિકારીઓ ઉપર ૨૦મી સપ્ટેમ્બરે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવ્યા છે. નિવૃત્ત અધિકારીઓ, કોમોડોર રણદીપસિંઘ અને કમાન્ડર એસ.જે. સિંઘ તથા સેનામા રહેલા, કમાન્ડર અજિત પાંડે, કમાન્ડર જગદીશ તથા હૈદરાબાદ સ્થિત ''એલન રીઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક્સ લિમિટેડના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટરને આ બાબતે ડીફોલ્ટ બેઈલ આપવામાં આવ્યા છે.

# જયલલિતાના બંગલાને સ્મારકમાં તબદીલ કરવાનો આદેશ કોર્ટે રદ કરી નાખ્યો

**ચેન્નાઇ**

તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયલલિતાના સત્તાવાર નિવાસસ્થાન વેદ નિલયમને તેમના એક સ્મારક તરીકે તબદીલ કરવાના અગાઉની એઆઇએડીએમકેની સરકારના આદેશને મદ્રાસ હાઈકોર્ટે બુધવારે રદ કર્યો હતો. જયલલિતાનું નિવાસસ્થાન ચેન્નાઈના અત્યંત પોશ ગણાતા પોએસ ગાર્ડન વિસ્તારમાં આવેલું છે. જયલલિલાતાની ભત્રિજી જે દીપા જયકુમાર, અને તેમના ભાઈ જે. દિપકે તામિલનાડુની ભૂતપૂર્વ સરકારના આદેશને હાઈકોર્ટમાં પડકારતી અરજીઓ કરી હતી જેની આજે હાથ ધરાયેલી સુનાવણી દરમ્યાન ન્યાયમૂર્તિ શ્રી એન. શેષસાયીએ રાજ્યની અગાઉની સરકારના આદેશને રદ કરી નાંખ્યો હતો.

# નોઈડા ખાતે સમગ્ર એશિયાનું સૌથી મોટું એરપોર્ટ બનશે, મોદીના હસ્તે ભૂમિપૂજન

**નવી દિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે જેવરમાં એશિયાના સોથી મોટા અને વિશ્વના ચોથા સૌથી મોટા એરપોર્ટ નો શિલાન્યાસ કર્યો હતો. શિલાન્યાસ કર્યા બાદ તેમણે જનસભા પણ સંબોધી હતી. પીએમ મોદીએ કહ્યું કે નોઈડા એરપોર્ટનો શિલાન્યાસ થયો. અમારી રાષ્ટ્રસેવાની નીતિ સામે કેટલાક રાજકીય પક્ષોની સ્વાર્થનીતિ ચાલી શકતી નથી. ડબલ એન્જિનની સરકારથી યુપીનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. અત્રે જણાવવાનું કે પીએમ મોદીના આ પ્રવાસ સાથે બે ખાસ વાતો જોડાયેલી છે. એક તો એ કે જલદી યુપીમાં વિધાનસભા ચૂંટણી થવા જઈ રહી છે અને બીજી છે ત્રણ કૃષિ કાયદાની વાપસીની જાહેરાત બાદ પીએમ મોદીનો આ પહેલો યુપી પ્રવાસ હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વના ચોથા અને એશિયાના સૌથી મોટા નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટનો શિલાન્યાસ કર્યો. ત્યારબાદ જનસભાને સંબોધી હતી. આ એરપોર્ટ એશિયાનું સૌથી મોટું એરપોર્ટ અને ફર્સ્ટ નેટ ઝીરો એમિશન એરપોર્ટ હશે એટલે કે સંપૂર્ણ રીતે પ્રદૂષણમુક્ત હશે.

# યુપીમાં હવેથી શિવરાત્રિ સહિતના દિવસોએ માંસની દુકાનો બંધ રહેશે

**લખનઉ**

યોગી સરકારે એક મહત્ત્વનો નિર્ણય લેતા કહ્યું છે કે હવેથી મહાપુરુષોની જયંતિ અને શિવરાત્રિના દિવસોએ સ્લોટર હાઉસ અને માંસની દુકાનો બંધ રહેશે. આ નિયમના કારણે 25 નવેમ્બરે એટલે કે આજે સિંધી સમાજના સંત ટીએલ વાસવાનીની જયંતિના અવસરે પ્રદેશમાં સ્લોટર હાઉસ અને મીટની દુકાનોને બંધ રાખવાનો આદેશ અપાયો છે. નગર વિકાસ વિભાગના અપર મુખ્ય સચિવ રજનીશ દુબેએ આ મુદ્દે દરેક જિલ્લાના મંડળાયુક્ત અને જિલ્લા અધિકારીને આદેશ આપતા કહ્યું કે આજે ટીએલ વાસવાનીની જયંતિ છે. દરેક નગરીય વિસ્તારોમાં બૂચડખાના સિવાય મીટની દુકાનો બંધ રાખવામાં આવશે.

# પૂજ્ય રવિશંકર મહારાજે કહ્યું હતું : "આપણા પ્રધાનો અને નેતાઓ સાદગી ને કરકસર અપનાવે"

ગુજરાત રાજ્યની સ્થાપનાના દિવસે એટલે કે તા. ૧ મે, ૧૯૬૦ના રોજ અમદાવાદમાં સાબરમતી આશ્રમ ખાતે મૂક સેવક પૂજ્ય રવિશંકર મહારાજે આપેલું ઉદ્ઘાટન પ્રવચન અક્ષરશઃ નીચે પ્રમાણે છે. તે આપણે કેટલું સાર્થક કર્યું છે તેનું પણ આત્મચિંતન કરવાનો આ સમય છે.

પૂજ્ય રવિશંકર મહારાજે કહ્યું હતું કે : આજે ગુજરાતનું રાજ્ય સ્થપાઈ રહ્યું છે તે વખતે પૂ. ગાંધીજીની ભવ્ય મૂર્તિ અને એમણે આપેલા ભવ્ય વારસા તેમજ આ સ્થળે રહીને આપણને આપેલા અનેક પાઠો પણ નજર સમક્ષ તરવરે છે. વળી ગુજરાતના ઘડવૈયા અને આપણને સૌને પ્રિય એવા પૂ. સરદારશ્રીનું પણ આ પ્રસંગે સ્મરણ થાય છે. તેમને નમ્રભાવે પ્રણામ કરી મારી ભાવભીની અંજલિ અર્પણ કર્યા સિવાય હું રહી શકતો નથી. દેશને માટે જેમણે નાની-મોટી કુરબાનીઓ અને પ્રાણ આપ્યા છે તે સૌ નામી-અનામી રાષ્ટ્રવીરોને આદરભાવે વંદન કરું છું. રાષ્ટ્રપિતા ગાંધીજીની નજર સમક્ષદરેક ક્ષણે ભારતનું ગામડું અને ગામડાંની પ્રજા રહેતાં. એમના વિકાસમાં એ ભારતનો વિકાસ જોતા. આપણા ગુજરાતનાં ગામડાંઓમાં કુશળ, ખંતીલા અને ખૂબ મહેનતુ ખેડૂતો છે. ભણેલા ન હોવા છતાં ધંધા-રોજગાર ચલાવવામાં અતિશય કુશળ એવા આપણે ત્યાં સુંદર કારીગરો છે. વહાણવટું કરવામાં કુશળ એવા દરિયાકાંઠે વસતા દરિયાખેડુઓ પણ છે અને ગુજરાતની પ્રજા પાસે અર્થવહેવારમાં કુશળ અને કરકસરિયા એવા વ્યવહારકુશળ મહાજનો પણ છે.

### વધતી સંપત્તિની સમાન વહેંચણી

આ બધાની શક્તિને ગુજરાતના હિતમાં ગતિ મળે તો ગુજરાત ભલે નાનું રાજ્ય હોય, ભલે અત્યારે ખાધવાળો પ્રદેશ ગણાતો હોય, તો પણ થોડા વખતમાં સમૃદ્ધ બની શકે એમ છે. એ વિશે મારા મતમાં બિલકુલ શંકા નથી. આપણે ત્યાંની માનવશક્તિનો અને કુદરતી બક્ષિસોનો ઉપયોગ થાય તો આપોઆપ સંપત્તિ અને સમૃદ્ધિ વધવાની અને તેની યોગ્ય વહેંચણી પણ થવાની. આવું કરવું હશે તો આપણે ખેતી અને ગોપાલન તરફ ધ્યાન આજે આપીએ છીએ તેથી પણ વિશેષ ધ્યાન આપવું પડશે. ભૂમિ તો કદી શોષણનું સાધન ના જ બનવી જોઈએ. એ તો પોષણનું સાધન બનવી જોઈએ. આપણું ગૌધન અને પશુધન ખાંડું-માંડું હશે તો હવે નહીં ચાલે, પણ જોઈને આંખ ઠરે એવું ગૌધન હોવું જોઈએ. જે દેશમાં દૂધ-ઘીની નદીઓ વહેતી હતી એ દેશમાં ઘી-દૂધ મળવા દુર્લભ થાય એ આપણી કેવી દુર્દશા કહેવાય ? એ સ્થિતિ આપણે ટાળવી જ જોઈએ.

### ગૌસેવાનો સાચો માર્ગ : ગોપાલન

ગૌસંવર્ધન અને ગૌસેવા એ જ એનો સાચો ઈલાજ છે. ગૌવધબંધી જેમ અમદાવાદ શહેર અને સૌરાષ્ટ્રે કરી છે એમ આખા ગુજરાતમાં થવી જોઈએ. એમ થશે તો મને બહુ ગમશે. ઉત્તમ ગોપાલન એ જ ખરેખર ગૌસેવાનો સાચો માર્ગ છે એ કદી ભૂલવા જેવું નથી.

### ભોગ નહીં ત્યાગ

સ્વરાજ્ય મળ્યા પછી અતિપવિત્ર ઉત્પાદન શ્રમશક્તિ દિવસે દિવસે આપણામાં ઘટતી જાય છે અને પ્રજાનું મોં વધારે ને વધારે ભોગ તરફ જઈ રહ્યું છે. એ ભોગપ્રાપ્તિ માટે એને અન્ન અને ઘી-દૂધ કરતાં સિક્કાની અગત્ય વધુ સમજાવા લાગી છે. તેથી ખેતી જેવો પવિત્ર ધંધો કરનાર ખેડૂતો પણ સિક્કા પાછળ પડયા છે. આ બધાનું ખરું કારણ છે સુધરેલા ગણાતા ભદ્ર સમાજનો આચાર. આપણા આ વર્ગે સ્વરાજ્ય મળ્યા પછી ત્યાગને બદલે ભોગ તરફની રૂખ બતાવી છે. એટલે એ દિશામાં સામાન્ય જન પણ વળ્યા છે. આ કારણે જીવનનાં બધા ક્ષેત્રોમાં તાણ અને અસંતોષનું ભાન થવા લાગ્યું છે.

પ્રજા વધારે પૈસા પાછળ દોટ કેમ કાઢે છે ? એને જેટલું મળે એટલું પણ ઓછું કેમ પડે છે ? એનું મોં સંગ્રહ તરફ અને વધુ સુખોપયોગ તરફ કેમ છે ? આ વૃત્તિ રોકવા માટે ચીનની જેમ ''આટલાં કપડાં પહેરો, આમ જ કરો, આમ જ વર્તો'' એવા વટહુકમો ભલે બહાર ન પાડીએ, પરંતુ આપણા પ્રધાનો, આપણા આગેવાનો અને આપણા અમલદારો તથા આપણા મુખ્ય કાર્યકરો પોતાના જીવનમાં સાદાઈ અને કરકસરનું તત્ત્વ અપનાવીને

### લોકોની ભાષામાં લોકોનો વહીવટ, ન્યાય, શિક્ષણ

આપણને સ્વરાજ્ય મળ્યાને આજે વર્ષોનાં વહાણાં વાયાં, એમ છતાં આપણા સામાન્યજનોને આપણું રાજ્ય પરાયા જેવું લાગે છે, કારણ કે




**આ અમારું રાજ્ય છે અને એના ઉત્કર્ષ માટે અમારે પરિશ્રમ ઉઠાવવો જોઈએ." એવી ભાવના નહીં જાગે, રાજ્ય માટેનો આત્મીયભાવ નહીં જાગે એટલે ગુજરાત રાજ્યે સૌ પ્રથમ એવી જાહેરાત કરવી જોઇશે કે ગુજરાત રાજ્યનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં જ ચાલશે. શિક્ષણનું માધ્યમ પહેલેથી છેલ્લે સુધી ગુજરાતી જ રહેશે**

પ્રજાને ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન આપી શકશે.

બંગલાઓ, મોટરો, ફર્નિચરો, મોટાઈ દેખાડવાની રીતભાતો, હોટેલો, મિજબાનીઓ એ સૌમાં સાદાઈ અને કરકસરની છાપ પડવી જોઈએ. રાજ્યનાં કામોમાં તો ઠીક પણ અંગત જીવનમાંય એ તત્ત્વ દેખાવા લાગશે તો પ્રજા પર એની જાદુઈ અસર પડશે. આજે લાંચ રુશવત અને કાળાબજારની બદીઓ ઠેરઠેર જોવા મળે છે. એ માટે રાજ્યે અને પ્રજાજનોએ સહકાર સાધીને એને દૂર કરવાનો દૃઢ નિર્ધાર કરવો પડશે.

વહીવટની ભાષા હજી અંગ્રેજી ચાલે છે. લોકોની ભાષામાં લોકોનો વહીવટ ન ચાલે, લોકો સમજી શકે એ ભાષામાં ન્યાય ન તોળાય, લોકો સમજી શકે એવી ભાષામાં શિક્ષણ ન અપાય ત્યાં સુધી લોકોને ''આ અમારું રાજ્ય છે અને એના ઉત્કર્ષ માટે અમારે પરિશ્રમ ઉઠાવવો જોઈએ.'' એવી ભાવના નહીં જાગે, રાજ્ય માટેનો આત્મીયભાવ નહીં જાગે એટલે ગુજરાત રાજ્યે સૌ પ્રથમ એવી જાહેરાત કરવી જોઈશે કે ગુજરાત રાજ્યનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં જ ચાલશે. શિક્ષણનું માધ્યમ પહેલેથી છેલ્લે સુધી ગુજરાતી જ રહેશે અને નોકરીઓ માટેની પરીક્ષાઓ પણ ગુજરાતીમાં જ લેવામાં આવશે.

### તુમારની ચુંગાલમાંથી મુક્તિ

તુમારની ચુંગાલમાંથી પ્રજાને બચાવવાની યુક્તિ જો ગુજરાતનું રાજ્ય ખોળી કાઢશે તો પ્રજા ભારે રાહત અનુભવશે. કલેક્ટર, મામલતદારોને મળીને અને મામલતદાર સ્થળ પર જઈને તુમારનો ઝટઝટ નિકાલ કરવા લાગશે તો ઘણો બગાડ અટકી જશે. રૂબરૂ પતી જતું હોય એવું કામ તુમારે ન ચઢાવવું જોઈએ. મંત્રીઓ પણ શક્ય હોય ત્યાં કલેક્ટર વગેરેને મળીને વ્યવહારુ ઉકેલ કાઢશે તો બધા બહુ મોટી રાહત અનુભવશે. વિક્રમ રાજાની માફક આપણા મંત્રીઓ કે અધિકારીઓ ભલે વેશપલટો કરીને નગરચર્યા કરવા ન નીકળે પણ કોઈ પણ ખાતાની ઑફિસ ઉપર કે ચાલુ કામ ઉપર કોઈ પણ જાતની હોહા કે જાહેરાત કર્યા વિના કોઈ કોઈ વખતે જઈ પહોંચવાનો શિરસ્તો પાડશો તો એમને ઘણું જાણવાનું મળશે. કર્મચારીઓને એમનું કામ ઝડપથી ને સુંદર રીતે પાર પાડવાની ચાનક ચડશે. નોકરી અને શિક્ષણની ડિગ્રી વચ્ચેનો સંબંધ છૂટો કરી દેવામાં આવે અને જે ધંધામાં જવા માટે જે આવડતની જરૂર હોય તે અંગેની પ્રવેશ પરીક્ષા લઈને જ ઉમેદવારને દાખલ કરવાની પ્રથા અપનાવવામાં આવે તો શિક્ષણમાં જે ગંદકીઓ પેસે છે તેમાંથી આપણે સહેજે બચી જઈ શકીએ.

### પક્ષહિત કરતાં પ્રજાહિત પ્રથમ

બધા પક્ષોને મારી નમ્ર વિનંતી છે કે તેઓ એટલું સતત નજર સમક્ષ રાખે કે આપણા પક્ષ કરતાં પ્રજા બહુ મોટી છે. સમગ્ર રાજ્ય અને દેશના હિત ખાતર પક્ષનું મહત્ત્વ ઓછું આંકવાની પરિપાટી આપણે શરૂ કરવા જેવી છે. વિરોધ પક્ષે વિરોધ ખાતર વિરોધ કરવાનો ન હોય અને રાજ્યકર્તા પક્ષે વિરોધ પક્ષની વાત છે માટે એનો વિરોધ કરવાની પ્રથામાંથી બચવા જેવું છે. પક્ષો એ ખરેખર તડાં છે. ગામનાં તડાં પાડવાથી જેમ ગામની બેહાલી થાય છે એમ રાષ્ટ્રમાં તડાં પડવાથી રાષ્ટ્રની બેહાલી થાય છે. બધા પક્ષવાળા ભલે આજે ને આજે પક્ષમાંથી મુક્ત ન થઈ શકે, પણ ગ્રામ પંચાયતોમાં પક્ષો ન પેસે એનો તો આગ્રહ જરૂર આપણે રાખી શકીએ અને ચૂંટણી દરમિયાન પક્ષનું ઝેર ફેલાતું અટકે એ માટે બધા પક્ષોએ શુદ્ધિ માટે પાળવા જેવા કેટલાક નિયમો નક્કી કરી એને અમલમાં મૂકવાની નીતિ સ્વીકારવી જોઈશે, તો જ આપણે પ્રજાને લોકશાહીની સાચી કેળવણી આપી શકીશું.

### લોકશાસનની સાચી ચાવી છે લોકકેળવણી

લોકશાસનની સાચી ચાવી છે લોકકેળવણી. વહીવટ ચલાવવામાં રાજ્યકર્તાઓને દંડશક્તિનો ઓછામાં ઓછો આશરો લેવો પડે અને ગોળીબાર જેવાં આકરાં પગલાં લેવાં જ ન પડે એવી રીત શોધવી જોઈએ. તેમ છતાં કોઈ કારણસર ગોળીબાર અનિવાર્ય થઈ પડે તો તેની જાહેર તપાસ કરાવવી જોઈએ.

### આદિવાસીઓને ન ભૂલીએ

વળી આપણી પાસે ગુજરાતી મોટી કોમ - આદિવાસી જે જંગલમાં પડી છે તે કરકસર અને મહેનતથી જીવે છે, પણ અજ્ઞાનતામાં જીવે છે તો એ આદિવાસી કોમની ઉન્નતિ માટે આપણે ખૂબ લક્ષ્ય આપવું પડશે. આપણે ગાંધીજીના અને સરદારના વારસદારો છીએ એટલે એમણે આપેલા વારસાને શોભાવીએ. પ્રભુ આપણને ગાંધી માર્ગે ચાલવાની, ધનથી ગરીબ છતાં સંસ્કારથી ભવ્ય એવા ભારતના સેવકો થવાની શક્તિ અને સદ્બુદ્ધિ આપે. સુપથતે ચાલવાનું પ્રભુ બળ આપે એવી શુભ પ્રાર્થના કરીને આપણે નવું પ્રયાણ કરીએ. આપ સર્વએ આ પ્રસંગે આ પવિત્ર કાર્યની શરૂઆત કરવા માટે મને આગ્રહ કર્યો તે માટે તમારા સૌનો આભાર માનું છું.'' પૂજ્ય રવિશંકર મહારાજનું પ્રવચન અહીં સમાપ્ત થાય છે, સૌ આત્મનિરીક્ષણ અને આત્મચિંતન કરે.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

# ભારે વરસાદથી પહાડી વિસ્તારોમાં થતાં ભૂસ્ખલનનું જાણો શું છે કારણ

ભારે વરસાદને કારણે પહાડી વિસ્તારમાં ભેખડો ઘસી પડે છે અને પહાડ પરથી માટી અને કાદવ સહિત મોટા મોટા રોડા અને પથ્થરો રસ્તા કે જમીન પર છવાઇ જાય છે. આ ઘટનાને ભૂસ્ખલન કે લેન્ડસ્લાઇડ કહે છે. ભૂસ્ખલન એક વિલક્ષણ ભૌગોલિક ઘટના છે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ દરેક વસ્તુને પોતાના કેન્દ્ર તરફ ખેંચે છે. જમીનને સમાંતર રહેલી વસ્તુઓ પર આ બળ તટસ્થ થાય છે.

પર્વતોના ઢોળાવ પર કાંકરા, માટી, નાનામોટા પથ્થરો વિગેરે માટી સાથે જોડાઇને ટકી રહ્યા હોય છે. ભારે વરસાદથી તેમાં રહેલી માટી ભીની થઇ પીગળે ત્યારે ખડકોને ઊંચાઇ પર ટકાવી રાખતું બળ ઘટી જાય છે. ત્યારે આ બધો કદડો જમીન તરફ ગબડે છે. આ બે પ્રકારે ઘટના થાય છે. પાણીથી ધોવાઇને કે ભારે પવનને કારણે. આ ઘટના પળવારમાં જ થાય છે અને એટલી મોટી માત્રામાં થાય છે કે જમીન પર સેંકડો કિલોમીટરમાં કાદવ કિચડ બબ્બે ફૂટના થર પથરાઇ જાય છે. એકાએક થયેલા ભૂસ્ખલનથી પહાડી વિસ્તારના મકાનો દટાઇ ગયાના દાખલા પણ છે. ભેખડોના કાદવમાં ૨૦ ટકા પાણી હોય છે અને તે ૧૬૦ કિલોમીટરની ઝડપે જમીન તરફ ધસે છે. ગણતરીની મિનિટોમાં તે વિસ્તારનો નકશો બદલી નાખે છે.

# જુનિયર મેન્સ હોકી વર્લ્ડ કપમાં ભારતનો પ્રથમ વિજય : કેનેડાને ૧૩-૧થી હરાવ્યું

## પ્રથમ મેચની હાર બાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમનું ધમાકેદાર પુનરાગમન

**ભુવનેશ્વર**

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે કેનેડા સામે ૧૩-૧થી ધમાકેદાર જીત હાંસલ કરતાં જુનિયર મેન્સ હોકી ચેમ્પિયનશિપમાં ખાતુ ખોલાવ્યું હતુ. ભારત તરફથી વાઈસ કેપ્ટન અને ડ્રેગ ફ્લિકર સંજય તેમજ અરાઈજીત સિંઘે ૩-૩ ગોલ નોંધાવ્યા હતા. ફ્રાન્સ સામેની પ્રથમ મેચમાં ૪-૫થી લડાયક હારનો સામનો કરનારા ભારતે આ જીતની સાથે ફરી વર્લ્ડ ચેમ્પિયન બનવાનો ઈરાદો વ્યક્ત



કરી દીધો છે. ઓડિશાના ભુવનેશ્વરમાં ચાલી રહેલા મેન્સ જુનિયર હોકી વર્લ્ડ કપમાં ભારતે તેની બીજી ગૂરપ મેચમાં પ્રભુત્વસભર દેખાવ કર્યો હતો. ભારત તરફથી સંજયે ૧૭મી, ૩૨મી અને ૫૯મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલ ફેરવતા ટીમની સ્થિતિ મજબુત કરી હતી. જ્યારે અરાઈજીત સિંઘે ૪૦મી, ૫૦મી અને ૫૧મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. આ ઉપરાંત ઉત્તમ સિંઘ-શારદા નાથ તિવારીએ બે- બે તેમજ કેપ્ટન વિવેક સાગર પ્રસાદ, મનીન્દર સિંઘ અને અભિષેક લાકરાએ ૧-૧ ગોલ કર્યા હતા. કેનેડા તરફથી એકમાત્ર ગોલ ૩૦મી મિનિટે ક્રિસ્ટોફર ટાર્ડિફે કર્યો હતો.

# કાનપુર ટેસ્ટમાં પ્રથમ દિવસે અય્યર અને જાડેજા ઝળક્યા: ભારત 4/258



શ્રેયસ અય્યર 75 અને રવિન્દ્ર જાડેજા 50 રને અણનમ

**કાનપુર**

ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ટેસ્ટ સિરીઝ શરૂ થઈ ગઈ છે. કાનપુરનું ઐતિહાસિક ગ્રીન પાર્ક સ્ટેડિયમ શ્રેણીની પ્રથમ ટેસ્ટનું આયોજન કરી રહ્યું છે. આ મેચના પહેલા દિવસની રમત પૂરી થઈ ગઈ છે. ભારતે 4 વિકેટ ગુમાવીને 258 રન બનાવ્યા છે. ટીમ ઈન્ડિયા માટે મયંક માત્ર 13 રન બનાવીને કાયલ જેમિસનનો શિકાર બન્યો હતો, જ્યારે ગિલ પચાસ રન બનાવીને આઉટ થયો હતો. ત્રીજા નંબરે આવેલો ચેતેશ્વર પુજારા માત્ર 26 રન બનાવી શક્યો હતો, રહાણે માત્ર 35 રન બનાવીને આઉટ થયો હતો. આ પછી શ્રેયસ અય્યર 75 અને રવિન્દ્ર જાડેજા 50 રન બનાવીને અણનમ છે. ભારતીય બેટ્સમેનોની જવાબદારી છે કે તેઓ સાવચેતીથી રમે અને મોટો સ્કોર કરે જેથી કિવી ટીમ માટે પડકાર રજૂ કરી શકાય. પ્રથમ દિવસ સમાપ્ત થયા બાદ ટીમ ઈન્ડિયાનો સ્કોર 84 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 258 રન બનાવ્યા છે. રહાણેએ કહ્યું કે ન્યૂઝીલેન્ડ ગુણવત્તાયુક્ત ટીમ છે અને અમે તેને હળવાશથી નહીં લઈએ. કેન વિલિયમસને પણ ભારતીય પડકારનો સ્વીકાર કર્યો હતો. ટેસ્ટનો પ્રથમ દિવસ ભારતનો રહ્યો હતો. શ્રેયસ અય્યરને પ્રથમ વખત ટીમમાં તક આપવામાં આવી છે.

### સ્ટેડિયમમાં ચાહકોએ લગાવ્યા પાકિસ્તાન મુર્દાબાદના નારા

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બે ટેસ્ટ મેચની સિરિઝની પહેલી ટેસ્ટ કાનપુરમાં રમાઈ રહી છે. જોકે મેચ દરમિયાનનો એક વિડિયો વાયરલ થઈ રહ્યો છે.જેમાં સ્ટેડિયમમાં ચાહકો પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવતા નજરેપડી રહ્યા છે.પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદના કારણે બંને દેશો વચ્ચેના સબંધોમાં તનાવ છે અને તેની અસર ક્રિકેટમાં પણ દેખાઈ રહી છે.

# પી.વી. સિંધુ અને પ્રણિત ઈન્ડોનેશિયા ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ્યા

**બાલી**

ભારતની ડબલ ઓલિમ્પિક મેડાલીસ્ટ પી.વી. સિંધુ અને વર્લ્ડ ચેમ્પિયનશિપના બ્રોન્ઝ મેડાલિસ્ટ સાઈ પ્રણિતે ઈન્ડોનેશિયા ઓપન સુપર ૧૦૦૦ બેડમિંટન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. જ્યારે શ્રીકાંત ડેનમાર્કના ટોચના ખેલાડી વિક્ટર એક્સલસન સામે હારીને બહાર ફેંકાયો હતો. પી.વી. સિંધુએ બીજા રાઉન્ડના મુકાબલામાં જર્મનીની વોન લી ને ૩૭ મિનિટના મુકાબલામાં સીધી ગેમ્સમાં ૨૧-૧૨, ૨૧-૧૮થી પરાસ્ત કરી હતી. જ્યારે ભારતના વર્લ્ડ નંબર ૧૬ પ્રણિતે ફ્રાન્સના વર્લ્ડ નંબર ૭૦ ક્રિસ્ટો પોપોવ સામે ૨૧-૧૭, ૧૪-૨૧, ૨૧-૧૯થી વિજય મેળવ્યો હતો. આ મુકાબલો એક કલાક અને ૨૩ મિનિટ સુધી ચાલ્યો હતો.

# આવતા વર્ષે ૧૦ ટીમોની આઈપીએલ ભારતની ધરતી પર જ રમાશે: જય શાહ

**ચેન્નાઈ**

આવતા વર્ષે ૧૦ ટીમોની સાથે હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમિયર લીગ ભારતની જ ધરતી પર રમાશે તેવી જાહેરાત બીસીસીઆઈના સેક્રેટરી જય શાહે કરી છે. જય શાહે કહ્યું હતુ કે, હું જાણું છું કે, તમે બધા ચેન્નાઈ સુપર કિંગ્સને ચેપોક સ્ટેડિયમમાં રમતી જોવા માટે ખુબ જ ઉત્સુક છો. હવે આ પળ બહુ દુર નથી. આવતા વર્ષે યોજાનારી આઈપીએલની ૧૫મી સિઝન ભારતની ભૂમિ પર રમાશે, જેમાં બે વધુ ટીમો જોડાતા રોમાંચ વધશે. આઈપીએલમાં ચેમ્પિયન બનેલા ચેન્નાઈના સન્માન સમારંભમાં ધોનીએ જણાવ્યું હતુ કે, હું હંમેશા મારા ક્રિકેટનું પ્લાનિંગ કરતો આવ્યો છું. હું મારી ઘરઆંગણાની અંતિમ વન ડે મેચ રાંચીમાં રમ્યો હતો. એટલે આશા રાખું છું કે, મારી આખરી ટી-૨૦ મેચ ચેન્નાઈમાં રમાય.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

URGENT, URGENT, URGENT ..... LISTING REQUIRE: ANY SIZE MOTELS IN ONTARIO
MANY Qualified Buyers are Ready to sign the OFFER and CLOSE the Deal in 1 to 3 months.
Closing in 3 Weeks if the Seller willing to Hold a Mortgage. Call me ASAP if interested to SELL quickly.

Small to Mid-Size Motels Northern Ontario
Price: $800,000 to $2,500,000

14 Room Motel Near Ottawa SOLD
18 Room Motel Near Pembroke SOLD
27 Room Motel in Thunder Bay SOLD

Other 15 to 50 Room Motels Coming up for sale
Franchise & Non Franchise
Price: $1 M to $5 M 35% to 50% down payment require
Mortgage through one of the banks or private financing

Recently SOLD Motels Near
Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke, Ottawa, Thunder Bay

JOB AVAILABLE : For the Motel located in Northern Ontario
• Housekeeper for room cleaning and general work in the motel, accommodation available for the couple / small family
• Working Partner Willing to invest min $200K, stay & operate/manage the motel offering Partnership + Salary to operate

BUYERS: Call for arranging a personal meeting to discuss your specific requirement, investment & mortgage options.
You must have about 35% down payment & willing to sign buyer representation agreement.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100

# બલ્ગેરિયામાં ડિવાઈડર સાથે અથડાતા બસમાં આગ ભભૂકી, 45 લોકો ભડથું

**સોફિયા**

બલ્ગેરિયાની પશ્ચિમ બાજુએ આવેલા એક આંતરરાષ્ટ્રીય હાઈવે ઉપર મંગળવારે વહેલી સવારે થયેલા એક ભીષણ બસ અકસ્માતમાં 12 બાળકો સહિત 45 મુસાફરોના મોત થયાં હતા એમ ઉત્તર મેસિડોનિયાના મુખ્ય સરકારી વકીલે કહ્યું હતું. મેસિડોનિયાના ઉત્તરે આવેલા પ્રાંતના સરકારી વકીલ લુબોમીર વ્લેસ્કીએ પત્રકારોને આ અકસ્માતની વધુ વિગતો આપતા કહ્યું હતું કે મંગળવારે વહેલી સવારે બલ્ગેરિયાની પશ્ચિમે આવેલા હાઈવે ઉપર થયેલા આ ગમખ્વાવર અકસ્માતની ઘટનાના સ્થળની તેમણે જાતે મુલાકાત લીધી હતી. અકસ્માતનું કારણ જાણી શકાયુ નથી પરંતુ પ્રાથમિક રીતે જોતાં એમ લાગે છે કે હાઈવે ઉપર જુદા જુદા સ્થળે મૂકવામાં આવેલાં હાઈવે ગાર્ડ રેલ (ડિવાઈડર)



અથવા મોટા પથ્થરો)ની સાથે બસ ભટકાતાં તેમાં આગ લાગી ગઈ હોય તેમ લાગે છે એમ તેમણે ઉમેર્યું હતું. બલ્ગેરિયાની બાજુમાં જમીન સીમાએ આવેલા મેસિડોનિયા દેશના કેટલાક ટુરિસ્ટ તૂર્કીના પ્રવાસે ગયા હતા.

# પાકિસ્તાનના ખસ્તાહાલ, દેવું 50 લાખ કરોડને પાર પહોંચ્યું

**ઈસ્લામાબાદ**

દેવાના દળદળમાં પાકિસ્તાન વધારે ને વધારે ઉડુ ઉતરી રહ્યુ છે. તાજેતરમાં પાક પીએમ ઈમરાનખાને કબૂલાત કરી હતી કે, સરકાર પાસે દેશ ચલાવવા પૈસા નથી.હવે પાકિસ્તાન સરકારે દેશ પરના દેવાના લેટેસ્ટ આંકડા જાહેર કર્યા છે અને તે પ્રમાણે પાકિસ્તાનનુ કુલ દેવુ ૫૦ લાખ કરોડ રુપિયાને પાર થઈ ગયુ છે.જેમાંથી ૨૦ લાખ કરોડ રુપિયા તો પાક સરકારે લીધેલી લોન છે. પાકિસ્તાનના દેવામાં છેલ્લા ૩૯ મહિનામાં જ ૨૦ લાખ કરોડ રુપિયાનો વધારો થયો છે.દરેક પાકિસ્તાની પર હવે ૨.૩૫ લાખ રુપિયા દેવુ છે.૨૦૧૮માં આ રકમ ૧.૪૪ લાખ રુપિયા હતી.પાકિસ્તાનમાં ઈમરાન ખાન સરકાર પણ અગાઉની સરકારોની જેમ લોન પર જ આધાર રાખીને દેશ ચલાવી રહી છે. જાણકારોનુ કહેવુ છે કે, પાકિસ્તાન પર એટલુ દેવુ હવે છે કે, આખો દેશ વેચી દેવામાં આવે તો પણ દેવાની રકમ ભરપાઈ થઈ શકે તેમ નથી. ઈમરાનખાન સરકારે ફેબ્રુઆરી ૨૦૧૯માં દેવુ ઘટાડીને ૨૦ લાખ કરોડ કરવા માટે જાહેરાત કરી હતી પણ ઉલટાનુ દેવાની રકમમાં વધારો થઈ રહ્યો છે.

# દક્ષિણ આફ્રિકાની પંડિત લુસીએ વિષ્ણુ ભગવાન પર પુસ્તક લખ્યું

**કેપટાઉન**

દક્ષિણ આફ્રિકાની પંડિત લુસી સિગબાને હિન્દુઓના આરાધ્ય ભગવાન વિષ્ણુ પર એક પુસ્તક લખ્યું છે. જેને લોકો ખુબ પસંદ કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે આ પુસ્તક માત્ર હિન્દુઓમાં જ નહીં પરંતુ અન્ય ધાર્મિક સમુદાયના લોકોમાં પણ લોકપ્રિયબન્યું છે. આ પુસ્તકમાં ભગવાન વિષ્ણુના ૧૦૦૦ નામનો અંગ્રેજીમાં અનુવાદ કરાયો છે. જેથી કરીને દક્ષિણ આફ્રિકાના લોકો અને ખાસ કરીને એવા હિન્દુ યુવાઓ માટે સુલભ બનાવી શકાય જે હિન્દી કે સંસ્કૃત વાંચી શકતા નથી.

પંડિત લુસી સિગબાને પોતાના જીવનની એક ઘટનાથી પ્રેરિત થઈને 'વિષ્ણુ ૧૦૦૦ નેમ્સ' નામનું પુસ્તક લખ્યું છે. તેમણે 'વિષ્ણુ સહસ્ત્રનામ'નો સાત વર્ષ સુધી અભ્યાસ કર્યો અને પછી બીજા સાથે પોતાના વિચારો શેર કરવાનો નિર્ણય લીધો. સિગબાને ન્યૂઝ એજન્સી પીટીઆઈ સાથે વાત કરતા કહ્યું કે ૨૦૦૫માં મારી સ્થિતિ ખુબ ખરાબ હતી. તે સમયે હું એક વર્ષથી વધુ સમય સુધી નોકરી વગર હતી અને મારી કાર બેંકે પાછી લઈ લીધી હતી. મારા પુત્ર નિતાઈ અને ગૌરા નાના હતા અને આ સમય ખુબ જ કપરો હતો. તેમણે કહ્યું કે જેમ બુદ્ધિશાળી લોકોએ કહ્યું છે કે- કપરા સમયમાં ઉપરવાળા પર વિશ્વાસ રાખવો જોઈએ.

# ફ્રાન્સથી બ્રિટન જતાં ૩૧ શરણાર્થીનાં હોડી પલટી જતાં મોત, 3નો બચાવ

## હોડીમાં 34 લોકો સવાર હતાઃ ઘટનાની જાણ થતાં બોરિસ જોન્સને દુઃખ વ્યક્ત કર્યું

**પેરિસ**

ફ્રાન્સથી બ્રિટન જતાં ૩૪ શરણાર્થીઓની હોડી પલટી ગઈ હતી. એ દુર્ઘટનામાં ૩૧ શરણાર્થીઓનાં મોત થયા હતા. હોડીમાં કુલ ૩૪ શરણાર્થીઓ સવાર હતા. આ શરણાર્થીઓ ફ્રાન્સમાંથી ઈંગ્લિશ ચેનલના માધ્યમથી બ્રિટન પહોંચવા માગતા હતા. એ વચ્ચે જ દુર્ઘટના બની હતી.

ફ્રાન્સથી બ્રિટન જવાની કોશિશ કરી રહેલાં શરણાર્થીઓની બોટ પલટી ગઈ હતી. એમાં ડૂબી જવાથી ૩૧નાં મોત થયા હતા. કુલ ૩૪ શરણાર્થીઓ બોટમાં સવાર હતા એવો દાવો અહેવાલોમાં થયો હતો. ત્રણને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ ઘટના કેલેસ પોર્ટ નજીક બની હતી.

આ ઘટના અંગે બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સને દુઃખ વ્યક્ત કર્યું હતું. ઈમરજન્સી બેઠક બોલાવીને બ્રિટિશ વડાપ્રધાને આ બાબતે ચર્ચા કરી હતી. વડાપ્રધાને ટ્વિટ કરીને કહ્યું હતુંઃ મને આ ઘટનાથી આશ્ચર્ય અને ભારે દુઃખ થયું છે. મૃતકોના પરિવારને સાંત્વના પાઠવું છું. પછી તેમણે ફ્રાન્સનું નામ લીધા વગર ઉમેર્યું હતુંઃ હવે સમય આવી ગયો છે કે ઈંગ્લિશ ચેનલમાંથી આવવાની કોશિશ કરતા લોકોને રોકી લેવામાં આવે. એ માટે સાથે મળીને કામ કરવું જોઈએ. આવા આત્મઘાતી પગલાંથી અસંખ્ય લોકોનો જીવ જાય છે. ઘટનાના જે સાક્ષી હતા એ માછીમારોએ કહ્યું હતું કે સમુદ્ર શાંત હતો તેનો ફાયદો ઉઠાવવા માટે બોટમાં ક્ષમતા કરતાં વધુ લોકોને ભરવામાં આવ્યા હતા. તેના કારણે આ દુર્ઘટના બની હતી.

# યુએસમાં એમેઝોન અને ઈટાલીમાં એપલને 1,800 કરોડથી વધારે રકમનો દંડ ફટકારાયો

## બિનસ્પર્ધાત્મક રીતરસમ બદલ દંડ : સ્પેનમાં પણ એમેઝોનની સામે ચાલી રહેલી તપાસ

**નવી દિલ્હી**

અમેરિકાની ટેક કંપની એમેઝોન અને એપલને ઈટલીએ 23 કરોડથી વધારે ડોલરનો એટલે કે 1,800 કરોડ રુપિયાનો દંડ ફટકાર્યો છે. બિનસ્પર્ધાત્મક રીતરસમ અપનાવવા બદલ તેને આ દંડ ફટકારવામાં આવ્યો છે. એપલ અને બીટ્સ પ્રોડક્ટસના સેલમાં બિનસ્પર્ધાત્મક કાર્યપ્રણાલિ અપનાવવા બદલ બંને કંપનીઓને આ દંડ ફટકારવામાં આવ્યો છે. બીટ્સ ઓડિયો પ્રોડક્ટ્સ બનાવે છે. કંપનીઓ વચ્ચે થયેલી સમજૂતી મુજબ એપલ અને બીટ્સના પ્રોડક્ટ્સ ફક્ત પસંદગીના રિસેલર જ એમેઝોનની ઈટાલિયન સાઈટ પર વેચી શકતા હતા. કોમ્પિટિશન વોચડોગે જણાવ્યું હતું કે આ સ્પષ્ટપણે યુરોપીયન યુનિયનના નિયમોનો ભંગ છે.

ઓથોરિટીએ એમેઝોનને 6.87 કરોડ ડોલર અને એપલને 13.4 કરોડ ડોલરનો દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત એપલ અને બીટ્સ પ્રોડક્ટ્સ પર એમેઝોન ડોટ ઈટ પર રિસેલરોપર લાદવામાં આવેલા પ્રતિબંધે દૂર કરવા પણ કહેવાયું છે.

જો કે એપલે કશું પણ ખોટું કર્યું હોવાનો ઈન્કાર કરતાં અંતિમ અપીલ કરવાનું આયોજન કરી રહ્યું હોવાનું જણાવ્યુ હતુ. એપલે જણાવ્યું હતું કે તે સુનિશ્ચિત કરે છે કે કસ્ટમરને ખરીદી કરવા બદલ ઓરિજિનલ પ્રોડક્ટ્સ મળે. આ માટે તેઓ સતત રિસેલર પાર્ટનર સાથે કામ કરે છે. તેમની પાસે તેના માટે ખાસ ટીમ છે.

# યુએસની નાસાએ પહેલીવાર દેખાડી મંગળ ગ્રહ પરની સૂર્યાસ્તની તસવીર



લાંબા સમયથી મંગળ પર જીવનની શોધ કરી રહેલા નાસાના વૈજ્ઞાનિકોએ ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શેર કરી છે. સફેદ ખરબચડા વાદળો, પહાડો જેવા દેખાતા પથ્થરો વચ્ચે ડૂબતા સૂર્યની તસવીર જોઈને અનુમાન લગાવવું પણ મુશ્કેલ છે કે આ પૃથ્વીની નહીં પણ મંગળ ગ્રહની તસવીર છે. આ તસવીર શેર કરતાં નાસાએ કેપ્શનમાં લખ્યું છે કે, લાલ ગ્રહ પર વાદળી સૂર્યાસ્ત. અમારા પર્સિવરેન્સ માર્સ રોવરે તેનો સૌપ્રથમ સૂર્યાસ્તનો ફોટો લીધો છે.

# યુએસમાં 4 યુવતીઓ પર દુષ્કર્મ છતાં પણ આરોપીને જેલની સજા નહીં

**વોશિંગ્ટન**

ચાર કિશોરીઓ પર બળાત્કાર અને તેના જાતીય શોષણ માટે ગુનેગાર ઠેરવાયેલા ન્યૂયોર્કના એક ગુનેગારને જેલની સજા ન થઈ. 20 વર્ષના ક્રિસ્ટોફર બેલ્ટરે 2017 અને 2018માં લેવિંસ્ટનમાં પોતાના ઘરમાં ચાર કિશોરીઓ પર બળાત્કાર કર્યો હતો અને તેનું જાતીય શોષણ કર્યુ હતું. છતાં તેને આઠ વર્ષ સુધી પ્રોબેશનમાં જ રહેવાની સજા મળી છે. આ દરમિયાન મર્ફીએ જણાવ્યું હતું કે હું એકદમ દર્દથી તડપી રહ્યો હતો, મને તેમ કહેતા શરમ નથી આવતી કે મેં વાસ્તવમાં પ્રાર્થના કરી હતી કે આ મામલામાં યોગ્ય સજા શું છે, કેમકે બહુ તકલીફ હતી, બહુ નુકસાન થયું, આ મામલામાં કેટલાય ગુના કરવામાં આવ્યા.

# આર્કટિક સમુદ્ર બરફ થઈ જતાં 24 જહાજો ફસાઈ ગયા, અનેક રૂટ બંધ

**મોસ્કો**

રશિયા પાસે આર્કટિક સમુદ્રમાં અનુમાન પહેલા જ આકરી ઠંડીના કારણે પાણી બરફ બનવા માંડયુ છે અને તેના પગલે ૨૪ જહાજો તેમાં ફસાઈ ગયા છે. બરફ જામવાના કારણે નોર્ધન સી રુટ બંધ થઈ ગયો છે.જહાજોને કાઢવા માટે હવે રશિયા બરફ કાપનારા બીજા જહાજોને મોકલી રહ્યુ છે. નોર્ધન સી રુટ શરુ કરવા માટે રશિયાએ ખાસો એવો ખર્ચ કર્યો છે પણ બરફ જામવા માંડતા રશિયાની તૈયારીઓ પર પાણી ફરી વળ્યુ છે.આ પહેલા રશિયાએ જાહેર કર્યુ હતુ કે, નવેમ્બર સુધી આ રુટ ખુલ્લો રહેશે. કારણકે અગાઉના વર્ષોમાં અહીંયા બરફ જામવાનુ મોડુ શરુ થયુ હતુ.જોકે આ વખતે ઓક્ટોબર મહિનાથી જ બરફ જામવા માંડયો છે. નોર્ધન સી રુટ થકી રશિયા યુરોપ અને એશિયા સુધી પહોંચવાનુ સપનુ જોઈ રહ્યુ છે.આર્કટિક સમુદ્રમાં અત્યારે ૧૧ ઈંચ મોટી બરફની ચાદર જામી ગઈ છે અને હવે તેને તોડવા માટે રશિયા પરમાણુ શક્તિથી ચાલતા બે જહાજોને મોકલી રહ્યુ છે.જે આ બરફને તોડીને ફસાયેલા જહાજો માટે રસ્તો તૈયાર કરશે.

# સ્વીડનના વડાંપ્રધાનનું ચૂંટાયાના ગણતરીના કલાકોમાં રાજીનામું

**લંડન**


સ્વીડનની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીના નેતા મેગ્ડેલના એન્ડરસનને સંસદ દ્વારા પહેલા મહિલા પીએમ તરીકે ચૂંટવામાં આવ્યા હતા પણ એ પછી તરત જ અન્ય એક ગ્રીન પાર્ટીએ પોતાનો ટેકો પાછો ખેંચતા મેગ્ડેલના એન્ડરસનને પીએમ તરીકે રાજીનામુ આપવુ પડયુ છે. સ્વીડનની ૩૪૯ બેઠકોવાળી સંસદમાં પીએમ બનવા માટે મેગ્ડેલના એન્ડરસનને ૧૧૭ સાંસદોનુ સમર્થન હતુ પણ તેની સામે ૧૭૪ તેમના વિરોધમાં હતા. આ પૈકી ૫૭ સાંસદ હાજર નહોતા. જોકે ગઠબંધનના કારણે તેઓ પીએમ તો બની શકયા હતા પણ ગણતરીના કલાકો બાદ તેમણે રાજીનામુ આપી દીધુ હતુ.

# જીએસએસએમનો દિવાળી કાર્યક્રમ

**મિસીસાગા**

ગત 20મી નવે.એ ગુજરાતી સિનીયર્સ સમાજનો દિવાળી કાર્યક્રમ યોજાયો હતો. શનિવારે સવારે 10થી બપોરે 3 વાગ્યા સુધી Sagan Banquet Hall, 7180 Edwonds Blved. Missisauga ખાતે ધામધૂમથી ઉજવાયેલા આ કાર્યક્રમમાં પીલ રીઝનનાં નિયમ મુજબ બે શૉટ વેક્સિન લેનાર સભ્યો સહિત તમામ સભ્યો માક્સ પહેરીને આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ કલાબેન પટેલ, ઉપપ્રપમુખ પ્રવિણભાઈ મહેતા તથા EC સભ્ય કનુભાઈએ સૌને આવકાર આપ્યો હતો. સભ્યોનાં રજીસ્ટ્રેશન માટે રમણિકભાઈ શાહ, મુકેશભાઈ ગજેરિયા તથા નાના કનુભાઈ પટેલને જવાબદારી સોંપાઈ હતી.

ટ્રેઝરર જયેશભાઈ મહેતા, વાર્ષિક ફી માટે બેલાબેન તથા ચંપાબેન તથા મધુરીબેને રિસિપી બુક વેચાણની જવાબદારી સંભાળી હતી. પ્રેમિલાબેન મજીઠિયાએ હાજર સૌનું સ્વાગત કરતાં ચા-કોફી, નાસ્તો, ફાફડા, જલેબી, ખમણ, ઢોકળા ચટણી લેવાનો આગ્રહ ધરાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ કલાબેને સ્ટેજ પર



સર્વેનું સ્વાગત તથા સર્વે વોલેન્ટિયરોનો આભાર વ્યક્ત કર્યો હતો. હરિભાઈ દેસાઈએ શરૂઆતમાં સંસ્થામાં ટ્રેઝરરનું પદ વર્ષો સુધી સંભાળ્યું હતું. કલાબેને તેમને શાલ ઓઢાડી તેમનું બહુમાન કર્યું હતું. જ્યારે GSSMનાં સિનિયર્સ સભ્યોને કાર્યક્રમ બાદ પ્રેમથી ભોજન પીરસવાનું તથા જમવાનું બનાવનાર કૈલાસબેનનનું સન્માન કરાયુ હતુ. બાદમાં મનોરંજન કાર્યક્રમ તૈયાર કરનાર પ્રવિણભાઈ મેહતા, મહેન્દ્રભાઈ ગોઠિયાના જૂનાં કાર્યક્રમ સ્લાઈડ પર રજૂ કરી ભૂતકાળની યાદો તાજી કરાઈ હતી. બેથી ત્રણ વાગ્યા સુધી રાસ તથા ગરબા રમવાનો આનંદ સૌ સભ્યોએ માણ્યો હતો.

# હિન્દુજા પરિવારમાં વધતી કડવાશ બિઝનેસ સામ્રાજ્ય સંકટમાં આવ્યું

**લંડન**

અત્યાર સુધી 1,800 કરોડ ડોલરનું સામ્રાજ્ય ધરાવતા હિન્દુજા પરિવારના ચારેય ભાઈઓમાં અખંડ એકતા દેખાતી હતી, હવે તેમાં તિરાડ પડી રહી હોવાના એંધાણ જોવા મળી રહ્યા છે. 85 વર્ષના શ્રીચંદ હિન્દુજા યાદશક્તિ ગુમાવી રહ્યા છે અને કરમ, તેની બહેન, માતા, ફોઈ અને દાદી ભેગા મળીને બાકીના પરિવાર સામે પોતાનો ભાગ મેળવવા કાનૂની શિંગડાં ભેરવી રહ્યા છે. આ લોકોની માગણી એવી છે કે જે અકલ્પનીય માનવામાં આવતું હતું. આ લોકો કુલ મિલકતના રીતસર ભાગ પાડવાની માગણી કરી રહ્યા છે.

હિન્દુજા પરિવારના બાકીના ત્રણ ભાઈ ગોપીચંદ, પ્રકાશ અને અશોક દલીલ કરે છે કે પરિવારના જૂના સિદ્ધાંતને તોડી શકાય નહીં. જૂનો સિદ્ધાંત કહે છે કે, પરિવારમાં દરેક વસ્તુ બધાની માલિકીની છે, કોઈપણ વસ્તુ કોઈ એકની માલિકીની નથી.

ભારતમાં તેના છ બિઝનેસ સહિત કુલ 36 દેશોમાં પથરાયેલી આ જૂથની કંપનીઓમાં કુલ 1,50,000 કર્મચારીઓ કામ કરે છે. તેઓ ટ્રક બનાવવાથી બેન્કિંગ, રસાયણ, ઊર્જા, મીડિયા અને આરોગ્યના ક્ષેત્રોમાં બિઝનેસ કરી રહ્યા છે. આ બધા કર્મચારીઓનું ભાવિ પણ ડામાડોળ છે.

# વ્હાઇટ્સ નેશનલિસ્ટ્સને હિંસા બદલ 2.6 કરોડ ડોલર દંડ ચૂકવવા આદેશ

**સાર્લોટ્સવિલ**

અમેરિકામાં વ્હાઈટ રાષ્ટ્રવાદી નેતાઓને ૨૦૧૭માં સાર્લોટ્સવિલમાં કાઢવામાં આવેલી યુનાઈટ્સ રાઈટ્સ રેલી એટલે કે જમણેરીઓને એક છત્ર નીચે લાવવા માટેની રેલી કાઢવી ભારે પડી ગઈ છે. આ રેલી પછી થયેલા તોફાનોના પગલે કોર્ટે ૧૭ વ્હાઈટ રાષ્ટ્રવાદી નેતાઓ અને સંગઠનોને ૨.૬ કરોડ ડોલરથી વધારે રકમ નુકસાન પેટે ચૂકવવા લગભગ મહિના સુધી ચાલેલા સિવિલ ટ્રાયલ પછી સાર્લોટ્સવિલ યુ.એસ. ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં બે ચાવીરૂપ દાવા અંગે મડાગાંઠ સર્જાઈ છે, પણ તેઓનું તારણ છે કે વ્હાઈટ રાષ્ટ્રવાદીઓ આ હિંસાના લીધે શારીરિક અને લાગણીજન્ય રીતે ઈજા પામેલા નવ લોકોએ દાખલ કરેલી લો સુટમાં બીજા ચાર દાવા માટે જવાબદાર છે.

એટર્ની રોબર્ટ કપલાને જણાવ્યું છે કે ફરિયાદીના વકીલ સ્યુટ રિફાઈલ કરવાનું આયોજન ધરાવે છે. નવી જ્યુરી મડાગાંઠ અંગે નિર્ણય લેશે. તેણે જણાવ્યું હતું કે બીજી કોર્ટો દ્વારા નુકસાન વળતર માટે અપાયેલી રકમ આંખ ઉઘાડી નાખનારી છે. તેના લીધે દેખાવકારોને પણ સંદેશો જશે, એમ કપલાને જણાવ્યું હતું.

# લોકશાહી માટેના દેશોના સંમેલનમાં મોદીને આમંત્રણ

**ન્યૂયોર્ક**

અમેરિકાના રાષ્ટ્પતિ બાઈડેને 9 અને 10મી ડિસેમ્બરે યોજાનારા લોકશાહી પરના સંમેલનમાં લગભગ 110 દેશોને આમંત્રણ આપ્યું છે. આ સંમેલનમાં પશ્ચિમી દેશો ઉપરાંત ઈરાક, ભારત અને પાકિસ્તાન જેવા દેશોને પણ આમંત્રણ આપ્યું છે. જો કે આ યાદીમાં ચીન અને રશિયાનું તથા સાઉદી અરેબિયા નથી. તેમા પણ ભારતને બાઈડેને ખાસ મહત્ત્વ આપ્યું છે. અમેરિકાએ તાઈવાનને બોલાવતા ચીન લાલઘૂમ થઈ ગયું છે.

# એપલ અને ફેસબુકે ઇઝરાયેલના કુખ્યાત NSO જૂથ સામે કેસ કર્યો


## આઇફોનના યુઝરો પર પીગેસસનો ઉપયોગ કરાયાનો દાવો


**વોશિંગ્ટન**

ટેક જાયન્ટ એપલે આઈફોન જેવી પ્રોડક્ટ્સલું સલામતી કવચ તોડતા અટકાવવા માટે વિશ્વના કુખ્યાત હેકરો ધરાવતી કંપની ઈઝરાયેલના એનએસઓ જૂથ પર કેસ કર્યો છે. એપલે કેલિફોર્નિયામાં ફેડરલ કોર્ટમાં દાખલ કરેલી તેની ફરિયાદમાં જણાવ્યું હતું કે એનએસઓ જૂથના કર્મચારીઓ 21મી સદીના ગુંડાઓ છે, જેમણે અત્યંત સંવેદનશીલ સાઈબર સર્વેલન્સ મશીનરી વિકસાવી છે જેનો દૈનિક ધોરણે દૂરુપયોગ કરી શકાય છે. એપલે જણાવ્યું હતું કે એનએસઓ જૂથનું સ્પાયવેર પીગેસસનો ઉપયોગ સમગ્ર વિશ્વમાં એપલના ગ્રાહકો પર નાના પાયા પર ત્રાટકવા કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલ સરકાર એનએસઓ જૂથ અત્યંત સંવેદનશીલ સર્વેલનન્સ ટેકનોલોજીઓ પાછળ કરોડો ડોલર ખર્ચે છે આ સ્થિતિ બદલાવવી જોઈએ, એમ એપલના સોફ્ટવેર એન્જિનિયરિંગના સિનિયર વાસિ પ્રેસિડેન્ટ ક્રેગ ફેડેરિગીએ જણાવ્યું હતું.




CLUB CERAMIC







Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
**$4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com